બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃاللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃاللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**એપ્રિલ-૨૦૨૪**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મઅઝ્ઝમ

હિજરી સન : ૧૪૪૫

વર્ષ : ૨૧, અંક : ૦૪, સળંગ અંક : ૨૪૩

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયુઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR



**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | દેશ તથા દુનિયાના બદલતા હાલાત અને મુસલમાન | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 08 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 12 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 14 |
| 05 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 17 |
| 06 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 20 |
| 07 | તઝકેરતુલ અવલિયા : હઝરત ફતહ મૂસલી رحمۃاللہ علیہ તથા હઝરત અહમદ હવ્વારી رحمۃاللہ علیہ | 24 |
| 08 | "શફાઅત" કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 26 |
| 09 | *(બીજી સદીના મુજદ્દિદ-૨)* હઝરત અશહબ બિન અબ્દુલ અઝીઝ બિન દાઊદ કૈસી માલિકી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه | 28 |
| 10 | ઈમામતનુ પદ તથા ઈમામની પદવી | 32 |
| 11 | 'તકાષુર'ની ભયાનકતાઓ અને આપણો સમાજ | 41 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## હય કલામે ઈલાહી મેં....

**અઝ : હુઝૂર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃاللہ علیہ

હય કલામે ઈલાહી મેં શમ્સુદ-દુહા, તેરે ચેહરએ નૂરે ફિઝા કી ક઼સમ
ક઼સમેં શબે તાર મેં રાઝ યે થા, કે હબીબ કી ઝુલ્ફે દોતા કી ક઼સમ
તેરે ખુલ્ક઼ કો હક઼્ને અઝીમ કહા, તેરી ખલ્ક઼ કો હક઼્ને જમીલ કિયા
કોઈ તુઝ સા હુવા હય ન હોગા શહા, તેરે ખાલિક઼ે હુસ્નો અદા કી ક઼સમ
વો ખુદાને હય મર્તબા તુઝ કો દિયા, ન કિસી કો મિલે, ન કિસી કો મિલા
કે કલામે મજીદને ખાઈ શહા, તેરે શહેરો કલામો બક઼ા કી ક઼સમ
તેરા મસ્નદે નાઝ હય અર્શે બરીં, તેરા મહરમે રાઝ હય રૂહી અમીં
તૂં હી સરવરે દો જહાં હય શહા, તેરા મિષ્લ નહીં હય ખુદા કી ક઼સમ
યહી અર્ઝ હય ખાલિક઼ે અર્દો-સમા, વો રસૂલ હંય તેરે, મેં બંદા તેરા
મુઝકો ઉનકે જવાર મેં દે વો જગહ, કે હંય ખુલ્દ કો જિસકી સફા કી ક઼સમ
તૂં હી બંદો પે કરતા હય લુત્ફો અતા, હય તુઝી પે ભરોસા, તુઝી સે દુઆ
મુઝે જલ્વએ પાકે રસૂલ દિખા, તુઝે અપને હી ઈઝ્ઝો ઉલા કી ક઼સમ
મેરે ગર ચે ગુનાહ હંય હદ સે સિવા, મગર ઉનસે ઉમ્મીદ હય તુઝ સે રજા
તૂ રહીમ હય ઉનકા કરમ હય ગવાહ, વો કરીમ હંય તેરી અતા કી ક઼સમ
યે કહતી હય બુલબુલે બાગે જિનાં, કે 'રઝા' કી તરહ કોઈ સહર બયાં
નહીં હિંદમેં વાસિફે શાહે-હુદા, મુઝે શોખીએ તબ એ 'રઝા' કી ક઼સમ

# દેશ તથા દુનિયાના બદલતા હાલાત અને મુસલમાન

તંત્રી લેખ

આજે લગભગ જગતભરમાં મુસલમાનોની હાલત સાધારણ તથા અનુકૂળ નથી જણાતી. સો વરસો પહેલાંથી અંગ્રેજોની કોશિશો રહી કે મુસ્લિમોની એકતાને તોડી પાડે અને જગતભરમાં પોતે છવાય જાય. અને એના માટે જાસૂસી થકી મુસ્લિમ દેશમાં ખાસ કરીને અરબસ્તાનમાં જે ઉસ્માની તુર્કી સુન્ની હુકૂમત હતી તેને તોડી પાડી પોતાની ગુલામ વહાબી હુકૂમત સ્થાપ્વામાં તેઓ સફળ થયા. એક તરફ વહાબી નજદી સઉદી હુકૂમતનો પાયો અરબસ્તાનમાં નંખાયો તો બીજી તરફ પેલેસ્ટાઈનમાં યહૂદીઓનો વસવાટ સૈન્ય બળથી શક્ય બન્યો. અરબસ્તાન પર ૬૦૦ વરસોથી તુર્કી સુન્ની ઉષ્માની હુકૂમત હતી તેને બદલે અરબસ્તાનના રાજના અનેક ભાગલા પડી ગયા અને અનેક રાજાઓ રાજ કરતા થઈ ગયા અને મુસ્લિમ એકતાનો ખાત્મો થઈ ગયો. અલ્લાહના ખૌફથી મહબ્બતે રસૂલમાં રહીને રાજ કરનારા ઉષ્માની ખલીફાઓ જતા રહ્યા અને દુનિયાના લાલચુ અને દીન ઈમાનના બાગી, નબી ﷺના ગુસ્તાખ રાજાઓના હાથોમાં સત્તા આવી ગઈ. છતાં અન્ય દેશોમાં ઘણે ઠેકાણે દીનના ઉલમાએ દીન ઈમાનની હિફાઝતમાં કમર કસી અને આજે તેમની જ કોશિશોના ફળ રૂપે અસલ સ્વરૂપમાં ઈસ્લામ તથા સુન્નિયત જગતમાં ઝિંદા તથા સલામત છે. પાછલા વર્ષોમાં બ્રિટન તથા અમેરિકા તથા તેમના સાથી દેશોએ સંગઠિત થઈને અફઘાનિસ્તાન, ઈરાક, લીબિયા, સીરીયા વગેરે દેશોમાં ક્રમે ક્રમે તબાહી મચાવી મુસલમાનોનું જે નુકસાન કર્યું છે તેની ભરપાઈ થતાં કદાચ કયામત આવી જશે ! અને બ્રિટન તથા અમેરિકાની નાજાઈઝ ઔલાદ એવું ઈઝરાઈલ જેણે પેલેસ્ટાઈનની ભૂમિ પર નાજાઈઝ કબજો કરીને ત્યાંના મુસ્લિમોનું જીવન અજીર્ણ કરી આપ્યું છે.

## ગાઝા પર ઈઝરાઈલના જુલ્મો પર દુનિયા ચુપ છે !

માનવ અધિકારની વાતો કરનારા, તેના માટે હંગામો મચાવનારા યૂરોપ અમેરિકાના રાજકર્તાઓનું પક્ષપાતી વલણ જુઓ કે પેલેસ્ટાઈનના ગાઝામાં આજે સાત મહીનાઓથી ઈઝરાઈલ કાળો કેર વર્તાવી રહ્યું છે. ૩૦–૪૦ હજારથી વધુ મુસલમાનોને ઈઝરાઈલી ફૌજો મોતને ઘાટ ઉતારી ચૂકી છે. દરરોજ ગાઝાના બાળકો, વૃદ્ધો, નવજવાનો, સ્ત્રી પુરૂષો ઈઝરાઈલી તોપો, બોમ્બ વર્ષા તથા ગોળીઓના શિકાર બની રહ્યા છે. સ્કૂલો, હોસ્પિટલો, શરણ સ્થાનો, કેમ્પો, મસ્જિદો, મદ્રસાઓ અને જંગલોમાં શરણ લેનારાઓને પણ ઈઝરાઈલી ફોજો બખ્શી નથી રહી. ચો તરફ લાશોના અંબાર, દરેક જગાએ ઝખ્મોની આહો પુકાર અને દરેક બાજુ તબાહી તથા બર્બાદીના ગહરા નિશાનો જોવા મળે છે. સતત સાત મહીનાઓમાં આખુ ગાઝા ખંડેરોમાં તબદીલ થઈ ચૂક્યું છે, મોટી મોટી ઈમારતો જમીનબોસ જોવા મળે છે, વસ્તીની વસ્તીઓ ઉજડી ગઈ છે. ચો તરફ જાલિમ ઈઝરાઈલી ફોજોની ટેન્ક તથા ફોજી ગાડીઓ બેધડકપણે ફરી રહી છે, દરરોજ સેંકડો બાળકો, યુવાનો, સ્ત્રીઓને મૌતને ઘાટ ઉતારે છે તો સેંકડો ઘાયલ થાય છે. આટલો સખત જુલ્મ છતાં દુનિયાના સર્વ દેશો ચૂપ છે !! માનવ અધિકારના ઠેકેદારો આંખ આડા કાન કરી રહ્યા છે, ન્યાય અને ઈન્સાફની વાતો

www.barkatekhwaja.net

કરનારાઓ મોઢુ સીવીને બેઠેલા છે એટલુ જ નહીં પણ કહેવાતા ૫૭ મુસ્લિમ દેશોના રાજકર્તાઓ પણ આજે મુંગા બનીને બેઠેલા જોવા મળે છે. અલ્લાહના ડરને બદલે તેમને અમેરિકાનો ડર સતાવી રહ્યો છે કે ઈઝરાઈલ વિરુદ્ધ કાર્યવાહી કરીશું તો અમેરિકા તેમની રાજસત્તા ઉઠલાવી નાખશે ! આવા ગમનાક, દર્દનાક માહોલમાં પણ ગાઝાવાસીઓ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં સજદામાં પડીને દુઆઓ કરી રહ્યા છે, કુર્આનની આયતો પઢી રહ્યા છે, ભૂખમરાની ભયાનક સ્થિતિઓમાં તેઓ સબ્રથી પોતાના દીન પર મજબૂતીથી કાયમ છે, ન કોઈ શિકવા શિકાયત કરી રહ્યા છે ન કોઈ નાશુક્રીના શબ્દો જીભ પર જોવા મળે છે. આ તેમના ઈમાનની પુખ્તગીની આશ્ચર્યજનક હાલત જોવા મળી રહી છે.

## માદરે વતનના પરેશાન કરનારા હાલાત અને આપણો રવૈયો

હિંદુસ્તાનની ગંગા જમની સંસ્કૃતિ ને આપસમાં એકતાથી રહેતી હિંદની વિવિધ કોમોને વિખવાદમાં ધકેલવા માટે અંગ્રેજોએ જતાં જતાં ૪૦૦ વરસ જૂની અયોધ્યાની બાબરી મસ્જિદમાં "રાતો રાત" મૂર્તિ મૂકાવીને બે કોમો વચ્ચે વિવાદનો પાયો નાખ્યો હતો તેના ફળ સ્વરૂપે કેટલાક હિંદુ સંગઠનોએ ૬–ડિસેમ્બર ઈ.સ. ૧૯૯૨માં "ધોળા દિવસે" ગેર કાયદેસર રીતે મસ્જિદને તોડી પાડી શહીદ કરી દીધી. જેનાથી દેશભરમાં જે તોફાનો થયાં તેનાં નુકસાનો દેશવાસીઓએ ભોગવ્યાં. અને હાલ સુધી મંદિર મસ્જિદ વિવાદની રાજનીતિ ચાલુ રહી અને એક સંપથી રહીને અંગ્રેજોને દેશથી ભગાડનાર દેશવાસીઓમાં જાતિ ધર્મની અદાવતનું ઝહેર ફેલાવી દેવામાં આવ્યું. સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પણ એ દર્શાવાયું છે કે બાબરી મસ્જિદ મંદિર તોડીને બનાવાઈ એવા કોઈ પુરાવા નથી, પણ આસ્થાના આધારે ચુકાદો આપી મસ્જિદ જ્યાં હતી એ જમીન પર રામ મંદિર બાંધવા પરમિશન આપી દેવામાં આવી, અને મંદિર બનાવી દેવામાં આવ્યું. આટલે જ વાત પૂરી નથી થતી હવે યેન કેન પ્રકારે અન્ય મસ્જિદો પણ ટાર્ગેટમાં છે. વળી ક્યાંક રાતોરાત સેંકડો વરસો પૂરાણી મસ્જિદો, દરગાહોને કોઈ કોર્ટના આદેશ વગર તોડી પાડવામાં આવી રહી છે. આવા સંજોગોમાં મુસલમાનોએ સંયમ જાળવવા સિવાય કોઈ માર્ગ બાકી રહેતો નથી ! આ ઉપરાંત અન્ય પણ ઘણી બાબતો મુસલમાનોને પરેશાનીમાં નાખે તેવી દિન પ્રતિ દિન થઈ રહી છે. છતાં મુસલમાનોની જીવનશૈલીમાં કોઈ ફરક પડી રહ્યો હોય એવું જણાતુ નથી. મુસલમાનોની બેફિકરી, બેપરવાહી જુઓ તો આશ્ચર્ય થશે કે આમનાં દિલોમાં દીન ઈમાનનું ઈસ્લામનું કોઈ સ્થાન કે મહત્વ છે ખરું ?! પોતાના ભવિષ્યની કોઈ ફિકર ચિંતા એમને છે ખરી ?! ઈસ્લામ અને શરીઅત વિરુદ્ધ, હરામ કામોમાં રચ્યા પચ્યા રહીને બેહયાઈભરી જિંદગી જીવવામાંથી જરાય પાછી પાની હજી મુસલમાનો નથી કરી રહ્યા. આ બધી દીન તથા કૌમ વિરુદ્ધ થતી ગતિવિધિઓથી જાણે બેખબર બેભાન જેમ લોકો પોતાનું જીવન જીવી રહ્યા છે ! ઈલ્લા માશા અલ્લાહ !

વળી આસ્થા પર જ જો ન્યાયનો આધાર હોય તો પછી આજે કેટલાક સમયથી વરસો પૂરાણી દરગાહો કે જેના પર સર્વ કોમો આસ્થા ધરાવે છે, મુસ્લિમ ગૈર મુસ્લિમ ત્યાં હાજરી આપી મુરાદો પામે છે, તેવા પવિત્ર સ્થાનોને કોર્ટ કચેરીની ન્યાયની પ્રક્રિયા પૂર્ણ કર્યા વિના રાતના અંધકારમાં તોડી નાખીને સવારમાં ત્યાં રોડ બની જાય છે ! શું સત્તાના મદમાં સર્વ વિવેકો, આસ્થાઓને ભૂલાવી દેવામાં આવી ! આ ખૂબ જ અફસોસની

www.barkatekhwaja.net

તથા દુ:ખની વાત છે. આ કેવો ન્યાય છે. કે અન્ય અનેક અવૈધ બાંધકામો ઠેર ઠેર જોવા મળે છે છતાં ટાર્ગેટ ફક્ત દરગાહો જ બની રહી છે ! યાદ રાખશો કે હકીકી હુકૂમત આ દુનિયાના સર્જનહાર રબ તઆલાની છે, તેણે આ દુનિયામાં આપણને આજમાઈશ માટે પેદા કરેલ છે, માલ, દૌલત, સત્તા, અખત્યારો આપી સૌની આજમાઈશ થઈ રહી છે. એ સર્જનહાર સૌનાથી હિસાબ લેશે ત્યારે તેના હમેશાંના અઝાબથી કોઈ બચાવી શકશે નહીં. હાલ જે થઈ રહ્યું છે તે રબ તરફથી ઢીલ આપવામાં આવી છે જેથી જેને જે કરવું હોય કરી લે પણ તેનો જ્યારે ન્યાય કયામતમાં થશે ત્યારે તેના સખત અઝાબથી કોઈ બચી શકશે નહીં.

## ઈમાનવાળાઓએ નિરાશાવાદી નહીં પણ સાબિર થવું જોઈએ

વર્તમાન સંજોગોમાં અનેક દરગાહોને તોડી પાડવાની જે કાર્યવાહી ચાલી છે તેનાથી કેટલાક દીન ઈમાન બાબતે અજ્ઞાનતા ધરાવનારા ભાઈઓ બુઝુર્ગાને દીન વિશે ગમે તેમ એલ ફેલ બોલતા જોવા મળી રહ્યા છે કે, કેમ કોઈ બુઝુર્ગ તેમની દરગાહ તૂટવા છતાં કરામત નથી દેખાડતા ?! આટલી બેઈજ્જતી તથા બેઅદબી ગૈરો કરી રહ્યા છે છતાં કેમ કોઈ પોતાનો કમાલ જાહેર નથી કરતા ?! તેવા લોકોએ જોઈએ કે આપણે કુર્આન હદીષ પર ઈમાનવાળા છીએ અને તેમાં અવલિયાઓની કરામતો બરહક્ક હોવું દર્શાવેલ છે, જેથી વલીઓ પરથી આપણુ ઈમાન ડગમગવું ન જોઈએ. આ બધામાં અલ્લાહની હિકમતો છે. ભલે કરામતો હાલ ન દેખાડે પણ જે ખરેખર વલીઓ છે તે છે જ, અને રબના મહબૂબ બંદાઓ છે, એના પર આપણે મજબૂતીથી ઈમાન રાખવું જોઈએ અને સબ્રથી કામ લેવું જોઈએ. બેઅદબી કરનારા ખાલી હાથ નહીં રહે, તેમને વહેલુ મોડુ તેનું ફળ મળશે જ.

જો તમારામાં આ જ વસવસો પેદા થતો હોય કે રબના મહબૂબ બંદા અને વલી હોત તો કરામત દેખાડત, પણ યાદ રાખશો અંગ્રેજોના જોરે હરમૈન શરીફૈન પર કાફિર મુર્તદ વહાબીઓની ઈ.સ. ૧૯૨૩ના ગાળામાં હુકૂમત થઈ ત્યાં આ નબી વલીના ગુસ્તાખોએ જન્નતુલ મા'લા અને જન્નતુલ બકીઅમાં અનેક સહાબા, તાબઈન તથા બુઝુર્ગોના મઝારો ઢાળી દીધાં હતાં, છતાં ત્યાં કરામત ન દેખાડવામાં આવી, તો શું સહાબાએ કિરામ પરથી તમારું ઈમાન ડગમગી જશે ? બલ્કે નબી પાક ﷺના રોઝા મુબારક સામે જ જન્નતુલ બકીઅમાં સહાબા, એહલે બયતના મઝારો તોડી પડાયાં છતાં જાલિમ વહાબીઓને કાંઈ કરામત નથી દેખાડવામાં આવી, તો શું ત્યારે મુસલમાનોએ ઈમાન ડગમગાવી દીધું હતું ?! નહીં આ બધી રબની હિકમતો છે. જાલિમોને દુનિયામાં ઢીલ મળે છે કે તેઓ પોતાની જહન્નમને ઓર ઊંડી કરી લે અને રબ આપણા ઈમાનની સાથોસાથ કસોટી કરી રહ્યો છે કે આવા સંજોગોમાં પણ આપણે ઈમાન પર અડગ રહીએ છીએ કે નહીં.

વળી ખુદ રબ તઆલા વિશે તમારું શું કહેવું છે કે જ્યારે વહાબીઓ થકી તેના મહબૂબ રસૂલ ﷺના મહબૂબ સહાબીઓનાં મઝારો તૂટયાં, એહલે બયત તેમજ અઝવાજે મુતહ્હરાત (નબી પાકની પાક બીવીઓ) તેમજ નબીપાક ﷺનાં વાલિદા હઝરત આમેના رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَનું પણ મઝાર તોડવામાં આવ્યું છતાં તે જાલિમ વહાબીઓને કાંઈ નથી થયું. બલ્કે મસ્જિદો તો ખુદાનાં ઘરો છે તેને તોડી પાડનારાઓને જે તે સમયે કાંઈ નથી થતું તો શું અલ્લાહને તમે મજબૂર કહેશો ? (મઆઝલ્લાહ !) સારાંશ કે આ બધી અલ્લાહની

હિકમતો છે અને આપણા ઈમાનની કસોટીઓ છે, આ અલ્લાહ તરફથી મુન્કિરોને ઢીલ છે, અને આખેરતનો અઝાબ તો હમેશાંનો છે તે નાફર્માનો માટે અતિ ભયાનક છે.

## શું આપણે કહેવાતા મુસલમાન આવું નથી કરી શકતા ?!

*કી મુહમ્મદ સે વફા તુને તો હમ તેરે હૈં*
*યહ જહાં ચીઝ હૈ કયા લોહો કૂલમ તેરે હૈં*

હે મુસલમાનો ! ભલે આવા પ્રતિકૂળ સંજોગોમાં તમે કાંઈ નથી કરી શકતા, પણ શું તમે ઈસ્લામના હુકમો પર, અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માનો પર, શરીઅતના હુકમો પર નથી ચાલી શકતા ?! શું કોઈ તમારી જાતને નમાઝ, રોઝા વગેરે ઈબાદતો તથા રસૂલે પાક ﷺની સુન્નતો પર અમલ કરવાથી, હરામકારીઓથી બચવા તથા હરામ કામોથી, બેહયાઈઓથી બચવા માટે અવરોધરૂપ છે ?! નથી !! તો પછી તમે પોતાનું નિરીક્ષણ કરો, તમારા ઘરનું નિરીક્ષણ કરો, તમારી સ્ત્રીઓ, ઔલાદ, તમારા પડોશી, તમારા મહોલ્લાનું તમારા સમાજનું નિરીક્ષણ કરો કે આપણે કહેવાતા મુસલમાન કેટલા ઈસ્લામ તથા શરીઅત પર ચાલીએ છીએ. આપણી હાલત ઉડેલા બલ્બ જેવી છે કે જે દેખાવમાં તો બલ્બ હોય છે પણ પ્રકાશ આપવા સમર્થ નથી, તેમ આપણે પણ નામના મુસલમાન રહી ગયા. ભલે કરોડોમાં છીએ પણ તેવા મુસલમાન નથી જેવા સહાબા તથા તાબઈનના સમયમાં સાચા પાકા મુસલમાન હતા. અને એટલે જ તેઓ દુનિયા તથા આખેરતમાં કામયાબ થયા અને આપણા ભૂંડા હાલ છે. જરૂરત છે સાચા પાકા મુસલમાન બનીએ. ન ઈમાનનાં ઠેકાણા છે ન અમલનાં ઠેકાણા છે, પછી રબ તઆલાથી શી ઉમ્મીદ આપણે રાખી શકીએ ?!

ડો. ઈકબાલે સાચુ કહ્યું છે :–

*કૂલ્બમેં સોઝ નહીં, રૂહમેં એહસાસ નહીં – કુછ ભી પયગામે મુહમ્મદ ﷺકા તુમ્હેં પાસ નહીં*
*વઝઅમેં તુમ હો નસારા તો તમદ્દુનમેં હુનૂદ – યહ મુસલમાં હૈ જિસે દેખકે શરમાએ યહૂદ*
*યૂં તો સૈયદ ભી હો મિર્ઝા ભી હો અફઘાન ભી હો – બતાઓ તો તુમ મુસલમાન ભી હો !*

રબ ફર્માવે છે : وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ''અને ન સુસ્તી કરો અને ન ગભરાવ, તમે જ ગાલિબ (કામયાબ) થશો જો ઈમાન ધરાવો છો. *(સૂ. આલે ઈમરાન, ૩/૧૩૯)*

આવો મુસલમાનો ! રબના આ ફર્માન પર વિચારણા કરીને સાચા પાકા મુસલમાન બનીએ તો હાલાત પણ બદલાય જશે. ઈન્શાઅલ્લાહ !

જરૂરત છે ઈશ્કે મુસ્તફા ﷺમાં ડૂબીને ઈબાદતો કરીએ, ગુનાહોની માફી રબથી તલબ કરીએ અને કુર્આન હદીષના આદેશોને શીખીએ સમજીએ અને તેના પર જ ચાલીએ તો બંને જહાનની કામયાબીઓ આપણા કદમો ચૂમી શકે છે. અલ્લાહ કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં આપણને સૌને નેક તૌફીકૃ બખ્શે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

www.barkatekhwaja.net



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન


:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ


## સૂરએ અનઆમની તફસીર

અને અમે તેમને ઈસ્હાક અને યાકૂબ આપ્યા. તે બધાને અમે માર્ગ દેખાડયો. અને એમનાથી આગળ નૂહને માર્ગ દેખાડયો. અને તેની ઔલાદમાંથી દાઊદ અને સુલેમાન અને ઐયૂબ અને યૂસુફ અને મૂસા અને હારૂનને. અને અમે નેક લોકોને આવો જ બદલો આપીએ છીએ (૮૪) અને ઝકરિયા અને યહ્યા અને ઈસા અને ઈલ્યાસને, આ બધા અમારી નજીકના લાયક છે. (૮૫) અને ઈસ્માઈલ અને યસઅ અને યૂનુસ અને લૂતને, અને અમે દરેકને તેના સમયમાં બધા પર શ્રેષ્ઠતા આપી[૨૬૨] (૮૬) અને અમુક તેમના બાપદાદા અને ઔલાદ અને ભાઈઓમાંથી અમુકને.[૨૬૩] અને અમે તેમને ચૂંટી લીધા અને સીધો માર્ગ દેખાડયો (૮૭) આ અલ્લાહની હિદાયત છે કે પોતાના બંદાઓમાંથી જેને ઈચ્છે તેને આપે. અને જો તેઓ શિર્ક કરત તો જરૂર તેમનું કરેલું નિષ્ફળ જાત (૮૮) આ છે જેમને અમે કિતાબ અને હુકમ અને નબુવ્વત આપી, તો અગર એ લોક[૨૬૪] એનાથી મુન્કિર હોય, તો અમે એના માટે એક એવી કોમ લગાડી રાખી છે જે નકારવાળી નથી[૨૬૫] (૮૯) આ છે જેમને અલ્લાહે હિદાયત આપી, તો તમે તેમના જ માર્ગે

**આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.**

وَ وَهَبْنَا لَهٗۤ اِسْحٰقَ وَ يَعْقُوْبَ ؕ كُلًّا هَدَيْنَا ۚ وَ نُوْحًا هَدَيْنَا مِنْ قَبْلُ
وَ مِنْ ذُرِّيَّتِهٖ دَاوٗدَ وَ سُلَيْمٰنَ وَ اَيُّوْبَ وَ يُوْسُفَ وَ مُوْسٰى وَ هٰرُوْنَ ؕ وَ
كَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿۸۴﴾ وَ زَكَرِيَّا وَ يَحْيٰى وَ عِيْسٰى وَ اِلْيَاسَ ؕ
كُلٌّ مِّنَ الصّٰلِحِيْنَ ﴿۸۵﴾ وَ اِسْمٰعِيْلَ وَ الْيَسَعَ وَ يُوْنُسَ وَ لُوْطًا ؕ وَ كُلًّا
فَضَّلْنَا عَلَى الْعٰلَمِيْنَ ﴿۸۶﴾ وَ مِنْ اٰبَآىِٕهِمْ وَ ذُرِّيّٰتِهِمْ وَ اِخْوَانِهِمْ ۚ وَ
اجْتَبَيْنٰهُمْ وَ هَدَيْنٰهُمْ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۸۷﴾ ذٰلِكَ هُدَى اللّٰهِ
يَهْدِىْ بِهٖ مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ ؕ وَ لَوْ اَشْرَكُوْا لَحَبِطَ عَنْهُمْ مَّا
كَانُوْا يَعْمَلُوْنَ ﴿۸۸﴾ اُولٰٓىِٕكَ الَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ وَ الْحُكْمَ وَ
النُّبُوَّةَ ۚ فَاِنْ يَّكْفُرْ بِهَا هٰۤؤُلَآءِ فَقَدْ وَ كَّلْنَا بِهَا قَوْمًا لَّيْسُوْا بِهَا
بِكٰفِرِيْنَ ﴿۸۹﴾ اُولٰٓىِٕكَ الَّذِيْنَ هَدَى اللّٰهُ فَبِهُدٰىهُمُ اقْتَدِهْ ؕ قُلْ لَّاۤ
اَسْـَٔلُكُمْ عَلَيْهِ اَجْرًا ؕ اِنْ هُوَ اِلَّا ذِكْرٰى لِلْعٰلَمِيْنَ ﴿۹۰﴾ وَ مَا قَدَرُوا
اللّٰهَ حَقَّ قَدْرِهٖۤ اِذْ قَالُوْا مَاۤ اَنْزَلَ اللّٰهُ عَلٰى بَشَرٍ مِّنْ شَیْءٍ ؕ قُلْ مَنْ
اَنْزَلَ الْكِتٰبَ الَّذِیْ جَآءَ بِهٖ مُوْسٰى نُوْرًا وَّ هُدًى لِّلنَّاسِ تَجْعَلُوْنَهٗ
قَرَاطِيْسَ تُبْدُوْنَهَا وَ تُخْفُوْنَ كَثِيْرًا ۚ وَ عُلِّمْتُمْ مَّا لَمْ تَعْلَمُوْۤا
اَنْتُمْ وَ لَاۤ اٰبَآؤُكُمْ ؕ قُلِ اللّٰهُ ۙ ثُمَّ ذَرْهُمْ فِیْ خَوْضِهِمْ يَلْعَبُوْنَ ﴿۹۱﴾ وَ
هٰذَا كِتٰبٌ اَنْزَلْنٰهُ مُبٰرَكٌ مُّصَدِّقُ الَّذِیْ بَيْنَ يَدَيْهِ وَ لِتُنْذِرَ اُمَّ
الْقُرٰى وَ مَنْ حَوْلَهَا ؕ وَ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ يُؤْمِنُوْنَ بِهٖ وَ
هُمْ عَلٰى صَلَاتِهِمْ يُحَافِظُوْنَ ﴿۹۲﴾ وَ مَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ
كَذِبًا اَوْ قَالَ اُوْحِیَ اِلَیَّ وَ لَمْ يُوْحَ اِلَيْهِ شَیْءٌ وَّ مَنْ قَالَ سَاُنْزِلُ
مِثْلَ مَاۤ اَنْزَلَ اللّٰهُ ؕ وَ لَوْ تَرٰۤى اِذِ الظّٰلِمُوْنَ فِیْ غَمَرٰتِ الْمَوْتِ وَ
الْمَلٰٓىِٕكَةُ بَاسِطُوْۤا اَيْدِيْهِمْ ۚ اَخْرِجُوْۤا اَنْفُسَكُمْ ؕ اَلْيَوْمَ تُجْزَوْنَ
عَذَابَ الْهُوْنِ بِمَا كُنْتُمْ تَقُوْلُوْنَ عَلَى اللّٰهِ غَيْرَ الْحَقِّ وَ كُنْتُمْ عَنْ
اٰيٰتِهٖ تَسْتَكْبِرُوْنَ ﴿۹۳﴾

ચાલો.[૨૬૬] તમે ફર્માવો, હું કુર્આન પર તમારી પાસે કોઈ વળતર નથી માગતો. તે તો નથી પણ શિખામણ આખા જહાનને[૨૬૭] (૯૦) અને યહૂદીઓએ અલ્લાહની કદર ન ઓળખી, જેવી જોઈતી હતી.[૨૬૮] જ્યારે બોલ્યા, નથી ઉતાર્યું અલ્લાહે કોઈ માણસ પર કાંઈ. તમે કહો, તે કિતાબ કોણે ઉતારી જે મૂસા લાવ્યા હતા. રોશની અને લોકો માટે હિદાયત, જેના તમે અલગ અલગ કાગળ બનાવી દીધા, જાહેર કરો છો,[૨૬૯] અને ઘણા સંતાડી લો છો,[૨૭૦] અને તમને તે શિખવાડવામાં આવે છે[૨૭૧] જે ન તમને ખબર હતી ન તમારા બાપદાદાઓને, અલ્લાહ કહો.[૨૭૨] પછી એમને એમના નિરર્થકપણામાં રમતા છોડી દો[૨૭૩] (૯૧) અને આ છે બરકતવાળી કિતાબ કે અમે ઉતારી,[૨૭૪] સત્યતા જાહેર કરતી તે કિતાબોની જે આગળ હતી. અને એટલા માટે કે તમે ડર સંભળાવો બધી આબાદીઓના સરદારને,[૨૭૫] અને (તેને) જે આખા જગતમાં એની આજુબાજુ છે. અને જેઓ આખેરત પર ઈમાન લાવે,[૨૭૬] (તેઓ) આ કિતાબ પર ઈમાન લાવે છે, અને પોતાની નમાઝોની જાળવણી રાખે છે (૯૨) અને તેનાથી વધીને જુલ્મી કોણ છે જે અલ્લાહ પર જૂઠ થોપે,[૨૭૭] અથવા કહે, મને વહી થઈ અને વહી ન થઈ.[૨૭૮] તેની કાંઈ, અને જે કહે, 'હમણા હું ઉતારું છું એવું જેવું અલ્લાહે ઉતાર્યુ[૨૭૯] અને કદી તમે જુઓ જે સમયે જાલિમો મોતની સખ્તીમાં હોય અને ફરિશ્તા હાથ લંબાવેલા હોય,[૨૮૦] કે કાઢો તમારો જીવ. આજ તમને અપમાનિત અઝાબ અપાશે. બદલો તેનો કે અલ્લાહ પર જૂઠ ઠોકતા હતા.[૨૮૧] અને તેમની આયતો સાથે ઘમંડ કરતા હતા. (૯૩)

## :: સમજૂતી ::

**૨૬૨ :** નબુવ્વત અને રિસાલત આપીને.

**મસ્અલો :** નબી ફરિશ્તાઓથી શ્રેષ્ઠ હોવા બાબત આ આયતને આધાર બનાવી શકાય છે કારણ કે 'આલમ (જગત, દુનિયા)માં અલ્લાહ સિવાય તમામ અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ સામેલ છે, ફરિશ્તાઓ પણ એમાં આવી જાય છે. તો જ્યારે સમગ્ર જ જગતવાળાઓ પર શ્રેષ્ઠતા આપી તો ફરિશ્તાઓ ઉપર પણ શ્રેષ્ઠતા સાબિત થઈ ગઈ.

અહીં અલ્લાહ તઆલાએ અઢાર નબીઓનું બયાન કર્યુ છે. અને એ બયાનમાં ક્રમ ન તો સમયના હિસાબે છે ન ફઝીલતના આધારે, અને ન તો 'વાવ' (બે પૈગમ્બરોના નામની વચમાં આવેલો અક્ષર) અનુક્રમ ઈચ્છે છે. પણ જે રીતે નબીઓના નામો વર્ણવ્યાં છે તેમાં એક અજબ આસ્વાદ છે, અને એ કે અલ્લાહ તઆલાએ નબીઓના દરેક વર્ગને એક ખાસ પ્રકારની બુઝુર્ગી અને શ્રેષ્ઠતા સાથે નોખો તારવી લીધો છે. અને હઝરત નૂહ, ઈબ્રાહીમ, ઈસ્હાક અને યઅકૂબ عَلَیْہِمُ السَّلَامને એનો મોટો લાભ આપ્યો. અને બુલંદ મર્તબાઓમાં મુસીબત અને બદલાઓમાં ધીરજવાન સાબિત થવું છે, અલ્લાહ તઆલાએ હઝરત ઐયૂબને એમાં નોખા તારવી લીધા. પછી રાજ્ય અને ધીરજ બન્ને મર્તબા હઝરત યૂસુફને આપ્યા કે એમણે બલાઓની સખ્તીમાં મુદ્દત સુધી ધીરજ દાખવી, પછી અલ્લાહ તઆલાએ નબુવ્વત સાથે મિસરનું રાજ્ય પણ આપ્યું. પછી મો'જિઝાની વિપુલતા અને દલીલોની શક્તિ પણ માન મર્તબાઓમાં છે, અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અને હારૂનને એમાં નિપૂર્ણ કર્યા. પરહેઝગારી સાથે દુનિયાથી નિસ્પૃહતા પણ માન્ય મરતબાઓમાં છે, હઝરત ઝકરિય્યહ, ઈસા, ઈલ્યાસને એમાં વિશિષ્ટ કર્યા. એમના પછી અલ્લાહ તઆલાએ એવા

નબીઓનું બયાન કર્યું, જેમના ન તો અનુયાયીઓ બાકી રહ્યા ન તો શરીઅત, જેવા કે ઈસ્માઈલ, યસઅ, યૂનૂસ, લૂત عَلَيْهِمُ السَّلَام. આ રીતે નબીઓના ઉલ્લેખ કરવા પાછળ તેમની બુઝુર્ગીઓ અને વિશેષતાઓનો એક અજબ આસ્વાદ દેખાય છે.

**૨૬૩** : અને શ્રેષ્ઠતા આપી.

**૨૬૪** : અર્થાત મક્કાવાસીઓ.

**૨૬૫** : એ કોમથી યા તો અન્સાર મુરાદ છે યા મુહાજિરો. અથવા રસૂલુલ્લાહ ﷺના બધા સહાબા, અથવા હુઝૂર ﷺના પર ઈમાન લાવનાર બધા જ લોકો.

**ફાયદો** : આ આયતમાં એવો ઈશારો છે કે અલ્લાહ તઆલા પોતાના નબી ﷺની મદદ ફર્માવશે, અને એમાં ધર્મને શક્તિ આપશે. અને એને બધા ધર્મો પર ચઢતી આપશે. જેમ કે એવું જ બન્યું, અને આ ગૈબની ઘટના બની ગઈ.

**૨૬૬** : ધર્મના વિદ્વાનોએ આ આયતથી એ વાત સાબિત કરી છે કે, સૈયદ આલમ ﷺ બધા નબીઓથી શ્રેષ્ઠ છે. કારણ કે જે જે વિશેષતાઓ, કમાલો, ગુણો, બુઝુર્ગીઓ જુદા જુદા નબીઓને આપવામાં આવી હતી, હુઝૂર ﷺ માટે તે બધી એકત્ર કરી દેવામાં આવી અને આપને આદેશ મળ્યો. فَبِهُدٰىهُمُ اقْتَدِهْ (તેમનાં જ માર્ગે ચાલો) તો જ્યારે આપ બધા નબીઓના વિશેષ કમાલોના એકત્ર કરનાર થયા તે બધાંથી શ્રેષ્ઠ પણ થયા.

**૨૬૭** : આ આયતથી સાબિત થયું કે સૈયદે આલમ ﷺ સર્જીત થયેલ તમામ વસ્તુઓ તરફ મોકલાએલા છે, અને આપનું નિમંત્રણ એ તમામને આમ છે, અને કુલ જહાન આપની ઉમ્મત છે. *(ખાઝિન)*

**૨૬૮** : અને તેની ઓળખથી વંચિત રહ્યા. અને પોતાના બંદાઓ પર તેની જે કૃપા અને મહેરબાની છે તેને સમજ્યા.

**શાને નુઝૂલ** : યહૂદીઓનું એક જુથ પોતાના આલિમોના આલિમ માલિક બિન સૈફને લઈને હુઝૂર ﷺ સાથે વિવાદ કરવા આવ્યું, હુઝૂર ﷺએ તેને પૂછયું, શું તેં તવરાતમાં આ જોયું છે કે إِنَّ اللّٰهَ يُبْغِضُ الْحِبْرَ السَّمِيْنَ એટલે કે અલ્લાહ તઆલા જાડા આલિમને અપ્રિય રાખે છે ?"

તેણે કહ્યું, "હા ! એ તો તવરાતમાં છે" હુઝૂરે ફર્માવ્યું, "તું જાડો આલિમ છે ને ?!"

ત્યારે તેણે ક્રોધે ભરાઈને કહ્યું, "અલ્લાહ તઆલાએ કોઈ માણસ પર કશું ઉતાર્યું નથી"

ત્યારે આ આયત ઉતરી, અને ફર્માવવામાં આવ્યું કે કોણે ઉતારી તે કિતાબ જે મૂસા લાવ્યા હતા. ત્યારે પેલો નિરૂત્તર રહ્યો, અને યહૂદીઓ તેના પર ગુસ્સે થયા, તેને ધમકાવવા માંડયા, અને તેના 'હિબ્ર'ના હોદા પરથી તેને ઉતારી મૂક્યો.

**૨૬૯** : તેમાંથી અમુકને, જેને જાહેર કરવું તમારી ઈચ્છાને અનુરૂપ તમને જણાય છે.

**૨૭૦** : જેઓ તમારી મનેચ્છાની વિરૂધ્ધ હોય છે, જેમ કે તવરાતના તે લખાણો જેમાં સૈયદે આલમ ﷺના વખાણ અને ગુણો વર્ણવાયાં છે.

**૨૭૧** : સૈયદે આલમ ﷺની તાલીમ અને કુર્આન શરીફમાંથી.

**૨૭૨** : અર્થાત જ્યારે તેઓ એનો જવાબ ન આપી શકે કે એ કિતાબ કોણે ત્યારે ઉતારી ત્યારે, તમે ફર્માવી દો કે અલ્લાહે.

**૨૭૩** : કારણ કે જ્યારે તમે દલીલ સ્થાપિત કરી દીધી, અને ડર તથા નસીહત અંત સુધી પહોંચાડી દીધી, અને તેમના માટે બહાનાનું સ્થળ રહેવા ન દીધું, તે છતાં તેઓ ન માને તો તેમને તેમના નિરર્થકપણામાં છોડી દો, કાફિરો માટે આ એક જાતની ધમકી છે.

**૨૭૪** : અર્થાત કુર્આન શરીફ.

**૨૭૫ :** ઉમ્મુલ કુરા (બધી આબાદીઓનો સરદાર) મક્કા છે. કારણ કે તે જમીનવાળાઓનો બધાંનો કિબ્લો છે.

**૨૭૬ :** અને કયામત, આખેરત અને મૃત્યુ પછી જીવંત થવાની શ્રદ્ધા ધરાવે છે, તેમજ પોતાના અંજામથી ગાફેલ અને બેખબર નથી.

**૨૭૭ :** અને નબુવ્વતનો જૂઠો દાવો કરે છે.

**૨૭૮, શાને નુઝૂલ :** આ આયત મુસૈલમા કઝ્ઝાબ વિશે ઉતરી, જેણે યમનના યમામા પ્રદેશમાં નબુવ્વતનો જૂઠો દાવો કર્યો હતો. બનૂ હનીફા કબીલાના અમુક લોકો તેના ફરેબમાં આવી ગયા હતા. આ જૂઠો હઝરત અબૂ બક્ર رضی اللہ عنہના ખિલાફત યુગમાં હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہને શહીદ કરનાર વહશીના હાથે કત્લ થયો.

**૨૭૯, શાને નુઝૂલ :** આ આયત અબ્દુલ્લાહ બિન અબી સરહ વહી નકલ કરનાર વિશે ઉતરી. જ્યારે આયત وَلَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ ઉતરી ત્યારે તેને પણ લખી અને અંત સુધી પહોંચતાં પહોંચતાં ઈન્સાનની પેદાઈશની વિગત જાણીને આશ્ચર્ય પામ્યો, અને એ હાલતમાં આયતનો અંતિમ ભાગ فَتَبَارَكَ اللّٰهُ اَحسنُ الْخَالِقِيْنَ તેની જીભ પર આપ મેળે જ આવી ગયો, જેથી એને એવો ઘમંડ થયો કે હવે તેના પર પણ વહી આવવા માંડી છે. અને એ રીતે ઈસ્લામથી ફરી ગયો. એવું સમજી ન શક્યો કે વહીના નૂર અને કુવ્વત અને કલામની ઉચ્ચતાના કારણે આયતનો અંતિમ ભાગ જીભ પર ચઢી ગયો છે. એમાં તેની લાયકાતને કશી લેવા દેવા ન હતી. કલામનું જોર પોતે જ પોતાના અંતને જાહેર કરી દેતું હોય છે. જેમ કે કોઈ શાયર કોઈ સારુ કલામ રજૂ કરી રહ્યો હોય, તો તે કલામ પોતે જ શેરના છેલ્લા શબ્દો બતાવી દેતો હોય છે, અને સાંભળનારાઓ શાયર કરતાં પહેલાં તે બોલી દેતા હોય છે, એમાં એવા લોકો પણ હોય છે જેઓ કદાપિ એવો શેર બનાવી શકતા નથી, તો તે શેરનો છેલ્લો ભાગ (શાયર કરતાં પહેલાં) બોલી નાખવો એ તેમની લાયકાત કે આવડત નહીં પણ કલામનું જોર છે. અને અહીં તો વહીના નૂર અને નબીના નૂરથી સીનામાં પ્રકાશ પથરાતો હતો. જેમ કે મજલિસથી જુદા થયા અને મુરતદ બની ગયા પછી તે એક વાક્ય પણ એવું બનાવવા શક્તિમાન ન થયો, જે કુર્આનની વાક્ય રચના સાથે મેળ ખાઈ શકે. અંતે હુઝૂરના સમયમાં જ મક્કાના વિજય પહેલાં ફરી પાછો ઈસ્લામથી પાવન બન્યો.

**૨૮૦ :** જીવ કાઢવા માટે ઘુરકાવતા જાય છે, અને કહેતા જાય છે,

**૨૮૧ :** નબુવ્વત અને વહીના જૂઠા દાવા કરીને, ને અલ્લાહ માટે ભાગીદાર તથા બીબી બચ્ચા છે, એવું કહીને.


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૨૫/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૯૪૧૧

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ બે પહેલી રકાતોમાં એવા રહેતા હતા જાણે આપ ગરમ પથ્થર પર છે ત્યાં સુધી કે ઉભા થતા.[1]" (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** એટલે કે ત્રણ કે ચાર રકાતવાળા ફર્ઝોમાં આપ ક઼ાઈદામાં વધુ વાર ન લગાડતા, બલ્કે કેવળ અત્તહિય્યાત પર ઉભા થઈ જતા. ગરમ પથ્થર હોવાથી મુરાદ જલ્દી ઉઠવું છે. એના સિવાય અન્ય જે ખુલાસાઓ કરવામાં આવેલા છે તે બાતિલ છે. અરબીમાં "રદ્ફ" એ ગરમ પથ્થરને કહે છે જે દૂધ ગરમ કરવા માટે વાપરવામાં આવે છે.

### (વિભાગ : 3) الفصل الثالث

*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ અમને અત્તહિય્યાત એવી રીતે શીખવાડતા હતા જાણે કે અમને કુર્આનની સૂરત શીખવાડતા.[1] અલ્લાહના નામથી અને અલ્લાહથી, તહિય્યતો પાક નમાઝો અલ્લાહના માટે છે.[2] હે નબી આપ પર સલામ થાય[3] અને અલ્લાહની રહમત, તેની બરકતો થાય અમારા પર અને અલ્લાહના નેક બંદાઓ પર સલામ થાય. હું ગવાહી આપુ છું કે હઝરત મુહમ્મદ ﷺ અલ્લાહના બંદા તથા રસૂલ છે.[4] અલ્લાહથી જન્નત માગુ છું, આગથી રબની પનાહ." (નિસાઈ)*

**૧.** એટલે કે જેવી રીતે કુર્આનની એક એક આયત વિવિધ શબ્દો તથા વિવિધ ક઼િરાઅતો વડે શીખવતા હતા, એવી જ રીતે અમને અત્તહિય્યાત વિવિધ શબ્દો વડે શીખવાડતા હતા. (મિર્ક઼ાત) આ પરથી જાણવા મળ્યું કે જેવી રીતે કુર્આન શરીફની સાત ક઼િરાઅતો મુતવાતિર છે અને બાકી ક઼િરાઅતો શાઝ છે, એવી જ રીતે અત્તહિય્યાતની વિવિધ ઈબારતો (વાક્યો) છે જે વિવિધ સહાબાઓથી થકી નક઼લ થયેલ છે. અને જેવી રીતે હવે કુર્આન શરીફ કેવળ એક ક઼િરાઅતથી જ પઢવું જોઈએ, નહીં તો ફિત્નો થશે, એવી જ રીતે હવે અત્તહિય્યાત કેવળ એક જ ઈબારત (શબ્દો) વડે પઢવી જોઈએ.

**૨.** નવવીએ કિતાબુલ અઝકારમાં ફર્માવ્યું કે અત્તહિય્યાતમાં બિસ્મિલ્લાહનો વધારો હઝરત જાબિર رضی اللہ عنہ ની કેવળ આ જ રિવાયતથી સાબિત છે, અન્ય કોઈ રિવાયતમાં નથી. હઝરત જાબિરની આ હદીષ સહીહ નથી.

**૩.** અત્તહિય્યાતની વિવિધ ઈબારતો (શબ્દો) હદીષોમાં નક઼લ થયેલ છે, પરંતું દરેક ઈબારતમાં હુઝૂરને સંબોધન કરીને હુઝૂરને સલામ કરવામાં આવે છે. મિર્ક઼ાતે ફર્માવ્યું, **નમાઝમાં હુઝૂરથી સંબોધન અને કલામ એ હુઝૂર ﷺ ની વિશિષ્ટતા છે. જો કોઈ અન્યને ગાઈબાના કે હાઝિરાના સલામ કરશે તો નમાઝ ફાસિદ થઈ જશે.** અમુક ફક઼ીહો ફર્માવે છે કે **જો કોઈને નમાઝની હાલતમાં હુઝૂર પોકારે તો તેના પર વાજિબ છે કે એ જ હાલતમાં બારગાહે અક઼દસમાં હાજર થાય. જે હુકમ મળે તેનું પાલન કરે, તેમ છતાં નમાઝમાં જ રહેશે, કે જ્યારે કે એમને સલામ કરવાથી નમાઝ નથી તૂટતી, તો એમનાથી વાત કરવાથી, તેમની ખિદમત**



www.barkatekhwaja.net

**કરવાથી પણ તૂટશે નહીં.** એની તેહક઼ીક઼ અમારી કિતાબ "શાને હબીબુર્રહમાન"માં જુઓ.

**૪.** એમાં તજદીદે ઈમાન (કલમો દોહરાવવું) છે. દરેક મુસલમાને જોઈએ કે પોતાના ઈમાનની તજદીદ કરતો રહે, બલ્કે સૂતી વખતે તૌબા કરીને તજદીદે ઈમાન (નવેસરથી કલમો પઢી) કરીને સૂતો રહે.

*"હઝરત નાફેઅ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર જ્યારે નમાઝમાં બેસતા તો પોતાના હાથ પોતાના ગુઠણો પર રાખતા અને પોતાની આંગળીઓથી ઈશારો કરતા. પોતાની નજર એના પર લગાડતા.[1] પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આ* ***શૈતાન પર લોખંડ કરતાં પણ વધુ ભારે છે,*** *એટલે આ આંગળી.[2]" (અહમદ)*

**૧.** એટલે કે આપ નમાઝના ક઼ાઈદામાં ત્રણ કામ કરતા હતા : જાંગો પર હાથ રાખવા એ રીતે કે આંગળીઓની ટોચો ગુઠણો સુધી પહોંચી જાય, કલમએ શહાદત વખતે જમણા હાથની કલમાની આંગળીથી ઈશારો કરવો. ઈશારા વખતે નજર આંગળી પર રાખવી. એનો ખુલાસો અગાઉ થઈ ચૂક્યો છે.

**૨.** એટલે કે જેવી રીતે નેજો કે ભાલો લાગવાથી તમને તકલીફ થાય છે એનાથી વધુ તકલીફ શૈતાનને આ ઈશારાથી થાય છે. તેની બરકતથી શૈતાન તેને બેહકાવવાથી નિરાશ થઈ જાય છે. યાદ રાખશો કે અમુક હનફી બુઝુર્ગોએ આ ઈશારાનો ઈન્કાર કર્યો છે. જેમ કે હઝરત મુજદ્દિદ સાહબ رحمۃ اللہ علیہ. પણ એમના ઈન્કારનું કારણ કેવળ એ હોય શકે છે કે તેમને આ હદીષોની સોહબત ન પહોંચી હોય. **હક્ક઼ એ છે કે ઈશારો કરવો સુન્નત છે**, અને એ બુઝુર્ગો પર કોઈ વાંધો ન ઉઠાવવામાં આવે.

*"હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે[1] છે કે અત્તહિય્યાત ધીમેથી કહેવી સુન્નત છે. (અબૂ દાઊદ, તિર્મિઝી) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન ગરીબ છે."*

**૧.** આ હદીષ જો કે મૌકૂફ છે પણ મરફૂઅના હુકમમાં છે. કેમ કે સહાબાએ કિરામના એ કથનો જે ક઼યાસથી ઉપર છે તે મરફૂઅના હુકમમાં હોય છે. આ પરથી જાણવા મળ્યું કે التحیات ધીરેથી પઢવી જરૂરી છે.

---

**ક઼ાનૂને શરીઅત**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**:: અનુવાદક ::**

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદિયો : એક સેટના રૂા. ૨૫૦/–**

પ્રકાશક **સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**
મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ.
મો. ૯૪૨૭૪૬૪૪૧૧

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાક઼િયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદ્દન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

:: Bank of Baroda ::
A/c.No.**34620100000303**
Razvi Kitab Ghar, IFSC:BARB0DAYADR

Phonepay/G.pay Paytm
Mo. 9427464411

WhatsApp No.
Mo.9664521477

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, **મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

**શરહે હ઼દાઈક઼ે બખ્શિશ** ભાગ-૨

**અઝ : આ'લા હઝરત**
**ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ
**:: શરહકર્તા ::**
**મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)**
**:: અનુવાદક તથા સંપાદક ::**
**પટેલ શબ્બીર અલી રઝવી**

*ઉધર અલ્લાહસે વાસિલ ઉધર મખ્લૂક઼મેં શામિલ–ખવાસ ઈસ બરઝખે કુબરામેં હૈ સિર્ફ઼ મુશદ્દદકા*

**અર્થાત :** આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅરમાં ઈલ્મે મન્તિકની મશહૂરો મઅરૂફ઼ ઈસ્તેલાહાત વર્ણન કરી છે અને કેટલી ખૂબસૂરતીની સાથે પોતાનો મુદ્દઆ પણ સંપૂર્ણપણે વર્ણવી આપ્યો છે. આ ઈસ્તેલાહાતથી જે શકલ બનશે તે આ પ્રમાણે હોય શકે છે : المومن واصل بارسول-والرسول واصل باللہ કે મો'મિન હુઝૂર ﷺથી મળવાવાળો છે અને હુઝૂર ﷺ અલ્લાહ તઆલાથી મળવાવાળા છે. તૌહિદ અવસત (વાસિલ બિર્રસૂલ વર્રસૂલ)ને હઝફ કરીશું તો પરિણામ المومن واصل باللہ નીકળશે, કે મો'મિન અલ્લાહ સુધી (હુઝૂર ﷺના વાસ્તાથી) પહોંચનાર છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સબ્ઝએ ગરદૂં ઝુકા થા બહરે પાબોસ બુર્રાક઼**
**ફિર ન સીધા હો સકા ખાયા વો કોળા નૂર કા**

*(સબ્ઝએ ગરદૂં= લીલાશ પડતુ આકાશ, નીલ ગગન. પા બોસ= પગ ચૂમવા. બુર્રાક઼= મેઅરાજની સવારી. કોળા= કોરડો, ચાબુક)*

**અર્થાત :** શબે મેઅરાજ આપ ﷺની સવારી (બુર્રાક઼)ના પગો ચૂમવાના માટે જ્યારે આસ્માન આગળ વધ્યું અને ઝુકીને પા બોસી કરવા લાગ્યું તો નૂરનો એવો કોરડો વરસ્યો કે આજ સુધી ઝુકેલું છે અને કમર સીધી નથી થઈ રહી.

**તાબે સુમસે ચોંધ્યાકર ચાંદ ઉન્હીં ક઼દમોં ફિરા**
**હંસકે બિજલીને કહા દેખા છલાવા નૂર કા**

*(સુમ= ખુર, ખરી. ચોંધ્યાકર= આંખો અંજામને. ઉન્હીં ક઼દમોં= ઉલટા પગલે. છલાવા= નાઝો અંદાઝવાળો મહબૂબ, ઝોંકુ)*

**અર્થાત :** અને બુર્રાક઼ની ખરીઓની ચમકથી ચાંદની આંખો અંજાય ગઈ અને આગળ વધવાને બદલે વળતા પગલે પરત આવી ગયો. વીજળી આ મન્ઝર જોઈ રહી હતી. ચાંદને હસીને કહેવા લાગી, તું પોતે પોતાને નૂર કહેવડાવે છે, જોઈ લીધી ને નાઝો અદાવાળા મહબૂબના નૂરની ચમક દમક ! નૂર આવાં હોય છે ! મહબૂબનો દીદાર તો કોઈ કોઈને જ મળે છે જ્યારે કે ખ્વાહિશ દરેકની હોય છે કે :

*હબીબે ખુદાકા નઝારા કરું મૈં–દિલો જાન ઉન પર નિષારા કરું મૈં –(મુફ઼તીએ આ'ઝમે હિંદ)*

**દીદે નક઼્શે સુમકો નિકલી સાત પર્દોં સે નિગાહ**
**પુતલિયાં બોલીં ચલો આયા તમાશા નૂર કા**

*(દીદે નક઼્શે સુમ= ખરીનું નિશાન જોવા. પુતલી= આંખની કીકી)*

**અર્થાત :** આપ ﷺની સવારીના પગોનું નિશાન જોવા માટે નજર સાત પર્દાઓથી બહાર આવી ગઈ તો આંખની કીકીઓએ નજરને જોયા વગર પરત આવતાં જોઈને મજાકમાં કહ્યું, હવે પાછા ચાલો ! કેવી મજા આવી ! શું નૂરનો સંપૂર્ણપણે નઝારો કરી લીધો ? તને કહ્યું ન હતું, દરેકના હિસ્સે નથી દીદાર કોઈનો.

તારી અંદર ક્યાં એ શક્તિ કે તું નૂરે ખુદાનો નઝારો કરી શકે ! જેથી બુર્રાક઼ની ખરીઓને જોવામાં જ સંતોષ માની લે.

**અકસે સુમ ચાંદ સૂરજકો લગાયે ચાર ચાંદ**
**પર ગયા સીમો ઝરે ગરદૂં પે સિક્કા નૂર કા**

*(અકસ = પ્રતિબિંબ, પડછાયો. ચાર ચાદ લગાના = મર્તબો તથા મક઼ામ વધારવો. સીમો ઝર = ચાંદી સોનુ. ગરદૂં = આકાશ)*

**અર્થાત :** હા ! એવું થયું કે આપની સવારીના ક઼દમના નિશાને સૂરજ તથા ચાંદને ચાર ચાંદ લગાડી દીધા. એટલે કે એમની રોશનીમાં વધારો થઈ ગયો અને આસ્માનનાં સોના ચાંદી (ચાંદ તથા સૂરજ) પર મદીનાના ચાંદની ગુલામીનો થપ્પો લાગી ગયો.

*જો મુહમ્મદકા નામ લેતે હૈં—વક઼્ત કી બાગ થામ લેતે હૈં*
*દરે ખૈબર ઉખાળ ફૈંકનેકો—ઝોરે ઈમાંસે કામ લેતે હૈ (ﷺ)*

**ચાંદ ઝુક જાતા જિધર ઉંગલી ઉઠાતે મહદમેં**
**ક્યા હી ચલતા થા ઈશારોં પર ખિલૌના નૂર કા**

**અર્થાત :** રિવાયતમાં છે કે હુઝૂર ﷺ જ્યારે પારણામાં હતા તો રાતના સમયે હઝરત અબ્બાસને એક અજીબ મન્ઝર દેખાયો જે તેમણે ઘણા અરસા બાદ હુઝૂર ﷺની સામે આ મુજબ વર્ણવ્યો કે યા રસૂલલ્લાહ ! ﷺ મેં જોયું હતું કે આપ પારણામાં સૂતા સૂતા તમારી આંગળીને હરકત આપતા હતા તો ચાંદ આપની આંગળીઓના ઈશારાઓ પર હરકત કરતો (વજદ કરતો તથા નાચતો) મેં મારી આંખો વડે જોયો છે. આપે ફર્માવ્યું, કાકા ! એનાથી અધિક આશ્ચર્યજનક વાત હું તમને બતાવું છું કે જ્યારે હું મારી વાલિદા માજિદાના પેટ મુબારકમાં હતો તો લોહે મેહફૂઝ પર ચાલતા ક઼લમનો અવાજ મારા કાનો વડે સાંભળતો હતો અને ચાંદ તો મારુ દિલ બહેલાવવા માટે એવું કરતો હતો. અને આ'લા હઝરત બતાવી રહ્યા છે કે આપણે કેમ કે માટીના બનેલા છીએ જેથી આપણા મા બાપ બચપનમાં આપણને માટીનાં રમકડાં લાવીને આપ્યા કરતા હતા અને હુઝૂર ﷺ નૂર છે જેથી અલ્લાહે આપને રમકડુ પણ નૂરનું આપ્યું છે.

*ખેલતે થે ચાંદસે બચપનમેં આક઼ા ઈસલિયે—ખૂદ સરાપા નૂર થે વો થા ખિલૌના નૂર કા*

## હઝરત ઈમામ હસન તથા હુસૈન رضی اللہ عنہما

**એક સીના તક મુશાબેહ એક વહાંસે પાઉં તક**
**હસન સિબ્તૈન ઉન્કે જામોં મેં હૈ નીમા નૂર કા**

*(મુશાબેહ = ના જેવા, મળતા જુલતા. જામા = લિબાસ. નીમા = ઈમાનદારી)*

**અર્થાત :** હઝરત ઈમામ હસન رحمۃ اللہ علیہ માથાથી લઈને છાતી સુધી હુઝૂર ﷺનું જાહેરી રીતે મળ તાપણુ ધરાવતા હતા (જેથી શહાદતના સમયે હળાહળ ઝહેર પીને પણ સબ્ર તથા અડગતાનો પહાડ બનેલા રહ્યા. કલેજુ કપાયને બહાર પણ આવી જાય તો ઝહેર પીવડાવનારનું નામ સુધ્ધાં ન બતાવે અને પોતાના ભાઈ ઈમામ

હુસૈન رحمۃ اللہ علیہના આગ્રહ ઉપર પણ ફર્માવે કે મેં બદલાનો મામલો અઝીઝુન્ ઈન્તિકામના સુપરત કરી દીધો છે. અને બેસબ્રીનો શબ્દ પણ જીભ પર ન લાવ્યા.) અને હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ સીનાથી લઈને પગો સુધી પોતાના નાનાજાનને મળતા આવતા હતા (જેથી કર્બલાના મેદાનમાં આટલા જુલ્મો સહેવા હોવા છતાં કદમોમાં ધ્રુજારી પેદા ન થઈ અને પોતાના પગો પર ઉભા રહીને પોતાની જિંદગીની આખરી નમાઝ પણ અદા કરી.)

કેમ કે પગો સીનાથી નીચે અને મોંઢુ સીનાથી ઉપર હોય છે એટલા માટે કેટલીય હિકમતોમાંથી એક એ હિકમત પણ વર્ણવેલ મળતાપણાની હતી જે અમે વર્ણવી દીધી છે. સહાબાએ કિરામને જ્યારે હુઝૂર ﷺની જુદાઈ અધિક સતાવતી તો એ બંનેવ સાહબઝાદાઓને સાથે ઉભા રાખીને જોતા તો દીદારે મુસ્તફા નસીબ થઈ જતો. પરંતું એઓ નેઅમત માનવાવાળાઓ માટે હતા, જેઓ નઊઝુબિલ્લાહ ! એમને બાગી ઠરાવે છે (જેમ કે વહાબી દેવબંદી) અને યઝીદ પલીદને તો ઈમામ કહે છે, જ્યારે سیداشباب اهل الجنه જન્નતના જવાનોના સરદારોને ઈમામ કહેતાં તેમના પર કયામત તૂટી પડે છે, તેઓ આ નેઅમતના મુસ્તહિક કેવી રીતે થઈ શકે છે. આ બદનસીબો બીજા ખાતામાં છે જે નીચે દર્શાવેલ રુબાઈની આખરી કડીમાં ખોલવામાં આવેલ છે.

*અંદાઝ હસીનોંકો સિખાયે નહી જાતે–ઉમ્મી લકબી હો વો પળ્હાએ નહીં જાતે*
*હર એક કા હિસ્સા નહીં દીદાર કિસીકા–બૂ જહલ કો મહબૂબ દિખાએ નહીં જાતે*

**અર્થાત :** ચર્ચા હેઠળના આ'લા હઝરતના શેઅરમાં આ'લા હઝરત ફર્માવે છે કે નૂરના આ બંનેવ નવાસાઓના હુસ્નો તથા મુસ્તફા ﷺથી મળતાપણાવાળાં શરીરો પર પાકબાઝી તથા પરહેઝગારીનો લિબાસ સજેલો હતો.

**સાફ શક્લે પાક હે દોનોં કે મિલનેસે અયાં**
**ખત્તે તવામમેં લિખ્ખા હે યહ દો વરક઼ા નૂર કા**

*(ખત્તે તવામ = એક જ સમાન બે પત્રો, બે બાળકો જે જોડીમાં પેદા થાય એમને 'તવામ' કહે છે. દો વરક઼ા = બે કાગળ)*

**અર્થાત :** એ બંનેવ શાહઝાદાઓના એકઠા થવાથી તેમના નાનાજાન ﷺનો સરાપા સામે આવી જાય છે, એવું લાગે છે કે નૂરાની વરક઼ો પર એક જ જેવા ખતની સાથે હુઝૂર ﷺની પુરનૂર તસ્વીર બનાવી દેવામાં આવી છે.

**'કાફ' ગેસૂ 'હા' દહન 'યા' અબરૂ આંખેં 'અ઼યન' 'સ્વાદ'**
**કાફ–હા–યા–અ઼યન–સ્વાદ ઉનકા હે ચેહરા નૂર કા**

*(ગેસૂ = વાળો. દહન = મોં. અબરૂ = ભવાં)*

**અર્થાત :** (کٓھٰیٰعٓصٓ જે સૂરએ મરયમના શરૂમાં હરૂફે મુક઼ત્તેઆત છે, એની એક આશિક઼ાના તા'બીર ફર્માવતાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે જે આપનો જ હિસ્સો છે. કેમ કે દરેકના હિસ્સે કોઈનો દીદાર નથી.)

"કાફ" થી મુરાદ હુઝૂર ﷺની વાંકુળીયા ઝુલ્ફો છે. જેવી રીતે "કાફ" માં વળાંક છે કે ઝુલ્ફોમાં પણ વળ છે. "હા" જે મોતી જેમ ગોળ હોય છે, એનાથી મારા આક઼ાનું મુખ મુબારક મુરાદ છે. "યા"ની શકલ ભવાં જેવી હોય છે તો એનાથી હુઝૂર ﷺના ભવાં દેખાય દે છે. અને "અયન–સ્વાદ" જેની શક઼લ આંખથી મળતી છે એ હુઝૂર ﷺની مازاغ البصرની આંખોની તરફ નિર્દેશ છે જે આંખોએ ખુદાને પણ જોયો અને પૂરી ખુદાઈને પણ જોયી. તો જાણે کٓھٰیٰعٓصٓથી હુઝૂર ﷺનો રુખે વદુહા વર્ણન કરવામાં આવેલ છે. લગભગ એટલા માટે જ્યારે જિબ્રઈલે અમીન علیہ السلام આ અક્ષરો લઈને નાઝિલ થયા, તો બોલતા જતા "કાફ" આપ ફર્માવતા علمت હું જાણી ગયો. તે કહેતા "હા" આમ ફર્માવતા, فهمت હું સમજી ગયો... છેવટ સુધી તેમ છતાં... *"મગર બેખબર બેખબર જાનતે હૈં"*

# ફવાઈદુલ ફવાદ
## દિલોના ફાયદા
ભાગ-૧ (૩૪ મજલિસો)

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

એ જ વરસે ૧૪ ઝીલ હજજ બુધવારે કદમબોસીની સઆદત નસીબ થઈ. ઝબાનની તાષીરની ચર્ચા ચાલી. ઝબાન મુબારકથી ઈર્શાદ ફર્માવ્યો કે તે ઈબાદત (તાઅત) તથા વિર્દ જે કોઈ સાહિબે નેઅમતની ઝબાનથી મળ્યો હોય તેને અદા કરવામાં રાહત જ અલગ છે. ત્યાર બાદ ફર્માવ્યું કે અમુક વિર્દો છે જે મેં પોતે મારા પોતાના પર વાજિબ કરી લીધાં છે, અને અમુક અન્યો વિર્દો છે જે મને મારા ખ્વાજાથી અતા થયેલ છે. એ બંનેની અદાયગીના સમયે જે જે રાહતો મયસ્સર આવે છે એમાં જમીન આસ્માનનો ફરક છે. (દા.ત. દલાઈલુલ ખૈરાત તમે જાતે પણ પઢી શકો, પણ કોઈ બુઝુર્ગ હસ્તીની ઈજાઝત મેળવેલી હોય પઢવા માટે તેની વાત અલગ હોય છે. —અનુવાદક)

પછી વાત અખત્યારને ત્યજવાની આવી, એટલે કે ખુદ પોતાના અખત્યારથી કોઈ કામ ન કરવું જોઈએ. ઝબાન મુબારકથી ઈર્શાદ ફર્માવ્યો કે એ લોકો જેઓ બીજાઓના હાકિમપણા હેઠળ તેઓ એમનાથી બેહતર છે જેઓ તેમના હાકિમ છે. (પીર હોવા કરતાં મુરીદ હોવું બેહતર છે. ઉર્દૂ અનુવાદક)

ત્યારબાદ ઈર્શાદ (આદેશ) થયો કે શયખ અબૂ સઈદ અબુલ ખૈર رحمۃ اللہ علیہ જુમ્આના દિવસે નમાઝના માટે પોતાની ખાનકાહથી બહાર નીકળ્યા. મુરીદોને પૂછવા લાગ્યા કે જામેઅ મસ્જિદનો રસ્તો કયો છે ? કઈ રીતે જવું જોઈએ ? હાજરજનોમાંથી કોઈકે કહ્યું કે રસ્તો આ રહ્યો ! તેમને પૂછવામાં આવ્યું કે આટલી વખત આપ જુમ્આની નમાઝમાં ગયા તો રસ્તો નથી જાણતા ?! બોલ્યા, જાણુ છું પરંતું એ કારણે પૂછુ છું કે થોડીવારના માટે બીજાનો મહકૂમ (આધિન રહેનાર) બની જઉં ! ત્યારબાદ વતન ત્યાગ તથા મકાન તથા મહેલ વગેરેની મહોબ્બતના બારામાં વઅઝ કહી અને શેઅરો ઝબાન મુબારક પર આવ્યા : ફારસી–૧૭૧ (તર્જુમો) ''પહાડ તથા જંગલોને જંગલી જાનવરોની જેમ ઠેકાણુ ન બનાવો. ઘરબારને ઊંદર બિલાડી માટે છોડી દો. હઝરત ઈસા علیہ السلامની રોજી આસ્માન પર હતી, જમીન તેમનું ઘર બનાવી દેવામાં આવ્યું. ખાવાના માટે જો ઘર બનાવે છે તો કીડીઓ, ભમરા તથા કરોળીયા બનાવે છે.

### તેરમી મજલિસ

સાતસો આઠ હિજરી માહે મુહર્રમુલ હરામની ત્રીજી તારીખે કદમબોસીની દોલત મયસ્સર આવી. તાઅત (ફર્માબરદારી)ની ચર્ચા ચાલી. ફર્માવ્યું, એક તાઅતે લાઝમી છે અને એક તાઅત મુતઅદી (ફેલાય જનાર) છે. લાઝમી તાઅત તો તે છે જેનો ફાયદો તે

www.barkatekhwaja.net

ફર્માબરદારી (તાઅત) કરનારાને જ પહોંચે છે, અને તે નમાઝ, રોઝા તથા હજ્જ છે તથા અવરાદો વઝાઈફ, તસ્બીહો અને એ પ્રકારની અન્ય ચીજો છે. પરંતુ તાઅતે મુતઅદ્દી તે છે કે જેનાથી ફાયદો તથા રાહત બીજાઓને પહોંચે. જેમ કે ખર્ચ કરવાથી, પ્રેમાળ ભાવથી વર્તવાથી અને જ્યાં સુધી બની શકે અન્ય લોકોના હક્કમાં મહેરબાની કરવાથી અન્યોને લાભ મળે છે, એને તાઅતે મુતઅદ્દી કહે છે, અને એનો સવાબ હદ તથા અંદાઝાથી બહાર છે. અને "તાઅતે લાઝિમા"માં તો ઈખ્લાસ હોવો જોઈએ જેથી કૃબૂલ થઈ જાય, પરંતુ "તાઅતે મુતઅદ્દી" તો જે રીતે પણ કરવામાં આવી હોય અને જે રીતે કરવામાં આવે તેનો સવાબ છે. واللہ الموفق

## ચૌદમી મજલિસ

એ જ મહીનાની સાતમી તારીખે જુમેરાતે કદમબોસીની દોલત હાંસલ થઈ. "વિલાયત" તથા "વલાયત"ની ચર્ચા ચાલી. ફર્માવ્યું કે શયખના માટે વલાયત, વાવના ઝબરથી પણ હોય છે અને વિલાયત, વાવના ઝેરથી પણ. વલાયત તો એ છે કે જ્યારે તાઈબ થાય (તૌબા કરી લે) છે અને તાઅત (ફર્માબરદારી) કરે છે તો તે તાઅતથી ઘણો શોખ (ઉમંગ) પામે છે અને શક્ય છે કે મુરીદોને ખુદા સુધી પહોંચાડી આપે અને તરીકતના નિયમો (આદાબ) શીખવાડે, અને જે કાંઈ તેના તથા લોકોના દરમિયાન છે તેને "વલાયત" કહે છે. પરંતુ જે કાંઈ તેના તથા હક્ક તઆલાના દરમિયાન છે તે "વિલાયત" છે. અને અને તે ખાસ મહોબ્બત છે. અને જ્યારે શયખ દુનિયાથી ઈન્તેકાલ કરે છે તો "વિલાયત" પોતાની સાથે લઈ જાય છે પણ "વલાયત" જેને ચાહે છે આપી જાય છે. પોતાની પસંદના માણસને જો તે ન આપે તો પણ જાઈઝ છે, કેમ કે હક્ક ﷻ એ વલાયતને કોઈ અન્ય અતા કરી આપે છે, પરંતુ વિલાયત જે એની સાથે હોય છે તેને પોતાની સાથે જ લઈ જાય છે.

આ બારામાં હિકાયત વર્ણવી કે કોઈ બુઝુર્ગે એક મુરીદને કોઈ બુઝુર્ગ પાસે મોકલ્યો અને માલૂમ કરાવ્યું કે રાતે શું પરિસ્થિતિ બની, તેમણે જવાબ કહેવડાવ્યો કે રાતે શયખ અબૂ સઈદ અબુલ ખૈર رحمۃ اللہ علیہએ મસ્જિદે મુહનામાં ઈન્તેકાલ કર્યો. (ફઝલુલ્લાહ અબૂ સઈદ ઈબ્ને અબુલ ખૈર, જન્મ : હિ.સ. ૩૫૭ મહના અક્લીમ ખાદિરાન ખુરાસાન. વફાત : ૪ શાબાન હિ. ૪૦૪ જુમ્આ. તેમણે અબૂ અબ્દુર્રહમાન સલ્લમીથી પણ ખિર્કો લીધો હતો.) એ બુઝુર્ગે પછી કોઈને મોકલ્યો અને પૂછાવ્યું કે "વલાદત" કોને આપવામાં આવી. તેમણે જવાબ આપ્યો કે એની મને ખબર નથી, જે કાંઈ જાણમાં હતું તે બતાવી આપ્યું. ત્યારબાદ તેમને જાણ થઈ કે તેમની વલાયત શમ્સુલ આરિફીન رحمۃ اللہ علیہને આપવામાં આવી છે. રાતે જ શમ્સુલ આરિફીનના દરવાજા પર પહોંચ્યા. શમ્સુલ આરિફીને એના પહેલાં કે એ કાંઈ કહેતા તેમને ફર્માવ્યું, ખુદા તઆલાના આટલા બધા શમ્સુલ આરિફીન છે તો ખબર નહીં કયા શમ્સુલ આરિફીનને વલાયત આપવામાં આવી છે.

ત્યારબાદ શયખ નજીબુદ્દીન મુતવક્કિલ رحمۃ اللہ علیہનો કિસ્સો સંભળાવ્યો જે શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન رحمۃ اللہ علیہના ભાઈ હતા. કહ્યું કે જ્યારે તે ઈલ્મ પ્રાપ્તિ માટે મુદર્રિસ પાસે ગયા તો ઉસ્તાદે પૂછયું કે નજીબુદ્દીન મુતવક્કિલ તમે જ છો ? તેમણે જવાબ આપ્યો કે, હું નજીબુદ્દીન મુતાકિલ (ખરાબ તથા ખસ્તા) છું મુતવક્કિલ (તવક્કુલ રાખનાર) કોણ થઈ શકે છે ?! ત્યારબાદ ઉસ્તાદે કહ્યું કે શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીનના ભાઈ તમે જ છો ? તેમણે જવાબ આપ્યો કે જાહેરી ભાઈ છું, મઅનવી (રૂહાની) ભાઈ કોણ થઈ શકે છે ?!



www.barkateknwaja.net

પછી અસ્હાબે નેઅમતની બખ્શિશોની ચર્ચા નીકળી કે તે ખિદમત કરનારાઓ પર ઘણી નઝરે ઈનાયત રાખે છે. એ દરમિયાન ફર્માવ્યું કે એક સાહિબે નેઅમત તથા હિંમત ખ્વાજા હતા. ક્યારેક ક્યારેક કાઝી અયનુલ કઝાત رحمۃ اللہ علیہની પાસે ખર્ચ મોકલ્યા કરતા હતા. કદાચ કાઝી અયનુલ કઝાત رحمۃ اللہ علیہએ ક્યારેક કોઈ અન્ય બીજાને ફર્માવ્યું તો રંજમય થયા અને અયનુલ કઝાતથી પોતાની નારાઝગી કહેવડાવી કે કોઈ બીજાથી કોઈ ચીજ લીધી, મને એ દૌલત કેમ અતા ન કરી ?! અયનુલ કઝાતે તેમને લખ્યું કે, એ વાતના માટે રંજ ન કરો, ઈજાઝત આપો જેથી અન્યોને પણ દોલત મળે. અને એ લોકોમાંથી ન બનો જેમનામાંથી એકે કહ્યું હતું, હે અલ્લાહ ! મારા પર રહમ કર અને મુહમ્મદ પર (રહમ કર) અને અમારા બંને સાથે કોઈ અન્ય પર રહમ ન કર ! અને એ લોકોમાંથી ન બનો જેમનામાંથી એ કે કહ્યું કે, હે બાગબાન ! આવ અને બાગનો દરવાજો ખોલી દે અને જ્યારે હું અને મારો મહબૂબ અંદર આવી જઈએ તો દરવાજો બંધ કરી દે.

એ જ દિવસે મીર છજ્જુ (લખનાર અમીર હસન)નો ભત્રીજો મુરીદ થયો અને બયઅત કરી, અને તેનો ભાઈ શમ્સુદ્દીન મહલૂક થયો, (માથુ મૂંડાવ્યું) અને તે જ દિવસે શયખ જલાલુદ્દીન બાંસવીના પૌત્ર કે નવાસા મહલૂક થયા. અને મૌલાના બુરહાનુદ્દીન ગરીબ સલ્લમહુલ્લાહુ તઆલા નવેસરથી મહલૂક (માથુ મૂંડાવેલ) અને તે જ દિવસે શયખ જલાલુદ્દીન બાંસવીના પૌત્ર કે નવાસા મહલૂક થયા. અને મૌલાના બુરહાનુદ્દીન ગરીબ સલ્લમહુલ્લાહુ તઆલા નવેસરથી મહલૂક (માથુ મૂંડાવેલ) થયા. અને શયખ ઉષ્માન સીવસ્થાનીએ કુલાહની દરખાસ્ત કરી અને કુલાહ પામી અને શમ્સુદ્દીનને ખિર્કો મળ્યો. ઘણો જ રાહતવાળો દિવસ હતો. એ મોકા પર શયખ બદરુદ્દીન ગઝનવી رحمۃ اللہ علیہની હિકાયત વર્ણવી કે જ્યારે તે શયખુલ ઈસ્લામ કુત્બુદ્દીન અવશી (કાકી) رحمۃ اللہ علیہની ખિદમતમાં આવ્યા અને માથાના વાળ ઉતરાવ્યા તો શયખે ફર્માવ્યું, હકીકતમાં ચિરાગ એ વખતે ઓલવાય છે જ્યારે તેના માથેથી તેલ નીકળી જાય છે. (ક્રમશઃ)

## જશ્ને શાદી મુબારક

**જંત્રાણ** : (તા. જંબસર) ખાતે જનાબ હાજી શબ્બીરભાઈ ઉમર ગુલભા (ટેલી. ઓપરેટર)ના નેક ફરઝંદ નઈમ હુસૈનની શાદી મર્હૂમ શાહબુદ્દીન મુહમ્મદ અદભાની નેક દુખ્તર આસિયા સાથે મુ.ચાંદ ૩૦–રજબ હિ.સ. ૧૪૪૫, અં.તા. ૧૧–૦૨–૨૦૨૪ રવિવારના રોજ ઝહોર બાદ રાખવામાં આવી. નિકાહ પુરસાવાળા સૈયદ મુર્તઝાઅલી બાવા સાહબે પઢાવ્યા. તેની ખુશીમાં રૂા. ૧૦૦૦/– મંથલી "બરકાતે ખ્વાજા"ને લિલ્લાહ શબ્બીરભાઈ તરફથી મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં દુલ્હા દુલ્હનની જિંદગીને બરકતો, રહમતો, ખુશીઓથી ભરપુર રાખે. ખૂબ ભલાઈઓ નસીબ કરે. (આમીન) આ જોડાને તેમજ કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

અંજુમને રઝાએ મુસ્તફાના મેમ્બર બનવા માટે ફક્ત **રૂા. ૮૦૦/–** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *–તંત્રી*

| | | | | |
|---|---|---|---|---|
| બેંક ઓફ બરોડા | A/c. No. **34620100000303** Razvi Kitab Ghar | IFSC Code : BARB0DAYADR પાંચમો અંક ઝિરો છે. | Phone pay Google pay Mo. 9427464411 | WhatsApp No. Mo.9664521477 |

## અવામી ગલતફેહમિયાં
### ઔર ઉનકા શરઈ હલ
(નજમી દારુલ ઈફતા-આમોદ)
હપ્તો : ૨૮

### ૧૬. અગર ઔરત ઈદ્દત મેં ન બેઠે, યહાં તક કે ઈદ્દત કા વક્ત ખત્મ હો જાએ તો ક્યા અબ ભી ઉસે ઈદ્દત મેં બેઠના પળેગા ?

યે બાત અવામ મેં કાફી મશહૂર હે કે અગર કોઈ ઔરત ઈદ્દત મેં ન બેઠે ઔર ઈદ્દત કે એહકામ પર અમલ ન કરે, યહાં તક કે ઈદ્દત કા વક્ત ખત્મ હો જાએ તો અબ ભી ઉસે ઈદ્દત મેં બેઠના પળેગા. યે બાત શરઅન્ ગલત હે, ઈસ લિયે કે જૈસે હી શોહરને તલાક઼ દી યા શોહર કા ઈન્તિક઼ાલ હુવા વૈસે હી ઔરત કી ઈદ્દત શુરૂ હો ગઈ ઔર ઈદ્દત કા વક઼્ત મુકમ્મલ હોને પર ઈદ્દત ખત્મ હો જાએગી, ચાહે ઔરત ઈદ્દત મેં બેઠે યા ન બેઠે. હાં ! યે ઝરૂર હે કે ઈદ્દત કે એહકામ પર અમલ ન કરને કી વજહસે ઔરત ગુનેહગાર હૂઈ, ઉસ પર તૌબા લાઝિમ હે, લેકિન ઈસસે ઈદ્દત કે ખત્મ હોને પર કોઈ અષર નહીં પળેગા. ''હિદાયા'' (૨/૩૩૪, કિતાબુત્તલાક મેં હે :–

وابتداء العدة في الطلاق: عَقِيبَ الطلاق، وفي الوفاة: عقيب الوفاة، فإن لم تعلم بالطلاق أو الوفاة حتى مَضَت مدة العدة: فقد انقَضَتْ عِدَّتُها.

**તર્જમા** : તલાક઼ કી સૂરત મેં ઈદ્દત કી ઈબ્તિદા તલાક઼ કે બા'દ સે હોગી ઔર શોહર કી મૌત કી સૂરત મેં ઈદ્દત કી ઈબ્તિદા મોત કે બા'દ સે હોગી તો અગર ઔરત કે શોહર કે તલાક઼ દેને યા શોહર કી મૌત કા ઈલ્મ ન હુવા (જિસકી વજહ સે વોહ ઈદ્દત મેં ન બેઠી) યહાં તક કે ઈદ્દત કી મુદ્દત ખત્મ હોગ ગઈ તો ઉસકી ઈદ્દત મુકમ્મલ હો ગઈ. (અબ ઉસે ઈદ્દત મેં બેઠને કી ઝરૂરત નહી)

''ઈદ્દત કે અંદર ઉસે (યા'ની ઈદ્દતવાલી ઔરત કો શોહર કે મકાન કે અલાવા) દૂસરી જગહ લે જાના હરામ થા ઔર જબ તક વહાં રખા યે ભી હરામ હુવા મગર ઈસ સે ઈદ્દત જાતી ન રહી, મૌત સે ચાર મહીના દસ દિન તક શોહર હી કે મકાન પર રહેના પળેગા.''

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૧૩, સફહા : ૩૩૩)*

### ૧૭. ક્યા ઈદ્દતવાલી ઔરત સવા મહીને કે બા'દ દૂસરી જગહ જા સકતી હૈ ?

કુછ અવામ મેં બિલ્ખુસૂસ ઔરતોં મેં યે મશહૂર હે કે શોહર કી મૌત કે સવા મહીના બા'દ ઈદ્દતવાલી ઔરત દૂસરી જગહ ઈદ્દત ગુઝારને કે લિયે જા સકતી હે, યે સરાસર ગલત ઔર કુર્આન કી આયત કે ખિલાફ હે. કુર્આન કા હુકમ તો યહી હે કે શોહર કે ઈન્તિક઼ાલ કે બા'દ ચાર મહીના દસ દિન તક શોહર કે મકાન મેં હી ઔરત કો ઈદ્દત ગુઝારના ઝરૂરી હે ઔર સખ્ત મજબૂરી કે બગેર દૂસરી જગહ જાના નાજાઈઝ હે. જૈસા કે કુર્આને મજીદમેં હે :–

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا يَّتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ اَرْبَعَةَ اَشْهُرٍ وَّعَشْرًا ۚ

**તર્જમા** : ઔર તુમ મેં જો મર જાએં ઔર બીવિયાં છોળ જાએં તો વોહ બીવિયાં ચાર મહીને ઔર દસ દિન અપને આપ કો રોકે રહેં. *(સૂ. બક઼રહ, ૨/૨૩૪)*

### ૧૮. ક્યા ઈદ્દત કે બા'દ ભી ઔરત ઝેવરાત (દાગીના) નહીં પેહન સક્તી ?

બા'ઝ લોગોં મેં યે ગલતફેહમી પાઈ જાતી હે કે ઈદ્દત કે બા'દ ભી ઔરત ઝેવરાત નહીં પેહન સકતી, યે સોચ ગલત હે. ઈદ્દત કે દોરાન ઔરત કો ઝેવરાત પેહનને સે ઈસ લિયે મના કિયા જાતા હે કે ઉસે શોહર કે ઈન્તિક઼ાલ પર સોગ મનાને કા હુકમ હે, જો કે ઈદ્દત તક બાક઼ી રેહતા હે. ઝાહિર હે કે ઈદ્દત કે બા'દ સોગ નહીં, લિહાઝા ઝેવરાત પહેનને કી ઈજાઝત રહેગી.

હદીષે પાક મેં હે :– ''જો ઔરત અલ્લાહ ﷻ ઔર ક઼યામત કે દિન પર ઈમાન રખતી હે, ઉસે યે હલાલ નહીં કે કિસી મય્યિત પર તીન રાતોં સે ઝયાદા સોગ કરે, મગર શોહર પર કે ચાર મહીને દસ દિન સોગ કરે.''

*(સહીહ બુખારી, જિલ્દ : ૧, સફહા : ૫૩૩, હદીષ નં. ૧૨૮૧/૧૨૮૨)*

➺ અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી *(સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

www.barkatekhwaja.net

**નોંધ : બરકાતે ખ્વાજાના એપ્રિલ-૨૦૨૩ના અંક પછીનું લખાણ શરૂ...**

### ૧૯. આશૂરા મેં દો રોઝે રખના ઝરૂરી હૈ ?

આશૂરા યા'ની દસવીં મુહર્રમ ઔર દીગર મુકૃદસ દિનોં મેં જો નફલી રોઝે રખે જાતે હૈં ઉનકે હવાલે સે કુછ અવામ મેં મશ્હૂર હૈ કે દો રોઝે હી રખે જા સકતે હૈં, સિર્ફ એક રોઝા રખને કી ઈજાઝત નહીં, યહ બાત શરઅન ગલત હૈ. એક રોઝા રખના ભી જાઈઝ હૈ. અલ્બત્તા દો યા ઉસસે ઝયાદા રોઝે રખના મુસ્તહબો બેહતર હૈ.

"બહારે શરીઅત" મેં હૈ :–

"આશૂરા યા'ની દસવીં મુહર્રમ કા રોઝા ઔર બેહતર યે હૈ કે નવ્વીં કો ભી રખે."

*(બહારે શરીઅત, ૧/૨૫, સફા : ૧૦૦૮)*

ઐસા હી "ફતાવા રઝવિય્યહ્" જિલ્દ : ૨૪, સફહા : ૪૯૪ પર હૈ.

### ૨૦. ચાંદ દેખકર ઉસકી તરફ ઉંગ્લી સે ઈશારા કરના કૈસા હૈ ?

ચાંદ દેખકર ઉંગ્લી સે ઉસકી તરફ ઈશારા કરના અવામ મેં રાઈજ હૈ ઔર ઈસ મેં કોઈ હરજ નહીં સમજા જાતા હૈ, જબ કે શરઅન યે મકરૂહે તન્ઝીહી હૈ લિહાઝા ઈસ સે બચના ચાહિયે.

"બહારે શરીઅત" મેં હૈ :–

"ચાંદ દેખ કર ઉસકી તરફ ઉંગ્લી સે ઈશારા કરના મકરૂહ હૈ, અગર ચે દૂસરોં કો બતાને કે લિયે હો." (ક્યૂં કે યે એહલે જાહિલિયત કા અમલ હૈ) *(બહારે શરીઅત, ૧/૫, સફહા : ૯૮૦)*

ઐસા હી "ફતાવા રઝવિય્યહ્" જિલ્દ : ૧૦, સફહા : ૪૬૩ પર હૈ.

### ૨૧. હર મહીને કે ચાંદ કે બારે મેં લોગોં મેં યે મશ્હૂર હૈ કે ફુલાં સૂરત પઢેં ઔર ફુલા ચીઝ દેખેં તો ઈત્ના ષવાબ મિલેગા, ક્યા યે શરીઅત કે એઅ્તેબાર સે સહીહ હૈ ?

હમારે યહાં અવામ મેં યે બહોત મશ્હૂર હૈ કે ફુલાં મહીને કા ચાંદ દેખ કર ફુલાં સૂરત પઢેં ઔર ફુલાં ચીઝ દેખેં તો ઈત્ના ષવાબ હાસિલ હોગા, ચુનાંચે ૧૨ મહીનોં કા એક ચાર્ટ તૈયાર કિયા ગયા હૈ, જો મસ્જિદોં વગૈરા મેં લગાયા જાતા હૈ ઔર બાઝ ઈસ્લામી કેલેન્ડર ઔર માહનામોં મેં ભી ઈસે છાપા જાતા હૈ, નીઝ હર મહીને કે આખિર મેં વોટ્સઅપ, ફેસબુક વગૈરા પર ભી ઈસે કાફી શેર કિયા જાતા હૈ, હાલાં કે **શરીઅત મેં ઈસકી કોઈ હકીકત નહીં,** બલ્કે અહાદીષ ઔર રિવાયાત મેં ચાંદ દેખકર પઢને સે મુતઅલ્લિક કુછ મખ્સૂસ દુઆએં વારિદ હૂઈ હૈં. નીઝ એક દો મખ્સૂસ મહીને કા ચાંદ દેખકર કુછ સૂરતેં પઢને કા ભી ઝિક્ર મૌજૂદ હૈ, જૈસા કે હર મહીને કા ચાંદ દેખકર પઢને કે હવાલે સે એક મશ્હૂર દુઆ "જામેઅ તિર્મિઝી, સુનને દારમી" વગૈરા મુતઅદ્દિદ કુતુબે અહાદીષ મેં મૌજૂદ હૈ, જો કે યે હૈ :

اَللّٰھُمَّ أَھِلَّهُ عَلَیْنَا بِالْأَمْنِ وَالْإِیْمَانِ وَالسَّلَامَةِ وَالْإِسْلَامِ، رَبِّيْ وَرَبُّكَ اللّٰهُ.

અય અલ્લાહ ! ઈસ ચાંદ કો હમ પર અમ્ન, ઈમાન, સલામતી ઔર ઈસ્લામવાલા બના દે. અય ચાંદ ! મેરા ઔર તેરા રબ અલ્લાહ તઆલા હૈ.

અલ્બત્તા ફિક્હો હદીષ કી કિસી ભી કિતાબ મેં વોહ મઝકૂર નહીં જો હમારે યહાં મશ્હૂર હૈ.

અબ રહા યે સવાલ કે હમારે યહાં જો મશ્હૂર હૈ કે "ફુલાં મહીને કા ચાંદ દેખકર ફુલાં સૂરત પઢેં ઔર ફલાં ચીઝ દેખે તો ઈત્ના ષવાબ હાસિલ હોગા" આખિર ઈસ મેં ખરાબી ક્યા હૈ ? ઈસ મેં તો કુર્આને મજીદ કી સૂરત પઢને ઔર એક ચીઝ કો દેખને કે હવાલે સે બતાયા ગયા હૈ ?! ઈસ કા જવાબ યે હૈ કે

www.barkatekhwaja.net

ચાંદ દેખકર કુર્આને કરીમ કી કોઈ સૂરત પળ્હને મેં કોઈ હરજ નહીં, જબ કે ઉસે ઝરૂરી ન સમજા જાએ, યૂં હી ઝરૂરી સમજે બગૈર ચાંદ દેખકર કોઈ ચીઝ દેખને મેં ભી હરજ નહીં, લેકિન **યહાં ખરાબી યે પાઈ જાતી હૈ કે ઈસ મેં યે બતાયા ગયા હૈ કે ઈન દોનોં કામોં કે કરને પર બહોત સારા ષવાબ હાસિલ હોતા હૈ,** જૈસે મુહર્રમ કે હવાલે સે બતાયા ગયા હૈ કે ઈસ મહીને કા ચાંદ દેખકર સૂરએ ફાતિહા પળ્હેં ઔર સોના દેખે તો ચાલીસ હજ્જ કા ષવાબ મિલેગા. ઐસે હી રબીઉલ આખિર કે હવાલે સે બતાયા ગયા હૈ કે ઈસ માહ કા ચાંદ દેખકર સૂરએ ઝિલ્ ઝાલ પળ્હેં ઔર બકરા દેખેં તો એક હઝાર (૧૦૦૦) ગુલામ આઝાદ કરનેકા ષવાબ મિલેગા. ઈસી તરહ દીગર મહીનોં કે બારે મેં ભી બહોત સારા ષવાબ બતાયા ગયા હૈ, લેકિન કહીં ભી ઈસકા કોઈ હવાલા બયાન નહીં કિયા ગયા ઔર ન કિસી હદીષો ફિક્હકી કિતાબ મેં ઈસ કા ઝિક્ર મૌજૂદ હૈ. હાલાં કે કુતુબે હદીષો ફિક્હ મેં ચાંદ કે બારે મેં અલગ સે બાબ મૌજૂદ હૈ, જિસ મેં ચાંદ દેખકર પળ્હને કી દુઆએં બયાન કી ગઈ હૈં, લેકિન કહીં ભી ઉન બાતોં કા ઝિક્ર મૌજૂદ નહીં, જો હમારે યહાં મશ્હૂર હૈં. તો જબ શરીઅત કા યે મુસલ્લમા કાનૂન હૈ તો ફિર ઈસ બાત કી ઈજાઝત કૈસે મિલ સક્તી હૈ કે ચાલીસ હજ્જ કા ષવાબ, એક હઝાર ગુલામ આઝાદ કરને કા ષવાબ, અઝીમ અઝીમ ષવાબ બગૈર કુર્આનો હદીષ કે હવાલે કે બયાન કિયા જાએ, યે વોહ બળી ખરાબી હૈ જો ચાંદ કે બારે મેં મશ્હૂર બાતોં મેં પાઈ જાતી હૈ.

નીઝ યહાં એક બળી ખરાબી કા ક્વી અંદેશા યે ભી હૈ કે અગર આજ ઈન ગલત બાતોં સે અવામ કો રોકા નહીં ગયા તો વોહ દિન દૂર નહીં કે લોગ ઈસ નાજાઈઝ ચીઝ કો ઝરૂરી સમજને લગે, જૈસા કે આજકલ કા મુશાહેદા હૈ કે જબ ભી ચાંદ દેખના હોતા હૈ તો બહોત સે લોગ યે પૂછતે હૈં કે ઈસ મહીને કા ચાંદ દેખ કર કોનસી સૂરત પળ્હતી હૈ ? ક્યા દેખના હૈ ? કિત્ના ષવાબ મિલેગા ? યહાં તક કે બાઝ જગહોં પર તો ઈસ કદ્ર હિમાકત પાઈ જાતી હૈ કે બાકાઈદા મસ્જિદ કે બાહર તલ્વાર, સોના વગૈરા વોહ ચીઝ લાઈ જાતી હૈ ! જિસે ચાંદ દેખને કે બાદ દેખના હોતા હૈ.

તો જબ ઈસ કદર ખરાબિયાં પાઈ જાતી હૈ તો આખિર હમારે યહાં મશ્હૂર ગલત બાતોં કી ઈજાઝત કૈસે દી જા સકતી હૈ ?

જો ઈસ્લામી કેલેન્ડર ઔર માહનામે વાલે ઈનકો છાપતે હૈં, ઉનસે ગુઝારિશ હૈ કે ઈનકી જગહ વોહ સહીહ દુઆએં છાપેં જો અહાદીષ મેં વારિદ હૂઈ હૈં.

''ફતાવા રઝવિય્યહ્''મેં હૈ :–

''યે જો જાહિલોં મેં મશ્હૂર હૈ કે ફુલાં ચાંદ તલ્વાર પર દેખે, ફુલાં આઈને પર, યે સબ જહાલતો હિમાકત હૈં, બલ્કે હદીષ મેં જો દુઆએં ફર્માઈ વોહ પળ્હની કાફી હૈ.'' *(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૧૦, સફહા : ૪૫૯)*

## સદકએ ફિત્ર કે બારે મેં ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

### ૦૧. ક્યા હર મુસલમાન પર સદકએ ફિત્ર નિકાલના ઝરૂરી હૈ ?

ઈસ મેં કોઈ શક નહીં કે સદકએ ફિત્ર નિકાલના હર એક કે લિયે મુસ્તહબો બેહતર હૈ લેકિન બહોંત સે લોગોં મેં યે ગલત ફહમી પાઈ જાતી હૈ કે હર મુસલમાન પર સદકએ ફિત્ર નિકાલના વાજિબો ઝરૂરી હૈ. હાલા કે ઐસા નહીં હૈ, ચુનાંચે સદકએ ફિત્ર કિસ પર વાજિબ હૈ ઈસ કે હવાલે સે ''બહારે શરીઅત''મેં હૈ :–

''સદકએ ફિત્ર હર મુસલમાન આઝાદ માલિકે નિસાબ પર, જિસ કી નિસાબ હાજતે અસ્લિય્યા સે ફારિગ હો, વાજિબ હૈ. ઈસ મેં આકિલ (યા'ની

પાગલન ન હોના) બાલિગ ઔર માલે નામી હોને કી શર્ત નહીં." (હાજતે અસ્લિય્યા યા'ની ઝિંદગી ગુઝારને કે લિયે આદમી કો જિસ ચીઝ કી ઝરૂરત હે, જૈસે રેહને કા મકાન, ઠંડી, ગર્મિયોં મેં પહનને કે કપળે, ખાનાદારી કે સામાન, સવારી કી ગાળિયાં વગૈરા ઔર માલે નામી સે મુરાદ તીન તરહ કે માલ હૈં : (૧) સોના ચાંદી, રૂપે પૈસે, કિસી ભી મુલ્ક કી કરન્સી. (૨) માલે તિજારત (૩) સાઈમા યા'ની ચરાઈ પર છૂટે જાનવર)

"મર્દ માલિકે નિસાબ પર અપની તરફ સે ઔર અપને છોટે (યા'ની નાબાલિગ) બચ્ચે બચ્ચી કી તરફસે વાજિબ હૈ, જબ કે બચ્ચા ખૂદ માલિકે નિસાબ ન હો, વરના ઉસકા સદકા ઉસી કે માલ સે અદા કિયા જાએ, ઔર પાગલ ઔલાદ અગરચે બાલિગ હો જબ કે નિસાબ ન હો તો ઉસકા સદકા ઉસકે બાપ પર વાજિબ હૈ ઔર માલિકે નિસાબ હો તો ખૂદ ઉસકે માલસે અદા કિયા જાએ."

"બાપ ન હો તો દાદા બાપ કી જગહ હૈ યા'ની અપને ફકીર વ યતીમ પોતે પોતી કી તરફસે ઉસ પર સદકા દેના વાજિબ હૈ." *(બહારે શરીઅત, ૧/૫, સફહા : ૯૩૫, ૯૩૬)*

**૦૨. ક્યા સદકએ ફિત્ર અદા કરને કા એક હી તરીકા હૈ ૨.૪૭ કિ.ગ્રા. ગેહૂં યા ઉસકી કીમત દી જાએ ?**

હમારે યહાં યે મશ્હૂર હૈ કે સદકએ ફિત્ર અદા કરને કા એક હી તરીકા હૈ, વો યે કે ૨.૪૭ કી. ગ્રા. ગેહૂં યા ઉસકી કીમત યા ઉતની માલિયત કા કોઈ સામાન દિયા જાએ, હાલાં કે યે ગલત હૈ, યે ઉપર બયાન કરદા તરીકા તો હૈ કે લેકિન ઈસ કે સાથ એક ઔર તરીકા યે ભી હૈ કે ૫.૭૫ કિ. ગ્રા. ખજૂર યા કિશમિશ યા જવ દિયે જાએં યા ઈનકી કીમત યા ઉતની માલિયત કા કોઈ સામાન દિયા જાએ.

સદકએ ફિત્ર કી અદાઈગી કે યે દોનોં તરીકે હૈં, ઈન મેં સે જિસ પર અમલ કિયા જાએ વાજિબ અદા હો જાએગા, અલ્બત્તા બેહતર યે હૈ કે જિસ કી જૈસી હૈષિયત હો ઉસ તરીકે સે વો સદકએ ફિત્ર અદા કરે તાકે ઝયાદા સે ઝયાદા ફકીરોં કી મદદ હો.

"બહારે શરીઅત"મેં હૈ :–

"સદકએ ફિત્ર કી મિકદાર યે હૈ : ગેહૂં યા ઉસકા આટા યા સત્તુ નિસ્ફ સાઅ. (૨.૪૭ કિ. ગ્રા.) ખજૂર યા મુનક્કા (કિશમિશ) યા જવ યા ઉસકા આટા યા સત્તુ એક સાઅ (૪.૯૪ કિ. ગ્રા.)

"ગેહૂં ઔર જવ કે દેને સે ઉનકા આટા દેના અફઝલ હૈ ઔર ઉસસે અફઝલ યે કે કીંમત દે દે."

"ઈન ચાર ચીઝોં કે અલાવા અગર કિસી દૂસરી ચીઝ સે ફિત્રા અદા કરના ચાહે, મષલન ચાવલ, જવાર, બાજરા યા ઔર કોઈ ગલ્લા યા ઔર કોઈ ચીઝ દેના ચાહે તો કીંમત કા લિહાઝ કરના હોગા યા'ની વો ચીઝ આધે સાઅ ગેંહૂં યા એક સાઅ જવ કી કીમત કી હો." *(બહારે શરીઅત, ૧/૫, સફહા : ૯૩૮, ૯૩૯)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂ. ૪૫૦/–** (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

તઝકેરતુલ અવલિયા

# હઝરત ફતહ મૂસલી رحمۃ اللہ علیہ

ના

## હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપની ગણના મશાઈખીને કિરામમાં થાય છે અને આપને ઝિક્રે ઈલાહીથી મહોબ્બત અને મખ્લૂક઼થી નફરત હતી. નકલ થયેલ છે કે કોઈકે એક બુઝુર્ગને કહ્યું કે ફતહ મૂસલી જાહિલ છે. તેમણે જવાબ આપ્યો કે જે દુનિયાને ખૈર બાદ (અલવિદા) કહી દે તેનાથી મોટો આલિમ કોણ હોઈ શકે છે ?!

**હાલાત** : એકવાર મોડી રાતે હઝરત સર્રી સકતી رحمۃ اللہ علیہ આપનાથી મુલાકાત માટે ચાલ્યા તો રસ્તામાં સિપાહીઓએ ચોર સમજીને પકડી લીધા અને સવારે જ્યારે સર્વ કેદીઓને ક઼ત્લનો હુકમ આપવામાં આવ્યો તો આપના નંબર પર જલ્લાદે હાથ રોકી લીધો, અને જ્યારે તેને કારણ પૂછવામાં આવ્યું તો બતાવ્યું કે એક વૃધ્ધ ખુદા રસીદા (બુઝુર્ગ) મારી સામે ઉભા રહીને મના કરી રહ્યા છે અને તે બુઝુર્ગ ફતહ મૂસલી છે. જેથી આપને છોડી આપવામાં આવ્યા અને આપ ફતહ મુસલીની સાથે ચાલ્યા ગયા.

એકવાર આપે લુહારની ભઠ્ઠીમાં હાથ નાખીને લોખંડનો એક ગરમ ટુકડો હાથમાં લઈને ફર્માવ્યું કે આનુ નામ સિદ્દ્ક઼ (સત્ય) છે. આપે હઝરત અલી رضی اللہ عنہ ને ખ્વાબમાં નસીહત કરવાની વિનંતિ કરી તો તેમણે ફર્માવ્યું કે સવાબની નિયત સાથે અમીરો માટે ફક઼ીરોની તવાઝોઅ (આજીજી) ખૂબ જ યોગ્ય છે, પરંતુ એનાથી અધિક સારુ એ છે કે ફકીરો અમીરોથી નફરત કરે.

એક ભગ્નહૃદયી નવયુવાન સાથે મસ્જિદમાં આપની મુલાકાત થઈ તો તેણે અર્ઝ કરી કે હું એક મુસાફર છું અને કેમ કે મુક઼ીમ લોકો પર મુસાફરનો હક્ક઼ હોય છે એટલા માટે હું એવું કહેવા હાજર થયો છું કે કાલે ફલાણી જગાએ મારું મૃત્યુ થશે જેથી આપ ગુસ્લ આપીને આ જ જૂનાં કપડામાં મને દફન કરી આપજો. જેથી જ્યારે આગલા દિવસે આપ તશરીફ લઈ ગયા તો એ નવ જવાનનો ઈન્તેકાલ થઈ ચૂક્યો હતો. અને આપ જ્યારે તેની વસિયત મુજબ અમલ કરીને કબ્રસ્તાનથી પરત થવા લાગ્યા તો કબરમાંથી અવાજ આવ્યો કે ફતહ મૂસલી ! જો મને કુર્બે ખુદાવંદી હાંસલ થઈ ગયો તો હું આપને એનો બદલો આપીશ. પછી કહ્યું કે દુનિયામાં એ રીતે જિંદગી પસાર કરો કે હયાતે અબદી (કાયમી જિંદગી) હાંસલ થઈ જાય.

એકવાર ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી) કરતાં કરતાં આપની આંખોથી આંસુંઓને બદલે લોહી વહેવા લાગ્યું. અને જ્યારે લોકોએ પૂછયું કે આપ આટલા પ્રમાણમાં શા માટે રડતા રહો છો ? તો ફર્માવ્યું કે ગુનાહોના ડરથી. (આ ખૂબ નેકીઓ ધરાવનારા બુઝુર્ગની હાલત છે તો પછી આપણે ગુનેહગારોએ તો કેટલા ડરવું જોઈએ ?! ખુદા તૌફીક આપે. અનુવાદક)

કોઈએ નઝરાણા રૂપે પચાસ દિરહમ આપની ખિદમત પેશ કરતાં અર્ઝ કરી કે, હદીષમાં એવું આવ્યું છે કે **જેને માગ્યા વિના કાંઈ હાંસલ થયું તેને જો તે કબૂલ ન કરે તો તેને ખુદાની નેઅમતનો મુન્કિર કહેવામાં આવશે.** આ સાંભળીને આપે તેમાંથી કેવળ એક દિરહમ ઉઠાવી લીધો જેથી નેઅમતને નકારનાર ન બને.

**આપના આદેશ** : આપ ફર્માવ્યા કરતા હતા કે મેં ત્રીસ વરસો અબ્દાલો સાથે ગુજાર્યાં અને સૌએ એ જ નસીહત કરી કે મખ્લૂક઼થી દૂરી અપનાવો અને ઓછુ ખાવ. જેવી રીતે બીમાર પર વિના કારણે ખાવા

❐ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❐ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

www.barkatekhwaja.net

પાણી બંધ કરવાથી મૃત્યુ થઈ જાય છે, એ જ રીતે **ઈલ્મ** તથા **હિકમત** અને **મશાઈખીનની નસીહત વગર દિલ મુર્દા થઈ જાય છે.** ફર્માવ્યું કે આરિફની દરેક વાત અને દરેક અમલ અલ્લાહ તરફથી થતો રહે છે અને તે ખુદા સિવાય કોઈનો તલબગાર નથી રહેતો. અને **જે બંદો નફસનો વિરોધ કરે છે તે જ ખુદાનો ખલીલ છે** અને દુનિયાનો તાલિબ, ખુદાનો તાલિબ કદી નથી થઈ શકતો. આપની વફાત બાદ કોઈએ ખ્વાબમાં જોઈને આપને પૂછયું કે અલ્લાહ તઆલાએ આપની સાથે શો વર્તાવ કર્યો ? ફર્માવ્યું કે તેણે મારી મગફિરત કરીને ફર્માવ્યું કે **તું ગુનાહોથી ખૂબ રડયા કરતો હતો એટલા માટે અમે ફરિશ્તાઓને હુકમ આપી દીધો કે તારા કોઈ ગુનાહો ન લખે.**

## હઝરત અહમદ હવ્વારી رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ

આપ શરીઅત તથા તરીકતના સમંદરના તરવૈયા હતા, અને અન્ય પણ ઘણી સિફતો આપનામાં મૌજૂદ હતી. અને લેખકના કથનાનુસાર આપને શામના રયહાન (ખુશ્બુદાર છોડ) કહેવામાં આવતા હતા.

**આપના હાલાત** : આપ હઝરત સુલૈમાન દારાનીના મુરીદોમાંથી હતા અને સુફયાન બિન અયનિયાથી પણ સોહબતનો ફયઝ હાંસલ કર્યો હતો. તદ્ ઉપરાંત આપની વાતો (વાણી)માં ખૂબ જ અધિક અસર હતી. ઈલ્મ પ્રાપ્તિ બાદ મોટા ભાગે વાંચન (અભ્યાસ)માં વ્યસ્ત રહેતા હતા, પરંતું છેવટમાં સર્વ કિતાબો દરિયામાં ફેંકી દીધી અને ફર્માવ્યું કે હેતુ પ્રાપ્તિ પછી હુજ્જત તથા રહનુમાની હાજત નથી રહેતી. પરંતું અમુક હઝરાત આપના આ અમલને આલમે વજ્દનો સબબ બતાવે છે. પોતાના મુર્શિદ હઝરત સુલેમાન દારાની رحمۃ اللہ علیہથી આપનો એ મામલો હતો કે આપણે બંને કોઈ વાતમાં એક બીજાથી મતભેદ નહીં કરીએ. જેમ કે એકવાર હઝરત સુલૈમાન વજ્દના આલમમાં હતા એવામાં આપે અર્ઝ કર્યું કે ભઠ્ઠી ગરમ છે, જેવો હુકમ થાય તેવું કરવામાં આવે. તેમણે એ જ વજ્દાની કૈફિયતમાં કહી આપ્યું કે તમે પોતે જઈને ભઠ્ઠીમાં બેસી જાવ. અને આપ કરાર મુજબ તરત જ ભઠ્ઠીમાં જઈને બેસી ગયા. અને પછી થોડીક વાર બાદ જ્યારે હઝરત સુલૈમાનને યાદ આવ્યું કે મેં તો વજ્દની હાલતમાં તેમને કહી આપ્યું હતું, જેથી તલાશ કરતાં જોયું કે આપ ભઠ્ઠીમાં બેઠેલા છે, અને જ્યારે હઝરત સુલૈમાનના કહેવા પર બહાર નીકળ્યા તો આગે આપના પર કોઈ અસર કરી ન હતી ! (સુબ્હાનલ્લાહ !)

**આપના આદેશો** : ફર્માવ્યા કરતા હતા કે જ્યાં સુધી બંદો સાચા દિલથી શર્મિંદગી પ્રદર્શિત ન કરે ત્યાં સુધી ઝબાની તૌબા નિરર્થક છે. અને જ્યાં સુધી ઈબાદત તથા રિયાઝતમાં જિદ્દો જહદ સામેલ ન હોય ત્યાં સુધી ગુનાહથી દૂર નથી થઈ શકતો, અને આ અમલ પછી જ મહોબ્બત તથા દીદારે ઈલાહી નસીબ થાય છે. ફર્માવ્યું કે મઅરેફતની અધિકતા બુધ્ધિની અધિકતા પર આધારિત છે. અને ખૌફઝદા (ડરતા રહેનારા)નો સહારો ઉમ્મીદ છે. ફર્માવ્યું કે સમયના વેડફાઈ જવા પર રડવું લાભદાયી છે અને દુનિયાની મહોબ્બત એ ચિંતનની દુશ્મન છે. અને જે નફ્સને ઓળખનાર ન હોય તે અભિમાની છે. અને ગફલત તથા સંગદિલી (સખત દિલવાળા હોવું)થી મોટો કોઈ અઝાબ નથી. ફર્માવ્યું કે અંબિયાએ કિરામે મૌતને એટલા માટે બુરુ ધાર્યું કે તે યાદે ઈલાહીથી કટ કરી દે છે. ફર્માવ્યું કે ઈબાદતને પસંદીદા સમજદાર ખુદાનો મહબૂબ હોય છે અને જે ખુદાને એટલા માટે મહબૂબ સમજે છે કે તેનાથી નેઅમતો પ્રાપ્ત કરે તો તે જાણે કે મુશ્રિક છે, બલ્કે ખુદાને વિના કોઈ લાલચે મહબૂબ ખયાલ કરનાર જ તેનો મહબૂબ હોય છે. *(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

મસ્અલા-૬

# શફાઅત કિતાબ તથા સુન્નતની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
*(સદર : દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા-મુબારકપુર)*
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## ★ શફાઅતના વિશે વહાબીઓની માન્યતા ★

પરંતુ આ હદીષો અને સલફ તથા ખલફ (આગલા પાછલા બુઝુર્ગો)ની વિરૂધ્ધ વહાબીઓ શફાઅતના અક્રીદાને શિર્ક અને એ અકીદો રાખનારને મુશ્રિક ઠરાવે છે અને પોતાના તરફથી શફાઅતનો એવો અર્થ કરે છે જે ઉમ્મતના અક્રીદાથી વિરૂધ્ધ છે.

## ★ વહાબીઓના ઈમામની દલીલની હક્રીક્રત ★

જેમ કે તક્રવિયતુલ ઈમાનમાં ઈમામુલ વહાબિયા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે : પયગંબરે ખુદાના સમયમાં કાફિર પણ પોતાની મૂર્તિઓને અલ્લાહના બરાબર સમજતા ન હતા બલ્કે તેની જ મખ્લૂક્ર અને તેનો જ બંદો સમજતા હતા અને તેમને તેમના બરાબરીની તાક્રત સાબિત કરતા ન હતા, પણ આ જ પુકારવું અને મન્નતનો માનવી અને નઝરો નિયાઝ કરવી અને તેમને પોતાના વકીલ તથા **સિફારિશી** સમજવા એમનું કુફ્ર તથા શિર્ક હતું.

જેથી જે કોઈ કોઈની સાથે એવો મામલો કરશે, ભલે તેને અલ્લાહનો બંદો અને મખ્લૂક જ સમજે તો અબૂ જહલ અને તે શિર્કમાં સરખા છે." *(તક્રવિયતુલ ઈમાન, પેજ-૭,૮, પહેલા બાબ તૌહીદ વ શિર્ક કે બયાનમેં, રાશિદ કંપની, દેવબંદ)*

## ★ વહાબીઓની દલીલ અસ્થાને છે ★

لا إله إلا الله ! કેવી અસ્થાને દલીલ છે !

★ "મુશ્રિકો" પોતાની "મૂર્તિઓને" સિફારિશી સમજતા હતા.

★ અને "મુસલમાન" પોતાના "રસૂલ"ને સિફારિશી સમજે છે.

જેથી એ બંનેવ કાફિર તથા મુશ્રિક ઠર્યા, બલ્કે એ મુસલમાન તથા અબૂ જહલ આ બંનેવ શિર્કમાં સરખા થયા.

આ લખાણમાં મુસલમાનોને "મુશ્રિકો"ના દરજામાં રાખવામાં આવ્યા છે અને રસૂલે મોઅઝ્ઝમ ﷺને "મૂર્તિઓ"ના દરજામાં ! શું આ જ છે ઈસ્લામ ?! અને આ જ શુધ્ધ તૌહીદ છે ?!

મુસલમાનોના માટે અંબિયાએ કિરામ, ખાસ કરીને સૈયદુલ અંબિયા ﷺનું શફીઅ તથા સિફારિશી (શફાઅત તથા ભલામણ કરનાર) હોવું કિતાબુલ્લાહ તથા સહીહ હદીષોથી સાબિત છે, જેમ કે અગાઉનાં લખાણો એના માટે સાક્ષી છે, તો શું મુશ્રિકોના માટે પણ કોઈનું શફીઅ તથા સિફારિશી હોવું સાબિત છે ? એવું કદાપિ નથી ! જેમ કે કુર્આને કરીમમાં છે :-

إِنَّ اللّٰهَ لَا يَغْفِرُ أَنْ يُّشْرَكَ بِهٖ وَيَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ

"બેશક ! અલ્લાહ શિર્કને માફ નહીં કરે અને એની નીચે જે કાંઈ છે જેને ચાહે બખ્શી દેશે."

*(સૂ. નિસાઅ, ૪/૪૮)*

અલ્લાહ તઆલા ફર્માવે છે :-

وَلَا يَمْلِكُ الَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِهِ الشَّفَاعَةَ إِلَّا مَنْ شَهِدَ بِالْحَقِّ وَهُمْ يَعْلَمُوْنَ

"અને જેમને તેઓ અલ્લાહના સિવાય પૂજે છે શફાઅતનો અધિકાર નથી ધરાવતા. હા ! શફાઅતનો અખત્યાર તેને છે જે હક્કની ગવાહી આપે અને ઈલ્મ ધરાવે." *(સૂ. ઝુખ્રૂફ, ૪૩/૮૬)*

આ મુબારક આયતોનો સારાંશ એ છે કે શિર્ક તથા મુશ્રિકની બખ્શિશ કદી થશે નહીં, જેથી તેમની બખ્શિશના માટે કોઈ સિફારિશ પણ સ્વીકાર્ય થશે નહીં. અને આ મુશ્રિકો જેમને અલ્લાહના સિવાય પૂજો છો તેમને તેમની સિફારિશનો અખત્યાર પણ હશે નહીં.

આ રીતે કયામતના દિવસે મુશ્રિકોનો ન કોઈ મદદગાર હશે ન સિફારિશી.

★ મુસલમાનોનો શફાઅતનો અકીદો કિતાબ તથા સુન્નતના પ્રમાણે છે અને મુશ્રિકોનો શફાઅતનો અકીદો કિતાબ તથા સુન્નતની વિરૂધ્ધ છે.

★ મુસલમાનોના હક્કમાં અંબિયાનું શફીઅ હોવું કિતાબ તથા સુન્નતથી સાબિત છે અને મુશ્રિકોના હક્કમાં તેમના મઅબૂદો (મૂર્તિઓ)નું શફીઅ હોવું બાતિલ તથા મરદૂદ છે.

પછી મુસલમાનોને મુશ્રિકોના દરજા (કક્ષા)માં અને નબીઓને મુશ્રિકોના બાતિલ મઅબૂદોની કક્ષામાં રાખવા એ ક્યાંનો ઈન્સાફ છે ? શું આ જ છે ઈસ્લામ ?! શું આ જ હદીષ પર અમલ છે ?!

સારાંશ મુસલમાનોના હક્કમાં અંબિયાએ કિરામ તથા સૈયદુલ અંબિયા ﷺનું શફાઅત ફર્માવવું કિતાબ તથા સુન્નતથી સાબિત છે, એટલા માટે મુસલમાનોનો શફાઅતનો અકીદો હક્ક છે અને તેને શિર્ક ઠરાવવું એ ખુલ્લમ ખુલ્લા કિતાબ તથા સુન્નતથી ભાગવું (વિમુખ થવું) છે.

## શફાઅત વિશે સમજૂતી

કિતાબુલ્લાહની રોશન આયતો અને રસૂલુલ્લાહ ﷺની મુતવાતિર હદીષો તથા સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો ઉલમા)ના ઈજમાઅથી એ હકીકત અલમ નશ્રહ (જાહેર) થઈ ચૂકી છે કે કયામતના દિવસે અંબિયાએ કિરામ હઝરાત ખાસ કરીને સૈયદુલ અંબિયા ﷺ અલ્લાહની બારગાહમાં તેના મોમિન બંદાઓની શફાઅત કરશે અને એ શફાઅત કબૂલ પણ કરવામાં આવશે. એટલા માટે એ જરૂરી છે કે શફાઅતની એવી યોગ્ય સ્પષ્ટતા કરવામાં આવે જે કિતાબ તથા સુન્નત (કુર્આન તથા હદીષ) અને ઈજમાઅના પ્રમાણે હોય. એવી સ્પષ્ટતા ન હોવી જોઈએ કે શફાઅત કુફ્ર તથા શિર્ક થઈ જાય અને કદી થઈ ન શકે, કેમ કે એ તશરીહ નથી પણ તેહરીફ (હેરફેર) છે અને ખરેખર એ શફાઅતનું સમર્થન નથી પણ ઈન્કાર છે. જેવું કે ઈમામુત્તાઈફા (ઈસ્માઈલ દહેલ્વી)એ તકવિયતુલ ઈમાન (પેજ–૨૬, ૨૭, ૨૮, રાશિદ કંપની, દેવબંદ)માં એ જ પ્રકારની તશરીહ કરી છે. એટલા માટે ઈમામે અહલે સુન્નત, આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એના બાબતે પોતાનો મત પેશ કર્યો છે. ફર્માવે છે :

"વળી પુષ્કળ હદીષો ગવાહ છે કે તેનો ઘડેલ અર્થ કદાપિ લાગુ ન થશે, તો તેણે એ પર્દામાં અસલ શફાઅતનો ઈન્કાર કર્યો કે જે માને છે તે થશે નહીં અને જે થશે તેને માનતો નથી. જેમ કે કોઈ કહે કે હું ઈન્સાનના અસ્તિત્વનો મુન્કિર નથી, પણ લોકો જેને ઈન્સાન કહે છે તે અસ્તિત્વમાં નથી. મૌજૂદ તે છે જેના પાંચ હાથ હોય અને બાવીસ કાન, અને સત્તાવીસ નાકો અને પીસ્તાળીસ મોં, અને પહાડ પર ચઢીને ઝાડ પર વસવાટ કરતો હોય. દરેક બુધ્ધિશાળી સમજી જશે કે આ મૂર્ખ મુદલે ઈન્સાનનો જ મુન્કિર છે, ભલે ધોકા રૂપે શબ્દ ઈન્સાનનો ઈકરાર કરે છે." *(હાશિયા તજલ્લિયુલ યકીન, પેજ–૧૨૧, ૧૨૨, અહાદીષે શફાઅત, દારુલ ઈશાઅત, બ્રાઉન શરીફ, બસ્તી)*

*(ક્રમશઃ)*

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન
બીજી સદીના મુજદ્દિદ ૨

# હઝરત અશ્હબ બિન અબ્દુલ અઝીઝ બિન દાઊદ કૈસી માલિકી رَحْمَۃُاللہِعَلَیْہِ

(હિ.સ. ૧૫૦ થી ૨૦૪)

(કાર્યાલય)

જ્યારે દુનિયા ઝલાલત તથા ગુમરાહી અને શિર્ક તથા ખરાબીનું કેન્દ્ર બની જાય છે, દુનિયાભરમાં કુફ્ર તથા શિર્ક, બિદઅત તથા ગુમરાહી, દીન પ્રત્યે સુસ્તી તથા બેપરવાઈ, અને બારગાહે ઈલાહી તથા શાને રિસાલતમાં બેઅદબીઓના વિનાશકારી જંતુઓ સંપૂર્ણપણે ફેલાય જાય છે, ડાકૂ તથા બદમાશ પ્રકારના લોકો રુશ્દો હિદાયત (સહી માર્ગદર્શન)નો ઢોંગ રચીને વિભાજન તથા ફાટફૂટ અને ગુમરાહીનું બજાર ગરમ કરી આપે છે, મુસ્લિમ ઉમ્મતના ઈમાન તથા ઈસ્લામના મર્કઝોને તોડવા માટેનુ શૈતાની મિશન, ફરિશ્તા સૂરત તથા બદબાતિન ધાર્મિક પેશવા પોતાના હાથોમાં લઈ લે છે, ત્યારે આવા નુકસાનકર્તા તથા અંધકારમય માહોલમાં મુખ્તારે દોજહાં ﷺના મુબારક આદેશ :–

إنّ الله عز وجلّ يبعث لهٰذه الأمة علىٰ رأس كلّ مائة سنة من يجدد لها أمر دينها

"અલ્લાહ તબારક વ તઆલા આ ઉમ્મતના દરેક સો વરસ પર એવા શખ્સને મોકલશે જે દીનને ઝિંદા કરશે." (અબૂ દાઊદ)ના મુજબ દરેક સદીમાં કોઈ ન કોઈ મુજદ્દિદ જરૂરથી પેદા થાય છે જે દીનના નવીનીકરણ તથા તેને ઝિંદા કરવાનુ કામ માથે લે છે. જેનાં નૂરાની કિરણોથી બાતિલ પરસ્તોની આંખો અંજાય જાય છે અને મુસલમાનોનાં દિલો જગમગી ઉઠે છે. જેમની હિદાયતની કોશિશોથી બેહકી રહેલી અને ગુમરાહીની તરફ વધી રહેલી દુનિયા પોતાની દિશા બદલીને સિરાતે મુસ્તકીમ તરફ આવી જાય છે.

બીજી સદી હિજરીના માટે કુદરતની નજરોએ સમયના અઝીમ તરીન તથા અરબ તથા અજમમાં મશહૂર, શરીઅતના રહસ્યોની બારીકીઓ સમજાવનાર અને ઈસ્લામના સાચા મુબલ્લિગ, ફકીહે મિસ્ર અશ્હબ બિન અબ્દુલ અઝીઝ માલિકી (رحمۃ اللہ علیہ)ની પસંદગી કરી જે મન્સબે તજદીદ (મુજદ્દિદ હોવાના સ્થાન)ના પાત્ર અને

والذي ينبغي أن يكون المبعوث على رأس المائة رجلا مشهورا معروفا مشارا إليه وقد كان قبل كل مائة أيضاً يقوم بأمر الدين

"સો વરસ પૂર્ણ થવા પર આવવાવાળો એવો શખ્સ હોય જે મશહૂર તથા પ્રખ્યાત અને દીની મામલાઓમાં લોકોનું કેન્દ્ર (શરણ) સ્થાન હોય" *(મિર્કાતુસ્સઊદ, સુનને અબૂ દાઊદ)*ના માપદંડ પર પૂર્ણપણે ઉતરતા હતા.

ખુલૂસ તથા લિલ્લાહિયત, ઈલ્મો ફઝ્લ, બુધ્ધિ કૌશલ્ય તથા દિમાગની તેજી, બુલંદ અખ્લાકી તથા આ'લા કાબેલિયત, સારાંશ કે સર્વ ઉચ્ચ ખૂબીઓ તેમની અંદર જમા હતી. ઈસ્લામી ખયાલો તથા માન્યતાઓના પ્રચારક તથા મુબલ્લિગ, ઈશ્કે રિસાલતમાં કામિલ, શરીઅત તથા તરીકતના સંગમ, અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો)નો ઉચ્ચ નમૂનો, ફર્ઝો તથા વાજિબો અને સુન્નતો તથા મુસ્તહબોનો મુહાફિઝ, ટૂંકમાં એ કે તે પોતાના સમયના દુર્લભ તથા અનુપમ શખ્સિયત હતા, અને જે ખૂબીઓ એક મુજદ્દિદમાં જોઈએ તે આપનામાં અધિક કક્ષાએ મૌજૂદ હતી.

**નામ મુબારક** : શહબ, અમુક લોકોએ આપનુ નામ મિસ્કીન તથા લક્બ અશ્હબ બતાવ્યો છે, જેવું કે ''સિયરે અઅલામુન્નબલા''માં છે : يقال: إسمه مسكين وأشهب لقب له ''પરંતું રાજેહ (પસંદીદા) એ છે કે તેમનું નામ અશ્હબ છે.''

**કુન્નિયત** : અબૂ ઉમર છે. *(વફયાતુલ અઅયાન, ૧/૨૩૯)*

**પેઢીનામુ** : અશ્હબ બિન અબ્દુલ અઝીઝ બિન દાઊદ બિન ઈબ્રાહીમ કૈસી માલિકી.

**જન્મ મુબારક** : હિ. ૧૫૦માં ઈમામ અશ્હબ માલિકી رحمۃ اللہ علیہ મિસરમાં પેદા થયા. અબૂ જઅફર બિન જઝારે ફર્માવ્યું કે તેમનો જન્મ હિ.સ. ૧૪૦માં થયો. *(વફયાતુલ અઅયાન, ૧/૨૩૯)*

**આપના શયખો** : આપે પ્રારંભિક તથા પ્રાથમિક તાલીમ પોતાના ઘરમાં જ હાંસલ કરી અને ઉચ્ચ તાલીમ પોતાના સમયના મહાન મહાન ફકીહો, મુહદ્દિષો તથા ઈસ્લામના મુજતહિદોની બારગાહથી હાંસલ કરી જેમણે રસૂલુલ્લાહ ﷺની જાનશીનીનો હક્ક અદા કર્યો અને ઉમ્મતે મુહમ્મદિયા علی صاحبها الصلوۃ والسلام ને સીધા માર્ગે લાવવા માટે હમેશાં કોશિશમાં લાગેલા રહ્યા. તેમનામાં અમુક નામવર શખ્સિયતો આ પ્રમાણે છે : લૈષ બિન સઅદ, યહ્યા બિન ઐયૂબ, સુલેમાન બિન બિલાલ, બકર બિન મઝર, દાઊદ બિન અબ્દુર્રહમાન અત્તારી, ફુઝૈલ બિન અયાઝ رحمۃ اللہ علیہم اجمعین

પરંતું આપે ફિક્હનો ઈલ્મ ખાસ કરીને ઈમામ માલિક ઈબ્ને અનસ رحمۃ اللہ علیہથી હાંસલ કર્યો અને તેમની નઝરે ઈનાયતથી ફિક્હના ઈલ્મમાં એવો મક઼ામ હાંસલ કરી લીધો કે ઈમામ શાફઈ જેવા જલીલુલ ક઼દર મુજતહિદ તથા ફક઼ીહ પણ તેમની પ્રશંસામાં કહે છે : ما أخرجت مصر أفقه من أشهب 'મિસરમાં તેમના જેવો ફક઼ીહ પેદા નથી થયો.'' *(ઉપર મુજબ)*

**આપના શાગિર્દો** : આપે આપની જિંદગીના એક એક ખૂણાને દીનની ખિદમત, સુન્નતોને ઝિંદા કરવું, દીનને જીવંત કરવું અને નબી કરીમ ﷺના ઈલ્મે શરીઅતના વારસાને ખુદાની મખ્લૂક઼ સુધી પહોંચાડવામાં વ્યસ્ત રાખ્યો. દર્સ તથા તદરીસ, અને તાલીમો તઅલ્લુમની ખિદમત અંજામ આપીને એવા એવા સમયના આ'લા કક્ષાના અનુપમ હીરાઓ પેદા કર્યા જેઓ પોત પોતાના સમયના મહાન મુફતી, ફક઼ીહ, મુહદ્દિષ અને સૂફી બનીને ચમકયા, પોતાની પૂરી જિંદગીમાં લોકોનું મર્કઝ બનીને રહ્યા અને આ દુનિયા પર દીનનો પરચમ હમેશાં બુલંદ કરતા રહ્યા. જેમની યાદી આ પ્રમાણે છે :

હારિષ બિન મિસ્કીન, યૂનુસ બિન અબ્દુલ આ'લા, બહર બિન નસ્ર, મુહમ્મદ બિન અબ્દુલ હકીમ, મુહમ્મદ બિન ઈબ્રાહીમ બિન મવાર, ફક઼ીહે મિસ્ર સહનૂન બિન સઈદ, ફક઼ીહે ઉન્દલુસ અબ્દુલ મલિક બિન હબીબ, ઝવનાન, હારૂન બિન ઈલી વગેરે.

**સારા અખ્લાક તથા ઉમદા ખૂબીઓ** : આપનામાં તે સર્વ અખ્લાકી ઉમદાપણુ મૌજૂદ હતું જે એક માનવીને દુનિયા તથા આખેરતમાં કામયાબ તથા સફળ બનાવવા માટે પૂરતુ હોય છે. ઝોહદ તથા વરઅ, અને તક઼્વો તથા પાકીઝગી આપની વિશિષ્ટ તથા અનોખી ખૂબી હતી. આપ ઘણા જ ક઼નાઅત પસંદ (થોડામાં રાજી રહેનારા) તથા ખુદ્દાર હતા. ખુદ જુલ્મ સહન કરતા પણ અન્યોનો ખયાલ રાખતા. શુજાઅત તથા બહાદુરી આપનો એક મહત્વનો ગુણ હતો. અયબજોઈ અને બીજાઓની ગીબત અને આક્ષેપબાજી જેવી બુરી આદતોથી આપનો દામન પાક હતો. સખાવત તથા ગરીબોની કાળજી લેવી આપની વિશિષ્ટ ખૂબી હતી. હમેશાં અને દરેક

www.barkatekhwaja.net

હાલતમાં પોતાના આત્મસન્માનનો ખયાલ રાખતા હતા. *(તબ્કાતુલ માલિકા, ૧/૮૮, દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત)*

**બુઝુર્ગી તથા મહાનતા અને ઉચ્ચ કમાલો :** એક મુજતહિદની અંદર જે રીતના ફઝાઈલ તથા સારી ખૂબીઓ તથા ઈલ્મી કમાલો હોવા જોઈએ તે સર્વ ફઝાઈલ તથા ખૂબીઓ આપનામાં ઉત્તમ કક્ષાએ મૌજૂદ હતાં. આપ એક લાયકાતધારી સજ્જન, ઈલ્મવાળા, લાભ પહોંચાડનાર ફક઼ીહ, મુહક્કિક઼ તથા મુહદ્દિષ હોવાની સાથોસાથ મન્સબે તજદીદ (મુજદ્દિદના સ્થાન) પર પણ બિરાજમાન હતા. નીચેના લખાણમાં આપના ફઝ્લો કમાલ તથા ઈલ્મી કમાલો પર ફકીહો તથા મુહદ્દિષોનાં કથનો રજૂ કરવામાં આવે છે :

**ઈમામ શાફઈ** رحمۃ اللہ علیہ **ફર્માવે છે :** મિસરની ભૂમિમાં ઈમામ અશ્હબ ઈબ્ને અબ્દુલ અઝીઝ જેવો ફક઼ીહ કોઈ પેદા નથી થયો. જો એમનામાં ઉતાવળાપણુ ન હોત. *(સિયરુલ અઅલામુન્નબલા, ૮/૩૨૩)*

**અલ્લામા અબૂ ઉમર ઈબ્ને અબ્દુલ બરે** આપના ઈલ્મો કમાલનો સ્વીકાર આ શબ્દોમાં કર્યો છે : "ઈમામ અશ્હબ માલિકી સારી રાય, દીર્ઘ દષ્ટિવાળા, ઊંડી સોચ તથા ઊંડી સમજવાળા હતા. ઈબ્ને અબ્દુલ હકમે રાય (મંતવ્ય)ની પુખ્તગીમાં અશ્હબ માલિકીને ઈબ્ને ક઼ાસિમ પર ફઝીલત તથા અગ્રતા આપી. એ વાત મુહમ્મદ ઈબ્ને ઉમર ઈબ્ને લબાબા ઉન્દલુસીને વર્ણવવામાં આવી. તો તેમણે ફર્માવ્યું, ઈબ્ને અબ્દુલ હકમે આ વાત એટલા માટે કહી કે તે અશ્હબ માલિકીની સાથે રહ્યા અને તેમણે અશ્હબ માલિકીથી અન્યોની સરખામણીમાં અધિક ઈલ્મ ગ્રહણ કર્યો હતો. ઈબ્ને ક઼ાસિમ અમારી દષ્ટિએ બુયૂઅ (ખરીદ વેચાણ) વગેરેમાં સૌથી અધિક જ્ઞાની (ફક઼ીહ) છે. *(સિયરુલ અઅલામુન્નબલા, ૮/૩૨૩)*

**મહાન ફક઼ીહ સઈદ બિન મઆઝે** ફર્માવ્યું કે મેં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ હકમને કહેતાં સાંભળ્યા, તેમણે ફર્માવ્યું : "ઈમામ અશ્હબ બિન અબ્દુલ અઝીઝ માલિકી એ ઈબ્ને ક઼ાસિમ કરતાં સો દરજા ઉચ્ચ દરજાના ફક઼ીહ હતા."

**ઈમામ ઝહબી** رحمۃ اللہ علیہ તેમની હદીષમાં મહારત (નિપૂણતા) વિશે આ પ્રમાણે વર્ણવે છે : "ઈમામ અશ્હબ બિન અબ્દુલ અઝીઝ માલિકીની ગણના અગ્રગણ્ય અસ્હાબે માલિકમાં (માલિકની અગ્રગણ્ય હસ્તીઓમાં) થાય છે. ફઝ્લ તથા શરફ (બુઝુર્ગી) અને હિકમત તથા દાનાઈમાં તે ઈબ્ને ક઼ાસિમથી કમ નથી ભલે ઈબ્ને ક઼ાસિમને માલિકી ફિક઼્હમાં તેમનાથી અધિક બસીરત હાંસલ છે. પરંતુ ઈમામ અશ્હબ માલિકી ઈલ્મે હદીષમાં ઈબ્ને ક઼ાસિમથી અધિક અઅલમ (જાણકાર) છે. *(તારીખુલ ઈસ્લામ, ૧૪/૧૧૨)*

**મુહમ્મદ ઈબ્ને આસિમ મઆફરીએ** ફર્માવ્યું કે મેં ખ્વાબમાં જોયું કે એક પોકારનાર પોકારી રહ્યો છે, "મુહમ્મદ !" તો મેં તેને કહ્યું કે શું વાત છે ? તો તેણે કહ્યું (અર્થ) : તે લોકો ચાલ્યા ગયા જેમની જુદાઈ પર કહેવામાં આવતુ હતું, કાશ ! શહેર પોતાના વસનારાઓને ગળી જાત."

વળી **મુહમ્મદ ઈબ્ને આસિમ મઆફરી** ફર્માવે છે કે એ વખતે ઈમામ અશ્હબ માલિકી બીમારીની હાલતમાં હતા અને મને એ વાતનો કોઈ ડર ન હતો કે આપ વફાત કરી જશો. પછી જોયું કે આપ પોતાની તે જ બીમારીમાં મૃત્યુ પામ્યા. *(વફયાતુલ અઅયાન, ૧/૩૩૯)*

**અબૂ અબ્દુલ્લાહ કઝાઈ** પોતાની કિતાબ "ખુતતે મિસ્ર"માં લખે છે કે ઈમામ અશ્હબ માલિકી શહેરના રઈસો, ધનિકો તથા ઈમામ માલિકના ચહીતા લોકોમાંથી હતા.

**ઈમામ શાફઈ** رحمۃ اللہ علیہ**એ ફર્માવ્યું,** ''મેં મિસ્રવાળાઓમાંથી કોઈને એમના જેવો નથી જોયો.'' ઈમામ શાફઈ رحمۃ اللہ علیہને ઈમામ માલિકના મિસ્રી સાથીઓમાંથી કોઈનાથી મુલાકાત હાંસલ થયેલ નથી, સિવાય અશ્હબ માલિકી તથા ઈબ્ને અબ્દુલ હકમ.

**તજદીદી કારનામાઓ** : ઈલ્મે ફિક્હ, કલામ, હદીષ તથા તફસીરમાં આપને ખુદાએ કમાલની કાબેલિયતથી નવાઝયા હતા. આપે તે જ ખુદાદાદ કાબેલિયતો વડે પોતાની જિંદગીની કિતાબના એકે એક પેજને અહયાએ સુન્નત (સુન્નતોને ઝિંદા કરવામાં), ઈબ્તાલે બાતિલ (ખોટાઓનું અંડન કરવામાં), હક્કને સમર્થન કરવામાં અને ઈસ્લામની નિઃસ્વાર્થ ખિદમતોથી શણગારેલ છે. અને એ જ કદરને પાત્ર તજદીદી (દીનને જીવંત કરવાનાં) કારનામાંઓના પરિણામે આપ મુજદ્દિદ જેવા મહાન સ્થાન પર બિરાજમાન થયા. નીચેના લખાણમાં અમુક તજદીદી (નવીનીકરણ)નાં કારનામાંઓ વિશે ટૂંકમાં રજૂ કરીએ છીએ :

**માલિકી મઝહબનો પ્રચાર તથા પ્રચાર** : પ્રારંભિક સ્ટેજોમાં ઈસ્લામી જગતને માલિકી મઝહબની ઓળખ આપવામાં અને તેના ઉસૂલ તથા ફુરૂઅ (મૂળભૂત તથા શાખાકીય મસાઈલ) પર સખ્તીથી લોકોને કાર્યરત રાખવામાં આપ વિશિષ્ટ શાન ધરાવે છે. જેમ કે પોતાની કિતાબો અને નિષ્ણાત શાગિર્દોની ટીમ થકી એક જગતને માલિકી મઝહબના સાચા અનુયાયી બનાવ્યા, તેમજ તેના ઉસૂલ તથા ફુરૂઅને તહફફૂઝ તથા સલામતી, સંપાદન તથા લેખન અને પ્રચાર તથા પ્રસારની મંઝિલોએથી પસાર કરીને ચાર મઝહબોમાં માલિકી મઝહબને એક ખાસ સ્થાન અર્પણ કર્યું.

**સુન્નતને જીવંત કરવું અને બિદઅત અને મના તથા હરામ બાબતોની રદ** : સુન્નતને જીવંત કરવા તથા બિદઅતો તથા હરામ ચીજોના રદ કરવામાં અને હદીષ ઘડવાના કામને રોકવામાં આપનાં તજદીદી કારનામાંઓ ઉચ્ચતમ હૈસિયત ધરાવે છે. ખાસ કરીને મિસરમાં આપની તરી આવતી ખિદમતો ચમકતા સૂરતની જેમ જાહેર છે. આટલે સુધી જ બસ નથી, બલ્કે આપ દૌલત તથા સંપત્તિના થકી પણ તજદીદી (દીનને તાજો કરવાની) ખિદમતોમાં કોઈનાથી પાછળ નથી રહ્યા.

**ખારજીઓ તથા બાતિલ તત્વોને રદિયો** : આપના જમાનામાં ખારજીઓનો ફિત્નો ઊંચાઈ પર હતો. તેમની જડો કાપવામાં આપે એડી ચોટીનું જોર લગાડી દીધું. ઈસ્લામી સમાજથી એ ફિત્નાઓને રોકી દઈને મુસલમાનોના ઈમાન તથા અકીદાની રક્ષાને યકીની બનાવી.

**વફાત** : ઈમામ શાફઈ رحمۃ اللہ علیہની વફાતના ૧૮ દિવસ બાદ શનિવારના દિવસે ૨૨ શાબાનુલ મોઅઝ્ઝમ હિ.સ. ૨૦૪માં ઈમામ અશ્હબ માલિકી رحمۃ اللہ علیہ આ ફાની દુનિયાને અલવિદા કહીને પોતાના માલિકે હકીકીને જઈને મળ્યા.

*(સિયરૂલ અઅલામુન્નબલા ૮/૩૨૯)*

અબૂ જઅફર ઈબ્ને જઝારે કહ્યું કે તેમની વફાત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہની વફાતના એક મહીના બાદ મિસરમાં થઈ. અને ઈમામ શાફઈની વફાત હિ.સ. ૨૦૪માં માહે રજબ પૂરો થયા બાદ થઈ.

**દફનવિધિ** : પોતાના બાપદાદાના વતન મિસરના એક નાના સરખા કબ્રસ્તાનમાં ઈબ્ને કાસિમ رحمۃ اللہ علیہની નજીકમાં આપને દફન કરવામાં આવ્યા. *(વફયાતુલ અઅયાન, ૧/૨૩૯, દારૂલ કુતુબિલ ઈલ્મિયા)*

● ● ●

# ઈમામતનુ પદ તથા ઈમામની પદવી

અઝ : મુફ્તી મુહમ્મદ અલી કાઝી મિસ્બાહી
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## ★ ઈસ્લામમાં કેટલાક ઉચ્ચ મર્તબા તથા પદવીઓ ★

નબુવ્વત, રિસાલત, સહાબિયત, તાબઈયત, ઈમામત, શહાદત તથા વિલાયત કુર્આને કરીમની વિવિધ આયતોમાં આ પદોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. દા.ત. :

**આયત-૧ :-**

فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَ الصِّدِّيْقِيْنَ وَ الشُّهَدَآءِ وَ الصّٰلِحِيْنَ

તો એમનો સાથ મળે જેમના પર અલ્લાહે ફઝ્લ કર્યો એટલે અંબિયા તથા સિદીક઼ તથા શહીદ તથા નેક લોકો." *(સૂ. અંબિયા, ૪/૬૯)*

**આયત-૨ :-**

اِذْ يَقُوْلُ لِصَاحِبِهٖ لَا تَحْزَنْ اِنَّ اللّٰهَ مَعَنَا "ગુફામાં હતા જ્યારે પોતાના યારથી કહેતા હતા, ગમ ન કર, બેશક ! અલ્લાહ આપણી સાથે છે." *(સૂ. તૌબા, ૯/૪૦)*

**આયત-૩ :-**

مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ وَ الَّذِيْنَ مَعَهٗۤ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ

"મુહમ્મદ અલ્લાહના રસૂલ છે, અને એમની સાથેવાળા કાફિરો પર સખ્ત છે અને આપસમાં નરમ દિલ." *(સૂ. ફતહ, ૪૮/૨૯)*

**આયત-૪ :-**

وَ السّٰبِقُوْنَ الْاَوَّلُوْنَ مِنَ الْمُهٰجِرِيْنَ وَ الْاَنْصَارِ وَ الَّذِيْنَ اتَّبَعُوْهُمْ بِاِحْسَانٍ رَّضِيَ اللّٰهُ عَنْهُمْ وَ رَضُوْا عَنْهُ

"સૌમાં આગલા પાછલા મુહાજિર તથા અન્સાર અને જેઓ ભલાઈની સાથે તેમના અનુયાયી થયા, અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી." *(સૂ. તૌબા, ૯/૧૦૦)*

**આયત-૫ :** اِنِّيْ جَاعِلٌ فِي الْاَرْضِ خَلِيْفَةً "હું જમીનમાં મારો નાયબ બનાવનારો છું." *(સૂ. બક઼રહ, ૨/૩૦)*

**આયત-૬ :-**

يٰدَاوٗدُ اِنَّا جَعَلْنٰكَ خَلِيْفَةً فِي الْاَرْضِ فَاحْكُمْ بَيْنَ النَّاسِ بِالْحَقِّ

હે દાઊદ ! બેશક ! અમે તને જમીનમાં નાયબ બનાવ્યો, તું લોકોમાં સાચો હુકમ કર." *(સૂ. સાદ, ૩૮/૨૬)*

**આયત-૭ :-**

اَلَاۤ اِنَّ اَوْلِيَآءَ اللّٰهِ لَا خَوْفٌ عَلَيْهِمْ وَ لَا هُمْ يَحْزَنُوْنَ

"સાંભળી લો ! બેશક ! અલ્લાહના વલીઓ પર ન કાંઈ ખૌફ છે ન કોઈ ગમ." *(સૂ. યૂનુસ, ૧૦/૬૨)*

ઉપરોક્ત સર્વ કુર્આની આયતોમાં તે સર્વ શરઈ તથા દીની હોદાઓ (પદો), ઉચ્ચ સ્થાનો તથા ઉચ્ચ દરજાઓનો ઝિક્રે જમીલ (સુંદર ઉલ્લેખ) છે કે જેમાંનો દરેક હોદો (મન્સબ) ખુદાને ત્યાં ખૂબ જ શાનદાર, બેહદ શાનવાળો, ઈજ્જતદાર અને અઝીમો જલીલ (મહાનતાવાળો) છે, અને તે નબુવ્વત તથા રિસાલતનો મન્સબ (સ્થાન) છે, સહાબિયત તથા તાબઈયતનો મન્સબ છે, ખિલાફત તથા ઈમામતનો હોદો છે. સિદીકિ઼યત તથા સાલેહિયતનો હોદો છે, અને શહાદત તથા વિલાયતનો મન્સબ છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પોતાના ખાસ તથા મહબૂબ અને

www.barkatekhwaja.net

પસંદીદા તથા મુકર્રબ (નિકટતા), મુખ્લિસ નિખાલસતાવાળા બંદાઓને એ મર્તબાઓ પર બિરાજમાન કરે છે, જેથી તે પોતાના બંદાઓની હિદાયત તથા રહનુમાઈ કરે. પણ સર્વ મન્સબો (હોદ્દાઓ)માં ઈમામતનો મન્સબ સૌથી વિશિષ્ટ તથા અનોખો છે. એટલા માટે કે એનો સંબંધ ઉપરોક્ત સર્વ શરઈ તથા દીની હોદ્દાઓ સાથે જોડાયેલ છે. ઈમામતનો સંબંધ નબુવ્વત તથા રિસાલતથી છે તો સહાબિયત તથા તાબઈયતથી પણ અને ખિલાફત તથા સિદ્દીક઼િયતથી છે તો શહાદત તથા વિલાયતથી પણ છે. નબી તથા રસૂલ હોય કે સહાબી તથા તાબઈ, ખલીફા તથા સિદ્દીક઼ હોય કે શહીદ તથા વલી સૌ ખુદાના બંદાઓ માટે હિદાયતની માર્ગની દીવાદાંડી હોય છે. તેઓ સિરાતે મુસ્તકીમ (સીધા માર્ગ)ની હિદાયત કરનારા પણ છે, શરીઅત તથા તરીક઼તની રાહના માર્ગદર્શક પણ છે અને મઅરેફતની રહબરી કરનાર તથા હક઼ીક઼તની મંઝિલના સરદાર પણ છે. બલ્કે હક્ક઼ એ છે કે રાહે હક્ક઼ પણ એ જ છે, એટલે હક્ક઼ પણ તેઓ જ છે અને રાહે હક્ક઼ના રહનુમા પણ એ જ છે, અંબિયા તથા રસૂલો ઈમામ છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદે આલી થાય છે :–

وَ جَعَلْنٰهُمْ اَىِٕمَّةً یَّهْدُوْنَ بِاَمْرِنَا وَ اَوْحَیْنَاۤ اِلَیْهِمْ فِعْلَ الْخَیْرٰتِ وَ اِقَامَ الصَّلٰوةِ وَ اِیْتَآءَ الزَّكٰوةِ ۚ وَ كَانُوْا لَنَا عٰبِدِیْنَ ﴿۷۳﴾

"અને અમે તેમને ઈમામ બનાવ્યા કે અમારા હુકમથી બોલાવે છે અને અમે તેમને વહી મોકલી સારાં કામ કરવા અને નમાઝ ચાલુ રાખવા અને ઝકાત આપવાની અને તેઓ અમારી બંદગી કરતા હતા."

*(સૂ. અંબિયા, ૨૧/૭૩)*

હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બારામાં કુર્આને કરીમમાં છે. اِنَّ اِبْرٰهِیْمَ كَانَ اُمَّةً "બેશક ! ઈબ્રાહીમ એક ઈમામ હતા." (સૂ. નહ્‌લ, ૧૬/૧૨૦) અને એક જગાએ છે : قَالَ اِنِّیْ جَاعِلُكَ لِلنَّاسِ اِمَامًا ؕ "ફર્માવ્યું, હું તમને લોકોના સરદાર બનાવનાર છું."

*(સૂ. બક઼રહ, ૨/૧૨૪)*

**હુઝૂર ﷺ ઈમામુલ મુરસલીન છે :** આપણા હુઝૂર તો ઈમામુલ મુરસલીન છે. મેઅરાજના પ્રસંગે મસ્જિદે અક઼સામાં સર્વ અંબિયા તથા રસૂલોની ઈમામત કરી અને આપ ઈમામુલ ક઼િબ્લતૈન પણ છે.

**તૌરાત ઈમામ છે :** وَ مِنْ قَبْلِهٖ كِتٰبُ مُوْسٰۤى اِمَامًا وَّ رَحْمَةً ؕ "અને એનાથી પહેલાં (તૌરાત) મૂસાની કિતાબ છે, પેશવા અને મહેરબાની" *(સૂ. અહક઼ાફ, ૪૬/૧૨)*

**કુર્આને કરીમ ઈમામ છે :** وَ كُلَّ شَیْءٍ اَحْصَیْنٰهُ فِیْۤ اِمَامٍ مُّبِیْنٍ ﴿۱۲﴾ "અને દરેક ચીજ અમે ગણી રાખી છે એક બતાવનારી કિતાબમાં (એટલે લોહે મહફૂઝમાં). *(સૂ. યાસીન, ૩૬/૧૨)*

**ખુલફાએ રાશિદીન ઈમામ છે :** હુઝૂર ﷺએ ફર્માવ્યું :–

لَا یَنْبَغِیْ لِقَوْمٍ فِیْهِمْ اَبُوْ بَكْرٍ اَنْ یَّؤُمَّهُمْ غَیْرُهٗ "કોઈ કોમના માટે એ યોગ્ય નથી કે (હઝરત) અબૂ બક્ર (رضی اللہ عنہ)ના હોવા છતાં કોઈ બીજો ઈમામ બની જાય." *(ખુલફાએ રાશિદીન, અઝ : મૌલાના અબ્દુશ્શકૂર)*

★ હુઝૂર ﷺએ પોતાની બીમાર અવસ્થાના સમયમાં ખલીફતુલ મુસ્લિમીન હઝરત અબૂ બક્ર رضی اللہ عنہથી ફર્માવ્યું કે તે ઈમામતના મન્સબ (સ્થાન) પર બિરાજમાન થઈને લોકોને નમાઝ પઢાવે.

★ ખલીફતુલ મુસ્લિમીન હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہને જ્યારે આપ ફજરની ઈમામત કરી રહ્યા હતા ત્યારે કાફિર મજૂસી અબૂ લૂ લૂએ ઘાયલ કરી દીધા જેના પછી શહીદ થઈ ગયા.

★ ખલીફતુલ મુસ્લિમીન હઝરત અલી رضی اللہ عنہ ફજરની ઈમામત કરવા માટે લોકોને જગાડતા જગાડતા નીકળ્યા. ઈબ્ને મુલ્જિમે એવો કાતિલાના હુમ્લો કરી આપ્યો કે ઝખ્મોને આપ સહન ન કરી શક્યા અને આપની હક્કની તર્જુમાની કરતી ઝબાનથી આ શબ્દો અદા થયા : فُزْتُ بِرَبِّ الْكَعْبَةِ "રબ્બે કા'બાની કસમ ! હું કામયાબ થઈ ગયો." અને શહીદ થઈ ગયા. *(સીરતની કિતાબો)*

**અહલે બયત સૌ ઈમામ છે :** હઝરત હસન ઈમામ છે. હઝરત હુસૈન ઈમામ છે. હઝરત ઝયનુલ આબિદીન ઈમામ છે. હઝરત મુહમ્મદ બાકિર ઈમામ છે. હઝરત જઅફર સાદિક ઈમામ છે. હઝરત મૂસા કાઝિમ ઈમામ છે. હઝરત અલી રઝા ઈમામ છે. હઝરત અલી રઝા ઈમામ છે. હઝરત મુહમ્મદ તકી ઈમામ છે. હઝરત હસન અસ્કરી ઈમામ છે અને આખરમાં હઝરત મહદી ઈમામ બનીને તશરીફ લાવશે. رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ

**અકીદાઓમાં ઈમામ :** અકીદાઓમાં હઝરત ઈમામ હસન બસરી અને હઝરત ઈમામ અબૂ મન્સૂર માતુરીદી વગેરે આપણા ઈમામ છે.

**શરઈ હુકમો અને દીની મસાઈલમાં ઈમામ :** ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અહમદ ઈબ્ને હંબલ, ઈમામ મુહમ્મદ અને ઈમામ અબૂ યૂસુફ વગેરે رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ છે.

**ઈસ્લામી તથા દીની ઈલ્મો વિદ્યાકલાઓમાં ઈમામ :** ઈમામ જલાલુદ્દીન સિયૂતી, ઈમામ ગઝાલી, ઈમામ ફખ્રુદ્દીન રાઝી رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ વગેરે છે.

**મસ્જિદોના ઈમામ :** મહોલ્લાની મસ્જિદોનો ઈમામ, જુમ્આ મસ્જિદનો ઈમામ, આમ રસ્તા પરની મસ્જિદનો ઈમામ, મસ્જિદે કુબાનો ઈમામ, મસ્જિદે અક્સાનો ઈમામ, મસ્જિદે નબવીનો ઈમામ અને મસ્જિદે હરામનો ઈમામ, પંજગાનાનો ઈમામ, જનાઝાનો ઈમામ અને ઈદગાહનો ઈમામ, સૌ ઈમામ છે.

સારાંશ કે હુઝૂર ઈમામુલ મુરસલીન અને ઈમામુલ કિબ્લતૈન છે. હઝરત ઈબ્રાહીમ ઈમામુન્નાસ છે. હઝરત અબૂ બક્ર ઈમામુસ્ સિદ્દીકીન છે. હઝરત ઉમર ફારૂક ઈમામુલ આદિલૈન વલ મુન્સિફીન છે : હઝરત ઉષ્માન ગની ઈમામુલ મુતસદ્દિકીન છે. હઝરત અલી શેરે ખુદા ઈમામુલ અશ્જઈન વલ્ વાસિલીન છે. હઝરત હસન ઈમામુલ મુસ્લિહીન છે. હઝરત હુસૈન ઈમામુશ્શોહદા વલ્ મુજાહિદીન છે. હઝરત અબૂ હનીફા ઈમામુલ ફુકહા વલ્મુજતહિદીન છે. હઝરત ગૌષ પાક ઈમામુલ અગવાષ વલ્ અકતાબ વલ આબિદીન છે અને ખ્વાજા ગરીબ નવાઝ ઈમામુલ અવલિયા વલ્ હિંદ વલ્ આરિફીન છે.

**ઈમામતનો એઅઝાઝ તથા ઈકરામ (ઈજ્જત) :** "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, હું ત્રણ લોકોને કયામતના દિવસે મુશ્કની ટેકરીઓ પર જોઈ રહ્યો છું : જેણે અલ્લાહ તઆલાનો હક્ક અદા કર્યો, અને પોતાના ગુલામોનો હક્ક અદા કર્યો, અને તે જેણે કૌમની ઈમામત કરી અને તે કૌમ તેનાથી રાજી રહી." *(સદરુલ ઉલમા નંબર, પેજ–૨૬૫)*

આ હદીષે પાકમાં ત્રણ લોકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે : તે શખ્સ જે અલ્લાહનો હક્ક અદા કરે, તે શખ્સ જે ગુલામો (બંદાઓ)નો હક્ક અદા કરે, અને તે શખ્સ જે કૌમની સહીહ ઈમામત તથા સરદારી કરે.

એટલે કૌમની ઈમામત કરનાર અલ્લાહ તઆલાની નજીક જો મોઅઝ્ઝઝ તથા મુકર્રમ (ઈજ્જતદાર) છે તો બંદાઓની નિગાહમાં પણ તે

www.barkatekhwaja.net

તાઝીમ તથા માનને પાત્ર છે.

**કૌમની ઈમામત** : અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : يَوْمَ نَدْعُوْا كُلَّ اُنَاسٍۭ بِاِمَامِهِمْ ''જે દિવસે અમે દરેક જમાઅતને તેમના ઈમામની સાથે બોલાવીશું.''

*(સૂ. બની ઈસ્માઈલ, ૭/૭૧)*

મુફસ્સિરીને કિરામ ફર્માવે છે કે, એનાથી મુરાદ એ લોકો છે કે જેમની તેઓ દુનિયામાં ઈત્તેબાઅ (અનુસરણ) કરતા હતા. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, એનાથી તે સમયનો ઈમામ મુરાદ છે જેની દાવત પર દુનિયામાં લોકો ચાલ્યા, ચાહે તેણે હક્ક઼ની દાવત કરી હોય કે બાતિલની. સારાંશ એ છે કે દરેક ક઼ૌમ પોતાના સરદાર તથા ઈમામ પાસે એકત્ર થશે જેના હુકમ પર દુનિયામાં ચાલતી રહી અને તેમને તેના જ નામથી પોકારવામાં આવશે કે હે ફલાણાના અનુયાયીઓ !

જાણવા મળ્યું કે ક઼ૌમની ઈમામત અતિશય અસાધારણ જિમ્મેદારી છે. ઈમામ બરહક્ક઼ (હક્કવાળો) છે તો ક઼ૌમની ભલાઈ છે અને જો ઈમામ બાતિલ તથા ગલત છે તો પછી તેની તથા તેના અનુયાયીઓની તબાહી અનિવાર્ય છે અને તેમની આખેરતની બર્બાદી નિશ્ચિત છે. સાબિત થયું કે **ક઼ૌમનો ઈમામ તથા ક઼ાઈદ (લીડર) અત્યંત દીનદાર તથા દિયાનતદાર (પ્રમાણિક), નેકોકાર તથા પરહેઝગાર અને ઈલ્મ તથા શાણપણવાળો તથા દષ્ટિવાન તથા ચિંતનવાળો હોવો લાઝમી છે જેથી તે ક઼ૌમની સાફ તથા સહીહ અને ઉચ્ચ પ્રકારની તથા ઈખ્લાસપૂર્ણ લીડરશીપ તથા ઈમામત કરી શકે અને ક઼ૌમ તેનાથી રાજી પણ થાય.**

**ઈમામની શાન** : (અ) ક઼ૌમના ઈમામની શાન કેટલા પ્રમાણમાં ઉચ્ચ છે ? આપ એના પરથી અંદાઝો લગાડો કે કુર્આને કરીમ તથા હકીમમાં અલ્લાહ તઆલાએ અંબિયાએ કિરામને ''ઈમામ'' કહીને યાદ ફર્માવ્યા છે :–

وَ جَعَلْنٰهُمْ اَىٕمَّةً یَّهْدُوْنَ بِاَمْرِنَا وَ اَوْحَیْنَاۤ اِلَیْهِمْ فِعْلَ الْخَیْرٰتِ وَ اِقَامَ الصَّلٰوةِ وَ اِیْتَآءَ الزَّكٰوةِۚ وَ كَانُوْا لَنَا عٰبِدِیْنَ

''અને અમે તેમને ઈમામ બનાવ્યા કે અમારા હુકમથી બોલાવે છે, અને અમે તેમને વહી મોકલી સારાં કામ કરવા અને નમાઝ કાયમ રાખવા અને ઝકાત આપવાની, અને તેઓ અમારી બંદગી કરતા હતા.''

*(સૂ. અંબિયા, ૨૧/૭૩)*

(બ) હુઝૂર સૈયદુલ બશર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે જે રીતે એક નબી પોતાની ઉમ્મતના પેશવાએ કુલ અને હાદીએ આ'ઝમ હોય છે એ જ પ્રમાણે એક શયખે કામિલ તથા આલિમે બરહક્ક઼ વ બાઅમલ પણ પોતાની ક઼ૌમનો સરદાર તથા જિમ્મેદાર હોય છે (કે દીન દુનિયામાં તેમની સંપૂર્ણતઃ રહનુમાઈ કરવી અને ક઼ૌમને સંભાળવી તેનુ કામ છે.)

**હજરે અસ્વદની કરામત અને ઈમામતનું સમર્થન** : ઈમામ ઝયનુલ આબિદીન હઝરત ઈમામ હુસૈનની શહાદત પછી ઈમામતના સ્થાને બેઠા. મુહમ્મદ હુનૈફા ઈબ્ને અલી رضی اللہ عنہ એ તેમની ખિલાફતના સંબંધે મતભેદ કર્યો. ઈમામ ઝયનુલ આબિદીને ફર્માવ્યું, બેહતર એ છે કે આપણે ખાનએ કાબામાં હજરે અસ્વદ પાસે જઈએ અને તેને પૂછીએ કે ઈમામ ઝયનુલ આબિદીન કોણ છે ? જેથી વાસ્તવિકતા બંને સમક્ષ જાહેર થઈ જાય. તો બંનેએ હજરે અસ્વદ પાસે પહોંચીને એ જ સવાલ કર્યો, તો હજરે અસ્વદ હરકતમાં આવ્યો અને ઉમદા સ્પીચમાં કહેવા લાગ્યો કે ઈમામત હુસૈન બિન અલી બાદ અલી ઈબ્ને હુસૈનને પહોંચી છે અને ઈમામ, ઝયનુલ આબિદીન છે. મુહમ્મદ હુનૈફા આ કરામત જોઈને

www.barkatekhwaja.net

ઈમામ ઝયનુલ આબિદીનની ઈમામતના માનનારા બની ગયા અને તેમની મહોબ્બત તેમના દિલમાં મજબૂત થઈ ગઈ. *(મિર્અતુલ મઆરિફ, અઝ : સૈયદના અલીમુદ્દીન શાહ ક઼ાદરી)*

**ઈમામની જિમ્મેદારી** : ફર્માવે છે કે દરેક આલિમની સોહબતમાં ન બેસો, બલ્કે એ જ આલિમની સોહબત તથા મજલિસ બેસ્યા કરો જે તમને પાંચ ખરાબીઓથી બચાવીને પાંચ ખૂબીઓની તરફ બોલાવે. **પ્રથમ** : શકના અંધકારોથી કાઢીને તમને યક઼ીનનું અજવાળુ અતા કરે. **બીજુ** : રિયાની તબાહીથી દૂર કરીને તમને ઈખ્લાસની દૌલત આપે. **ત્રીજુ** : દુનિયાદારીથી બચાવીને તમને દીનદારીની નેઅમત આપે. **ચોથુ** : ઘમંડ તથા અહંકારથી દૂર રાખીને તમને આજીજી તથા ઈન્કેસારી (નમ્રતા)વાળા બનાવે, અને **પાંચમુ** : અદાવત તથા દુશ્મનીથી પાક કરીને તમને ખૈર ખ્વાહીના, આદી બનાવે.

**જો ઈમામ બરહક઼ પોતાની જિમ્મેદારી ન નિભાવશે તો પછી કુફ્ર તથા બાતિલના ઈમામો (સરદારો) એટલે ગુમરાહીના પેશવાઓ લોકોને ગુમરાહ તથા બદદીન અને ફાસિક તથા ફાજિર બનાવી દેશે.** જેમ કે રબનો ઈર્શાદ થાય છે :

فَقَاتِلُوْٓا اَئِمَّةَ الْكُفْرِ ۙ اِنَّهُمْ لَآ اَيْمَانَ لَهُمْ لَعَلَّهُمْ يَنْتَهُوْنَ

"તો કુફ્રના લીડરોથી લડો, બેશક ! તેમની ક઼સમો કાંઈ નથી, એ ઉમ્મીદ પર કે કદાચ તેઓ પાછા ફરે (સુધરે). *(સૂ. તૌબા, ૯/૧૨)*

*તેરી નમાઝ બે સુરૂર – તેરા ઈમામ બે હુઝૂર*
*ઐસી નમાઝસે ગુઝર – ઐસે ઈમામ સે ગુઝર*

**ઈમામતે સુગરા (નાની) તથા ઈમામમતે કુબરા (મોટી)** : ઈમામત બે પ્રકારની છે : એક ઈમામતે સુગરા અને બીજી ઈમામતે કુબરા. ઈમામતે સુગરા એ નમાઝની ઈમામત છે.

**નમાઝનો ઈમામ** : મુસલમાન, પુરૂષ, આક઼િલ, બાલિગ, નમાઝના મસાઈલનો જાણકાર અને ગૈર મઅઝૂર હોવો જોઈએ, કે જો ઈમામમાં આ છ વાતોમાંથી કોઈ વાત ન જોવા મળી તો તેની પાછળ નમાઝ ન થશે. હુઝૂર ﷺએ ફર્માવ્યું : اِجْعَلُوْا اَئِمَّتَكُمْ خِيَارَكُمْ "તમારા બેહતરીન લોકોને પોતાના ઈમામ બનાવો" *(અલ્ હદીષ)*

**સ્ત્રીની ઈમામતનો મસ્અલો** : નમાઝે જનાઝા કેવળ સ્ત્રીઓએ પઢી કે સ્ત્રી જ ઈમામ અને સ્ત્રીઓ જ મુકતદી હોય તો એ જમાઅતમાં કરાહત નથી. બલ્કે જો સ્ત્રી નમાઝે જનાઝામાં પુરૂષોની ઈમામત કરશે તો પણ નમાઝે જનાઝા અદા થઈ જશે, જો કે પુરૂષોની નમાઝ થશે નહીં. *(બહારે શરીઅત ઈમામતકા બયાન, ભાગ–૩)*

**ઈમામતે કુબરા** : રસૂલુલ્લાહ ﷺનું નાયબપણુ મુત્લક઼ છે એટલે હુઝૂર ﷺના નાયબપણાથી મુસલમાનોના સર્વ દીની તથા દુનિયવી કામોમાં શરીઅતના પ્રમાણે આમ તસર્રુફ (હસ્તક્ષેપ) કરવાનો અધિકાર અને ગૈર મઅસિયત (ગુનાહ સિવાયના કામ)માં સર્વ જહાનના મુસલમાનો પાસે આજ્ઞાપાલન કરવાનો હક઼. આ ઈમામતના માટે મુસલમાન, આઝાદ, પુરૂષ, આક઼િલ, બાલિગ, કુરૈશી, ક઼ાદિર હોવું શર્ત છે. મસ્અલો : ઈમામની ઈતાઅત (ફર્માબરદારી) મુત્લક઼ન દરેક મુસલમાન પર ફર્ઝ છે જ્યારે કે ઈમામનો હુકમ શરીઅતની વિરૂધ્ધ ન હોય, કેમ કે **શરીઅત વિરૂધ્ધ હુકમમાં કોઈનું આજ્ઞાપાલન નથી કરવાનું.**

**ઈમામતના પ્રકારો અને ૧૨ ઈમામ કયા પ્રકારમાં સામેલ છે ?** : ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જવાબ આપે છે : નમાઝનો ઈમામ તો ફિક઼્હની જાણીતી શર્તો પ્રમાણે આમ સુન્ની મુસલમાન

www.barkatekhwaja.net

થઈ શકે છે. ઈમામ ફીદીન (દીનનો ઈમામ) દરેક આલિમ, કબીર તથા જલીલ હાદી ઈલલ્લાહ છે મુજતહિદીન મુતવ્વરઈનને ખાસ વિશિષ્ટતાવાળા છે. અને દરેક વિષયના સંપૂર્ણ જાણકાર એમાં ઈમામ કહેવાય છે. ઈમામતે બાતિન મહાન બુઝુર્ગ અવલિયાએ કામિલીનને છે. ઈમામ, અમીરુલ મો'મિનીન તથા ઈસ્લામના ખલીફા, બયઅતે હલ્લો અક્દ અથવા માજી ખલીફાના અનુગામી છે. અઈમ્મા ઈષ્ના અર્શરિયા (બાર ઈમામો) رضوان الله تعالى عليهم اجمعين ઈમામ ફીદીન છે, બાતિનના ઈમામો છે. સૌ પોત પોતાના સમયના ગૌષ તથા કુત્બુલ અક્તાબ છે. એમાં મોટાભાગના મુજતહિદો પણ છે. અને મૌલા અલી તથા ઈમામ હસન તથા ઈમામ મેહદી رضوان الله تعالى عليهم اجمعين ખુલફાએ કિરામ પણ છે. *(ફતાવા રઝવિય્યહ, ૧૧/૩૧, મતબૂઆ રઝા એકેડમી–મુંબઈ)*

**ઈમામની તક્લીદ** : એટલે કે દીનના ચારેવ ઈમામોમાંથી કોઈ એકના તરીકા પર શરીઅતના હુકમો બજાવી લાવવા. દા.ત. **ઈમામે આ'ઝમ અબૂ હનીફા** અથવા **ઈમામ માલિક** અથવા **ઈમામ શાફઈ** અથવા **ઈમામ અહમદ ઈબ્ને હંબલ** (رضوان الله تعالى عليهم اجمعين)ના તૌર તરીકા પર નમાઝ, રોઝા, હજ, ઝકાત વગેરે અદા કરવાનું છે. (અહલે સુન્નત વ જમાઅત નજીક) કોઈ એક ઈમામની પયરવી વાજિબ છે. (કેમ કે ઈમામોએ કોઈ મસ્અલો પોતાના તરફથી ઘડયો નથી, બલ્કે કુર્આન તથા હદીષનો મતલબ સાફ સાફ બયાન કરેલ છે જે સામાન્ય માણસો બલ્કે સામાન્ય આલિમોની સમજમાં પણ આવી શકતો ન હતો. જેથી એ ઈમામોનું અનુસરણ અસલમાં કુર્આન હદીષનું અનુસરણ છે. જે શખ્સ એક ઈમામનું અનુસરણ કરે છે તે બીજા ઈમામની પયરવી (અનુસરણ, તકલીદ) નથી કરી શકતો. દા.ત. એવું નથી થઈ શકતુ કે કેટલાક મસ્અલાઓમાં એક ઈમામનુ અનુસરણ તો કેટલાકમાં બીજા ઈમામનું અનુસરણ કરવામાં આવે. બલ્કે સર્વ મસાઈલમાં એક નિશ્ચિત ઈમામની તકલીદ (અનુસરણ) વાજિબ છે. અને એ પણ નાજાઈઝ છે કે હનફી, શાફઈ થઈ જાય અથવા શાફઈ હનફી થઈ જાય. જે આજ સુધી જે ઈમામનો મુક્લ્લિદ રહ્યો છે તો ભાવિમાં પણ તેની જ તક્લીદ કરે.

*(માખૂઝ અઝ ક઼ાનૂને શરીઅત)*

**ઈમામ કેવો હોવો જોઈએ** : હિકાયત : ઈમામુલ હરમૈન અબુલ મઆલી رحمة الله عليهના જમાનામાં સમયના બાદશાહને ત્યાં ૨૯ના ચાંદ પર ગવાહી ગુજરી. સુલ્તાનના હુકમથી એલાન થયું કે કાલે ઈદ છે. આ ખબર ઈમામુલ હરમૈનને પહોંચી. ગવાહીઓ સ્વીકારને પાત્ર ન હતી. ઈમામના હુકમથી તરત જ બીજુ એલાન થયું કે ઈમામ અબુલ મઆલીના હુકમથી કાલે રોઝો છે. સવારે આખુ શહેર રોઝાદાર હતું. ઈર્ષાળુઓએ એ ખબર ખૂબ જ રંગ ચઢાવીને બાદશાહ સુધી પહોંચાડી કે જો ઈમામ ચાહે તો બાદશાહત છીનવી લે, કેમ કે તેમનો જ હુકમ માનવામાં આવ્યો અને સુલ્તાનના હુકમની કોઈ પરવા કરવામાં ન આવી ! બાદશાહે ગુસ્સે થઈને દ્વારપાલ (સિકયુરીટી)ને ઈમામ પાસે મોકલ્યો કે જે સ્થિતિમાં બેઠા છે એ સ્થિતિમાં જ દરબારમાં હાજર થાય. ઈમામ જબ્બો પહેરેલ હતા એ જ હાલતમાં દરબારમાં હાજર થઈ ગયા. તો શાહી ગુસ્સો બમણો થઈ ગયો કે દરબારી લિબાસમાં ન હતા. સવાલ કર્યો તો ફર્માવ્યું, અમીરોની ઈતાઅત (આજ્ઞાપાલન) વાજિબ છે અને હુકમ હતો કે જેવા બેઠા છે એવા જ આવી જાય. આ જ હાલતમાં બેઠો હતો અને ચાલ્યો આવ્યો. કહ્યું, અમારા વિરૂધ્ધ એલાન કરવાનો શો સબબ છે ? ફર્માવ્યું, દુનિયાની વ્યવસ્થા તમને સુપરત થયેલી છે

www.barkatekhwaja.net

અને દીનની વ્યવસ્થા અમને સુપરત થયેલી છે. બાદશાહ પર હક્ક કહેવાની ધાક છવાઈ ગઈ અને ઈજ્જતભેર આપને રવાના કર્યા અને ઈર્ષાળુઓને સજા આપી.

**ખ્વાજાના મુરીદની ઈમામત :** સૂફી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના વિશિષ્ટ ખલીફાઓમાંથી છે. એક દિવસ પીર ખ્વાજાની મસ્જિદમાં મુરીદ સૂફી સાહબ નમાઝ પઢાવી રહ્યા હતા. આપ તકબીરે તહરીમા કહેતા તો દરેક મુકતદીને અર્શે આ'ઝમ નજર આવતો હતો. દરેક શખ્સ તેને પોતાની ખુદની કરામત સમજતો હતો. એક દિવસ આપ મસ્જિદમાં હાજર ન હતા તો કોઈ અન્ય બુઝુર્ગે નમાઝ પઢાવી. તે દિવસે કોઈને અર્શે આઝમ નજર ન આવ્યો, તો એ રાઝ ખુલ્યું કે અર્શનો જલ્વો કેવળ ખ્વાજાના ખલીફાના કારણે નજર આવતો હતો.

*(ક્યા આપ જાનતે હૈં ? પેજ–૪૮૮)*

**ઈમામતની દુઆ :–**

رَبَّنَا هَبْ لَنَا مِنْ اَزْوَاجِنَا وَ ذُرِّيّٰتِنَا قُرَّةَ اَعْيُنٍ وَّ اجْعَلْنَا لِلْمُتَّقِيْنَ اِمَامًا

"હે અમારા રબ ! અમને આપ અમારી પત્નીઓ તથા અમારી ઔલાદથી આંખોની ઠંડક અને અમને પરહેઝગારોનો પેશવા બનાવ." *(સૂ. ફુર્કાન, ૨૫/૭૪)*

**આજકાલ ઈમામની શું હૈસિયત આપણે રાખી છે ?! જે ઈમામને ઉચ્ચ મક઼ામ તથા બુલંદ મર્તબો કુર્આને કરીમ તથા નબવી હદીષોએ ઘણી જ ઈજ્જત તથા સન્માનભેર વર્ણન કર્યો અને તેને તેની ખરેખર હૈસિયતનો દરેક કદમ પણ મુસલમાનોને સખત એહસાસ અપાવ્યો, પણ અફસોસ ! સેંકડો અફસોસ ! કે આજે આપણા સમાજમાં ઈમામને મસ્જિદનો કેવળ પંજવક્તા દીની નોકર અને વ્યવસ્થાપકોના પર પર નિર્ભર કરનારા સિવાય કાંઈ અધિક સમજવામાં નથી આવતો.** એ સાચુ છે કે કેવળ અમુક જ એવા લાયકાતવાળા ઈમામો છે જે પોતાની કોશિશ તથા મહેનત, કાબેલિયત તથા કાર્યક્ષમતા, હિકમત તથા અડગતા સુમધુર વાણી અને નિખાલસતાભાર્ય કિરદાર થકી સારુ નામ તથા સારુ કામ કરવામાં કામયાબ જોવા મળે છે. બરાબર એ જ પ્રમાણે શહેરો તથા કસ્બાઓમાં ગણત્રીના અમુક જ એવા મસ્જિદના જિમ્મેદારો મૌજૂદ હોય છે જેઓ પોતાના ઈમામની સાથે તાલમેલ બનાવીને, તેમને પોતાનો દીની પેશવા સમજીને અને તેમની જોઈએ તેવી તાઝીમ કરીને તેમના થકી ઉમ્મતની સુધારણા તથા મિલ્લતના બાળકોની ઈસ્લામી તથા રૂહાની અને ઈન્સાની તથા અખ્લાક઼ી તાલીમ તથા કેળવણીનું કામ લે છે.

યાદ રાખશો કે મસ્જિદના ઈમામનું ખુશ અખ્લાક઼ (સારી વર્તણૂકવાળા) તથા મિલનસાર, ઈલ્મ તથા અમલવાળા, વિશાળ ચિંતનવાળા તથા વિશાળ અભ્યાસુ હોવું, અને મસ્જિદ તથા મહોલ્લાના દરેક શખ્સને મઝહબ તથા મિલ્લતનો એક વ્યક્તિ અને મુસ્લિમ સમાજની એક અતૂટ કડી સમજવું અને તેને પોતાનો બનાવવાની દિલી કોશિશ કરતા રહેવું લાઝિમ તથા જરૂરી છે. એ જ પ્રમાણે મસ્જિદના વ્યવસ્થાપકોના દિલો દિમાગમાં પણ એ ખૂબ સારી રીતે બેસેલી હોય કે ઈમામ કેવળ બા જમાઅત નમાઝોમાં તેમની આગળ ન હોવો જોઈએ બલ્કે મસ્જિદની બહાર પણ હક્ક તથા બાતિલ, હલાલ તથા હરામ, જાઈઝ તથા નાજાઈઝ, ભલા તથા બુરા, નેક તથા બદ અને સારુ બુરુ બનાવવામાં ઈમામ તેમનો રહનુમા તથા હાદી હોય. ઈમામનો પગાર અને તેના માટે અન્ય જરૂરી સહૂલતોની બાબતે તો વ્યવસ્થાપકો પૂર્ણપણે દિલ ખોલીને અને અત્યંત ઈન્સાફ તથા પ્રમાણિકપણે ઈમામ તથા મોઅઝ્ઝિનનો ખયાલ

www.barkatekhwaja.net

રાખે, નહીં તો ઈમામ જે પંજ વક્તા નમાઝો થકી બારગાહે અહકમુલ હાકિમીનમાં બંદાઓનો વકીલ છે તેની સાથે સખત નાઈન્સાફી કરવાના અને બંદાઓના હક્કોમાં શરઈ તથા અખ્લાકી તકાઝા વિરૂધ્ધ વર્તવાના કારણે સખત મુજરિમ ઠરશો.

**ઈમામની જિમ્મેદારીઓ :** (૧) પાબંદી સાથે પંજવક્તા નમાઝોની ઈમામત કરવી, નમાઝ દરમિયાન કુર્આને પાકની તિલાવતમાં તજવીદ તથા તરતીલના નિયમોને બાકી રાખવા, બાજમાઅત નમાઝથી કમસે કમ પાંચથી દસ મિનિટ પહેલાં મુસલ્લા પર હાજર રહેવું. અત્યંત ખુશૂઅ તથા ખુઝૂઅની સાથે નમાઝોની ઈમામત કરવી, અને ફર્ઝો પછી ટૂંકાણમાં જામેઅ દુઆઓની ગોઠવણ કરવી અને જરૂરત પ્રમાણે સર્વ નમાઝોની સાથોસાથ સર્વ મુસલમાનો તથા શહેર તથા દેશમાં અમ્નો અમાનના માટે ઈખ્લાસની સાથે દુઆ કરવી.

(૨) મહોલ્લાના બાળકોને નાઝરા તાલીમ આપવી, દીનીયાતના સબકો પઢાવવા, સમયોની પાબંદીની સાથે મસ્જિદથી જોડાયેલ તાલીમી મદ્રસાને વિકસાવવો તેમજ એને અનુલલક્ષીને બાળકોના માબાપની સાથે દર મહીને મીટિંગ અથવા મુલાકાતનું આયોજન કરવું વગેરે.

(૩) મહોલ્લામાં થનારી મંગની અને શાદીના મોકા પર નિકાહ પઢાવવા, કોઈના મૃત્યુ પર જનાઝાની નમાઝ અને કફન દફનની કાર્યવાહીમાં ભાગ લેવો અને દુઆ ફાતિહા તથા ઈસાલે સવાબની મજલિસોમાં શરીક થવું વગેરે.

(૪) મહોલ્લામાં રહેનારા વસનારા ગૈર મુસ્લિમ બિરાદરાને વતન સાથે ખુશગવાર માહોલને નિયંત્રિત રાખવો અને એને વિકસાવવો અને મોકાસર ઈસ્લામનો મહોબ્બત તથા ભાઈચારાનો પયગામ પેશ કરવો.

(૫) જુમ્આના બયાનોમાં કોઈ ન કોઈ ગંભીરતાપૂર્ણ તથા પોઝિટિવ, રચનાત્મક તથા તાલીમી, અમલી, ચિંતનાત્મક, લાભદાયી તથા માલૂમાતી તેમજ વર્તમાન સંજોગો પર, ખાસ કરીને સરકારી દસ્તાવેજોના મહત્વ તથા ફાયદા અને તેની હિફાઝત પર તાકીદ કરતાં બયાનો આપવાં જેથી લોકશાહી દેશના રહેવાસી હોવાના નાતે સમય તથા સંજોગો સાથેના તાલમેલમાં મુસ્લિમ કૌમ કોઈનાથી પાછળ ન રહી જાય.

(૬) હફતાવારી અથવા પખવાડિક અથવા મંથલી મહોલ્લાના નવયુવાનો સાથે વિવિધ તથા મહત્વના વિષયો પર ચર્ચા વિચારણા વાતચીતની બેઠક સ્થાપવી.

(૭) મહોલ્લાના બુઝુર્ગો, બીમારો તથા જરૂરતમંદો સાથે મહીને મહીને અથવા સમયાંતરે મુલાકાતો કરવી અને તેમની રજૂઆતો તથા જરૂરતોને પૂર્ણ કરવા માટે વ્યવસ્થાપકો અથવા સંબંધિત વ્યક્તિઓને મળીને તેમની મદદ કરાવવી.

(૮) ઈમામે જોઈએ કે દરરોજ કાંઈ ન કાંઈ કિતાબનું વાંચન તથા અભ્યાસના માટે સમયો નિશ્ચિત કરી લે અને શહેર તથા દેશ અને મુસલમાનો તથા ઈસ્લામી જગતમાં દિન પ્રતિ દિન ઉપસ્થિત થનાર સંજોગો તથા પરિસ્થિતિઓ, ઘટનાઓથી પણ પોતાને માહિતગાર રાખે. દરરોજ કુર્આને કરીમની તિલાવત કરે અને સવારે વર્તમાન પત્ર વાંચવું ન ભૂલે, કમસે કમ સમાચાર પત્રોનાં હેડિંગો જ વાંચી લીધા કરે.

(૯) જુમ્આનાં બયાનો કુર્આન હદીષથી સજ્જ હોય. બયાન તથા તકરીર દરમિયાન સીરત તથા ઈતિહાસને ધ્યાનમાં રાખે અને નસીહત આમેઝ કિસ્સા તથા હિકાયતો થકી શ્રોતાઓને પ્રભાવિત કરે.

**મસ્જિદના મુતવલ્લીઓની જવાબદારી :** (૧) ઈમામને કેવળ વકફનો નોકર ન સમજે બલ્કે તેને

www.barkatekhwaja.net

પોતાનો પેશવા સમજે, તેની જરૂરતોનો ખયાલ રાખે, તેનો પગાર એટલો હોય કે સમય અને સંજોગોની પાયાની જરૂરતોની પરિપૂર્ણતામાં મુશ્કેલી ન નડે.

(૨) દર વર્ષે ઈમામ તથા મોઅઝ્ઝિનના પગારમાં યોગ્ય વધારો કરે.

(૩) ઈમામને રાખતા પહેલાં તેની સર્વ સનદો, સરકારી દસ્તાવેજોની ચકાસણી કરે અને તેની એક નકલ અસલ સાથે સરખાવીને મસ્જિદ કમિટી પોતાની ફાઈલમાં મેહફૂઝ રાખે. દા.ત. જન્મ પ્રમાણપત્ર, હિફ્ઝ તથા આલિમિયતની સનદ, આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ અને પાસપોર્ટ વગેરે. (એમાં તાલીમી સનદો ઉપરાંત કમસે કમ ત્રણ સરકારી દસ્તાવેજની જરૂર માગણી કરે) શાદી શુદા છે કે અપરણીત, જો પરણીત હોય તો નિકાહનામાની નકલ તેમજ લાસ્ટ ખિદમત કરેલ મસ્જિદ મદ્રસાના સમર્થન પત્ર ખિદમતમાં રાખતા પહેલાં અથવા એકાદ અઠવાડિયામાં મસ્જિદની ફાઈલમાં જમા લેવુ લાઝિમ કરે.

(૪) ઈમામ પણ એક માણસ છે, તેની ફેમેલી છે. આપણી જેમ તેની પણ ઘરેલુ તથા ઘર સંસારની કેટલીક મહત્વની જરૂરતો હોય છે જેને પૂર્ણ કરવા માટે વરસમાં અનુકૂળતા મુજબ ચાલુ પગારની રજાઓ આપવામાં આવે.

(૫) શક્ય હોય તો ઈમામ તથા મોઅઝ્ઝિનના બાળકોની તાલીમ (એજ્યુકેશન)નો ખર્ચ વ્યવસ્થાપકો પોતાના માથે લે.

(૬) મસ્જિદ વ્યવસ્થાપાક કમિટી વરસમાં ચાર વાર એટલે દર ત્રણ મહીને ઈમામ પાસે તેની સર્વ ખિદમતોનો એક લેખિત રિપોર્ટ હાંસલ કરીને તેની ચકાસણી કરે અને ઈમામ સાથે એ રિપોર્ટ સંબંધે રાય મશવરો કરે જેથી મસ્જિદ તથા મહોલ્લાની ગતિવિધિઓમાં જો કોઈ કમી, ખામી કે ખરાબી પેદા થઈ હોય તો તેને દૂર કરવામાં આવી શકે. અને આ રીતે મસ્જિદ તથા મહોલ્લાની પ્રગતિને યક઼ીની તથા નિશ્ચિત બનાવવામાં આવે.

**આ આયોજનો પણ કરવાં જરૂરી :** કોઈ એક જિલ્લાને લક્ષમાં રાખીને એ જિલ્લાના કોઈ એક તાલુકામાં ત્યાંની સર્વ મસ્જિદોના ઈમામો તથા કમિટીના જિમ્મેદારોને બે ચાર દિવસ પહેલાં લેખિત દાવતનામા તથા ફોનથી બા ક઼ાયદા જિમ્મેદારી સાથે ખબર આપવામાં આવે અને મદ્રસા તથા મસ્જિદોની વ્યવસ્થામાં સુધારણા, ઈમામ તથા મુદર્રિસોની જિમ્મેદારીઓ, તેમનો ઉચ્ચ દીની મક઼ામ તથા મર્તબો, મહોલ્લાના બાળકો તથા નવ જવાનોની ઈસ્લાહ તથા દીની તર્બિયત, મુસલમાનોમાં દીની તેમજ મોડર્ન એજ્યુકેશનમાં વિકાસ, મસ્જિદ–મદ્રસા તથા મહોલ્લાવાસીઓને એકબીજા સાથે જોડવાનો અમલ તથા મસ્જિદ તથા મહોલ્લાના માહોલને પુર અમ્ન તથા ખુશગવાર બનાવવાના હવાલાથી ચર્ચા વિચારણા, મશવરા, આપસી સહકાર કેવળવવા માટે આયોજનો કરવામાં આવે.

(૨) નિશ્ચિત એજન્ડા મુજબ યોજેલ બેઠકમાં વારફરતી દરેક મસ્જિદ મદ્રસા કમિટીની ગુઝારિશો, શિકાયતો તથા રજૂઆતોને નોંધી લેવામાં આવે અને જરૂરત પડવા પર ફરીથી પણ આ પ્રમાણેની બેઠકો બોલાવી રાય મશવરાથી કામો નિપટાવવામાં આવે.

(૩) આ પ્રમાણે વિવિધ તાલુકાઓની મિટિંગ બાદ પૂરા જિલ્લાની એક મિટિંગ બોલાવીને સર્વની પ્રગતિ માટેના કામો પર ચર્ચા વિચારણા કરીને એક બીજાના સહકાર સાથે દીની તથા શૈક્ષણિક તથા સામાજિક કામોમાં ગતિ લાવવામાં આવે, આ કામોમાં સતત એકબીજાથી સંપર્કો કરતા રહી નિધાર્રિત બાબતોમાં ગતિ લાવવામાં આવે,

*(અશરફિયા મંથલી, જાન્યુ. ફેબ્રુઆરી–૨૦૨૪)*

# 'તકાષુર'ની ભયાનકતાઓ અને આપણો સમાજ

**કાર્યાલય**

રબ તઆલાનો ઈર્શાદ છે :–

اَلْهٰىكُمُ التَّكَاثُرُ ۙ حَتّٰى زُرْتُمُ الْمَقَابِرَ ۙ ''તમને માલ તથા સંપત્તિની તલબમાં ફરીફાઈએ અલ્લાહની યાદથી ગાફિલ કરી આપ્યા ત્યાં સુધી કે તમે લોકો કબરો સુધી પહોંચી ગયા.'' *(સૂ. તકાષુર, ૧૦૨/૧,૨)*

આયતમાં تَکَاثُر (તકાષુર એટલે માલ દૌલતમાં અધિકતાની ખ્વાહિશ અને તેના માટે હરીફાઈ)ની સૌથી મોટી ખરાબી સ્પષ્ટ કરતાં એનાથી સાવચેત કરવામાં આવ્યા છે કે અંજામના એતબારથી એ તબાહીનો સબબ છે. ''તકાષુર''ના શાબ્દિક અર્થ વિવિધ રીતે વર્ણવવામાં આવેલ છે : અધિકતાની ખ્વાહિશ, અથવા તલબ રાખવી, માલની તલબમાં હરીફાઈ, માલ તથા ઔલાદ અથવા બીજી ચીજો પર આપસમાં ગર્વ કરવો અથવા શયખી મારવી, વધુથી વધુ અને એક બીજાથી વધીને માલ અથવા કોઈ દુનિયવી સામાન હાંસલ કરવાની ધુનમાં લાગેલા રહેવું. આ ખુલાસાઓથી એ સ્પષ્ટ થાય છે કે એના ભાવાર્થમાં ચાર વાતો અનિવાર્યપણે સામેલ હોય છે : કોઈ ચીજની મહોબ્બત, તેની લાલચ અને તેની પ્રાપ્તિમાં બીજાઓથી હરીફાઈ કરવી અને પ્રાપ્ત થઈ જતાં ગર્વ કરવો.

એમાં શંકા નથી કે દુનિયામાં બનાવ શિંગાર, ઠાઠમાઠની અને મનપસંદની ઘણી બધી ચીજો છે જેની ચાહત તથા તલબામાં જરૂરતથી વધુ અથવા હદથી વધીને વ્યસ્ત થઈને માણસ પોતાની રોજનીશીમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની યાદ તથા તેની હિદાયતોથી ગાફેલ થઈ જાય છે. પણ હકીકત એ છે કે દુનિયાની પ્રિય ચીજો અથવા દુનિયાની લિજ્જતોમાં ઝિક્રે ઈલાહી, ઈબાદતે ઈલાહી અને રબ તઆલાના હુકમોના પાલનથી સૌથી અધિક ગાફેલ કરનારી ચીજ માલની મહોબ્બત અને તેને ભેગો કરવાની તથા તેમાં વધારો કરવાની લાલચ છે. લોભ લાલચ તથા અન્યોથી વધુ કમાઈ લેવાની હોડમાં વધુ ને વધુ જમા કરી લેવાની ચાહત વિવિધ ચીજો (માલ, દોલત, જમીન જાયદાદ, સામાજિક તથા રાજકીય પ્રભાવ અથવા સત્તા અથવા હોદ્દો તથા મોભ્ભો, દુનિયવી લિજ્જતો વગેરેમાં હોય છે અથવા હોય શકે છે. પરંતું એ સામાન્ય અનુભવ છે કે એ તલબ તથા ચાહત સૌથી વધુ માલ દૌલતના હેઠળ જોવા મળે છે. માલની દોલત તથા હવસ રાખનારાને ચેન નસીબ નથી થતુ.

## ★ માલ દૌલત એ આજમાઈશનો સામાન છે ★

કુર્આન તથા હદીષમાં માલ દૌલત તથા દુનિયાની બીજી ચીજોને ઠાઠમાઠ શણગાર સાથે સરખાવવામાં આવેલ છે અને તેમને ''ફિત્નો'' (આજમાઈશનો સબબ) કહેવામાં આવેલ છે. ફર્માને ઈલાહી છે :–

وَ اعْلَمُوْٓا اَنَّمَآ اَمْوَالُكُمْ وَ اَوْلَادُكُمْ فِتْنَةٌ ۙ وَّ اَنَّ اللّٰهَ عِنْدَهٗٓ اَجْرٌ عَظِيْمٌ ۝

''અને જાણી લો કે તમારા માલ તથા તમારી ઔલાદ તમારા માટે ફિત્નાનો (આજમાઈશનો સામાન) છે અને અલ્લાહની પાસે ઘણો મોટો બદલો છે.'' *(સૂ. અન્ફાલ, આ.૨૮)*

અસલમાં દુનિયાના પરીક્ષા ઘરમાં આ માલ તથા ઔલાદ એ આજમાઈશ (કસોટી)નો સામાન છે. જેને તમે પુત્ર પુત્રી કહો છો એ હકીકતની બોલીમાં એ અસલમાં કસોટીનુ એક પેપર છે, અને જેને તમે જાયદાદ અથવા કારોબાર કહો છો તે પણ હકીકતમાં

એક અન્ય કસોટીનું પેપર છે. આ ચીજો તમારા હવાલે એટલા માટે કરવામાં આવી છે કે તેના થકી તમને પરખવામાં આવે કે તમે કયાં સુધી હક્કો તથા હદોનો લેહાઝ રાખો છો, કેટલે સુધી જિમ્મેદારીઓનો બોજ લાદીને જઝબાતના ખેંચાણ છતાં સીધે માર્ગે ચાલો છો, અને ક્યાં સુધી તમારા નફ્સને જે આ દુનિયવી ચીજોની મહોબ્બતમાં ઘેરાયેલો હોય છે તેને એ રીતે કાબૂમાં રાખો છો કે પૂરી રીતે હક્કનો બંદો પણ બનીને રહો અને એ ચીજોના હક્કો એ હદ સુધી અદા પણ કરતા રહો જે હદ સુધી રબ તઆલાએ ખુદ તેમની માત્રા નિશ્ચિત છે.

નબી કરીમ ﷺનો ઈર્શાદે ગિરામી છે : ''દરેક ઉમ્મતના માટે કોઈ ન કોઈ ચીજ આજમાઈશ માટે હોય છે. મારી ઉમ્મતના માટે આજમાઈશ માલ છે.''

*(જામેઅ તિર્મિઝી, અબ્વાબુઝ્ ઝુહદ)*

માલ સૌથી મોટી આજમાઈશ એ કારણે છે કે તેની મહોબ્બત માણસની પ્રકૃતિમાં સામેલ છે. રબનો આદેશ છે : وَاِنَّهٗ لِحُبِّ الْخَيْرِ لَشَدِيْدٌ ''તે બેશક ! માલની મહોબ્બતમાં ખૂબ જ સખત છે.'' *(સૂ. આદિયાત, આ.૮)*

એનાથી જાણવા મળ્યું કે માણસ માલથી કેવળ મહોબ્બત નહીં બલ્કે સખત મહોબ્બત ધરાવે છે અને સ્વભાવિક વાત છે કે જે ચીજ માણસને પ્રિય હોય છે તેને વધુ ને વધુ હાંસલ કરવા માટે ખૂબ ભાગદોડ કરે છે. અને તેને પુષ્કળ પ્રમાણમાં પોતાની પાસે રાખવાનો આશાવાદી બને છે. એક અન્ય આયતમાં માણસને સ્પષ્ટપણે ખબરદાર કરી દેવામાં આવ્યો કે માલના ઉપરાંત અન્ય કઈ કઈ ચીજો પસંદીદા ચીજો છે જેમની મહોબ્બત તેમના દિલોમાં આજમાઈશરૂપે વસાવી દેવામાં આવી છે :–

زُيِّنَ لِلنَّاسِ حُبُّ الشَّهَوٰتِ مِنَ النِّسَآءِ وَ الْبَنِيْنَ وَ الْقَنَاطِيْرِ الْمُقَنْطَرَةِ مِنَ الذَّهَبِ وَ الْفِضَّةِ وَ الْخَيْلِ الْمُسَوَّمَةِ وَ الْاَنْعَامِ وَ الْحَرْثِ ذٰلِكَ مَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا وَاللّٰهُ عِنْدَهٗ حُسْنُ الْمَاٰبِ

''લોકોના માટે નફસને લોભાવતી ચીજો એટલે સ્ત્રીઓ, ઔલાદ, સોના ચાંદીના ખન ખનતા ઢગલા, ઉમદા ઘોડા, પશુઓ તથા ખેતીઓ જમીનો અને તેની પેદાવાર (ઉપજ) ઘણી ખુશનુમા બનાવી દેવામાં આવી છે. પણ આ સૌ દુનિયાના થોડા દિવસોનો સામાન છે અને સત્ય એ છે કે બેહતરીન ઠેકાણુ અલ્લાહને ત્યાં છે.'' *(સૂ. આલે ઈમરાન, આ. ૧૪)*

## ★ માલ કમાવાની લાલચ ★

હકીકત એ છે કે જ્યારે માણસને કોઈ ચીજની સખત ચાહત હોય છે તો તે ધીરે ધીરે લોભ લાલચમાં તબદીલ થઈ જાય છે. તેનો અમુક હિસ્સો તેને મળી જાય છે તો તેને વધારવાની ફિકરમાં લાગેલો રહે છે, ત્યાં સુધી કે એક તલબ પૂરી નથી થતી એવામાં બીજી તલબ પેદા થઈ જાય છે. એટલે થોડુક વધારે, થોડુક વધારેની લાલશા તેને ચેન લેવા દેતી નથી. એક હદીષમાં ઘણા જ અસરકારક અંદાઝમાં માણસની આ કૈફિયત (સ્થિતિ)નો નકશો દોરવામાં આવેલો છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરની રિવાયતના પ્રમાણે નબી કરીમ ﷺનો ઈર્શાદ છે : ''જો કોઈ માણસને એક વાદી (બે પહાડો વચ્ચે સપાટ મેદાન) ભરીને સોનુ આપી દેવામાં આવે તો તે બીજી વાદી ભરીને સોનાની ખ્વાહિશ કરશે. જો તેને સોનુ ભરેલી બીજી વાદી મળી જાય તો ત્રીજીની આરઝૂમાં સપડાય જશે. હકીકત એ છે કે **માણસના પેટને કબરની માટી સિવાય અન્ય કોઈ ચીજ (ભરીને) બંધ નથી કરી શકતી** અને અલ્લાહની રહમત એની તરફ ધ્યાનિત થાય છે જે (ગુનાહમાં પડયા બાદ) એનાથી તૌબા કરી લે છે.'' *(સહીહ બુખારી, કિતાબુર્રિકાક઼)*

નિ:શંક ! દિલમાં માલની મહોબ્બતનું બેસી જવું, ખૂબ અધિક માલ જમા કરી લેવાના લાલચુ બનવું, રાત દિવસ એમાં જ રચ્યા પચ્યા રહેવું અને પછી

www.barkatekhwaja.net

પોતાના માલના સંગ્રહ પર ગર્વ કરવો એ નાપસંદીદા તરીકો છે કે જે દુનિયવી તથા આખેરતની જિંદગીમાં તબાહીનો સબબ બને છે. આ મુદ્દો એ આયતો પર ચિંતન મનન કરવાથી ખૂબ જ સ્પષ્ટપણે સામે આવે છે જેમાં માલ દોલતને ફિત્નો (કસોટીની ચીજ) કહેવામાં આવેલ છે. અને તેના પછી તરત જ અલ્લાહથી ડરવા અને ગુનાહોથી દૂર રહેવાની હિદાયત કરવામાં આવી છે. (સૂ. અન્ફાલ–૨૯, સૂ. તગાબૂન–૧૬ જુઓ) એટલે કે એના માટે સાવચેત કરવામાં આવ્યા છે કે માલ દોલત હાંસલ કરવા, તેને ખર્ચ કરવા અને આલ ઔલાદના ઉછેર કરવાની સાથોસાથ અલ્લાહની રૂબરૂ હાજરી તથા જવાબ આપવાના ખયાલથી ડરતા રહો. ક્યાંક એવું ન બને કે આ બધાં કામો કરવામાં શરીઅતના હુકમોને તોડીને રબ્બે કરીમની નારાઝગી વહોરી લો. રહી એ બાબત કે માલ તથા ઔલાદના સંબંધી મામલાઓમાં જરૂરત કરતાં વધુ તેમજ શરીઅત વિરૂધ્ધ વ્યસ્તતામાં દીનના એતબારથી સૌથી મોટુ નુકસાન શું છે ? કુર્આનની વિવિધ આયતોની રોશનીમાં એને આ રીતે વર્ણવવામાં આવી શકે છે : અલ્લાહની યાદથી ગાફેલ થઈ જવું, ફર્ઝોની અદાયગીમાં લાપરવાહી વર્તવી, અને અલ્લાહના બંદાઓના હક્કોની અદાયગીમાં ઉણપ વર્તવી આખેરતને ખરાબ કરી દે છે. રબનો આદેશ છે :

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُلْهِكُمْ اَمْوَالُكُمْ وَ لَاۤ اَوْلَادُكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ ۚ وَ مَنْ يَّفْعَلْ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ ۝۹

"હે ઈમાનવાળાઓ ! તમારા માલ, તમારી ઔલાદ તમને અલ્લાહના ઝિક્રથી ગાફેલ ન કરી દે અને જેઓ કોઈ એવું કરશે તેઓ યકીનન ! મહાન નુકસાનમાં હશે." *(સૂ. મુનાફિકૂન, આ.૯)*

એટલે કે પોતાના અમલોનું નિરીક્ષણ કરતા રહો. માલની તલબમાં એટલા પ્રમાણમાં ગુમ ન થઈ જાવ કે અલ્લાહને યાદ કરવાનું ભૂલી જાવ. અને પોતાની ઔલાદની મહોબ્બતમાં એવું કામ ન કરી નાખો કે અલ્લાહ નારાજ થઈ જાય. એ વાત કાંઈ ઢ ંકી છુપી નથી કે અલ્લાહની યાદથી ગાફેલ થઈ જવાનો મતલબ કેવળ ઝબાનથી ઝિક્ર, તસ્બીહ તથા વિર્દો વઝીફાઓના કલમાની અદાયગી ભૂલી જવું નથી, બલ્કે એમાં એના હુકમોને ભૂલી જવું અથવા તેની વિરૂધ્ધ વર્તવું સર્વ કાંઈ સામેલ છે.

માલ તથા દુનિયવી સાઝો સામાનની લાલચ દીની બાબતો માટે કેટલા પ્રમાણમાં ખતરનાક છે એને હદીષમાં ઘણા જ અસરકારક અંદાઝમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. હઝરત કઅબ ઈબ્ને માલિકથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે બે ભૂખ્યા વરૂ જેમને બકરીઓના ટોળામાં છોડી મૂકવામાં આવે તે બકરીઓને એટલુ નુકસાન નથી પહોંચાડતા જેટલુ નુકસાન માણસની માલ તથા હોદ્દાની લાલચ તેના દીનને પહોંચાડે છે. *(જામેઅ તિર્મિઝી)*

હકીકત એ છે કે "તકાષુર" (જરૂરતથી વધુ માલ સંપત્તિ જમા કરવાની લાલચ હોવી અને હરીફાઈ કરવી અને એના પર ગર્વ તથા અભિમાન પ્રદર્શિત કરવું) એ પોતે જ એક ઉઘાડી બુરાઈ છે અને ઘણી બધી અન્ય બુરાઈઓને જન્મ આપવાનો ઝરીયો પણ બને છે. એમાં ખાસ કરીને કંજૂસી તથા સંગ્રહખોરી, ઈર્ષા તથા જલન, અપ્રમાણિકતા તથા પ્રપંચ કરવું, રિયા તથા દેખાડો કરવું, ગર્વ તથા નાઝ કરવું ઉલ્લેખનીય છે.

### ★ માલ તથા દોલતની વિપુલતા આજમાઈશનો સબબ ★

માલ તથા દોલત કમાવી અને તેના મળી જતાં ખુશી પ્રદર્શિત કરવી એ નાપસંદીદા કે અયબવાળી

બાબત નથી, પરંતું માલ દૌલત મળી જવા પર કે જમા થઈ જવા પર બેકાબૂ થઈ જવું અને મધ્યમ માર્ગથી અલગ વર્તણૂંક અપનાવવી અને પછી જાત જાતની બુરાઈઓમાં સપડાય જવું કોઈ પણ રીતે પસંદીદા વ્યવહાર નથી, જેવું કે એક હદીષથી આ કિંમતી મુદ્દો સામે આવે છે :

"એકવાર એક સહાબી બેહરીનથી જિઝિયા રૂપે કેટલોક માલ લઈને મદીના પરત થયા અને બીજા સહાબીઓને પણ તેની ખબર પડી ગઈ. ફજરની નમાઝ બાદ હુઝૂર ﷺએ સ્મિત સાથે તેમને પૂછયું કે તમને જાણ થઈ ગઈ હશે કે બેહરીનથી માલ આવ્યો છે ?! તેમણે જવાબમાં કહ્યું, હા ! યા રસૂલલ્લાહ ! આપે ફર્માવ્યું, ખરેખર માલ આવ્યો છે, ખુશ થઈ જાવ ! અને હમેશાં ખુશી આપતી ચીજોની ઉમ્મીદ રાખો. કસમ અલ્લાહની કે મને તમારા બારામાં ગરીબીથી અંદેશો નથી (કે તમારામાં ખરાબી પેદા કરશે) બલ્કે એ અંદેશો છે કે તમારા માટે દુનિયાની ફર્રાખી (વિપુલતા) કરી દેવામાં આવશે જેવી રીતે તમારાથી આગલા લોકો પર કરી દેવામાં આવી હતી. પછી તમે એમાં એ જ પ્રમાણે આકર્ષણ તથા હરીફાઈ કરશો જેવી રીતે તમારાથી આગલા લોકોએ કરી હતી. આ રવિશ તમારા માટે તબાહકુન સાબિત થશે જે રીતે તેણે તેમને હલાક કરી દીધા હતા. *(સહીહ બુખારી, કિતાબુલ જિઝિયા વલ યવાદઅહ)*

એટલે કે ગરીબી મુફલિસીના કારણે માણસ ફિત્ના તથા આજમાઈશમાં પડી શકે છે, પરંતું એનાથી વધીને એના બારામાં અંદેશો એ વખતે હોય છે જ્યારે કે એના માટે માલ દોલતના માર્ગો ખુલી જાય અને તે દોલતની ચાહતમાં પોતાની અસલ જિમ્મેદારીઓને ભૂલી બેસે, તેને ધુન હોય તો કેવળ એ વાતની કે કેટલા જલ્દી તે પોતાના માટે વધુથી વધુ સરમાયો ભેગો કરી લે. તે લાલચનો એવો બંદો બનીને રહી જાય છે કે ન તેને ફકીરો તથા મિસ્કીનો પર રહમ આવે અને ન પોતાની દોલતને ખુદાની રાહમાં ખર્ચ કરી શકે.

ઉપરોક્ત હદીષોથી જાણવા મળે છે કે માલ પ્રાપ્ત થવું અથવા ખૂબ અધિક પ્રમાણમાં તેને પ્રાપ્ત કરવું ઈસ્લામમાં મના કે નાપસંદીદા નથી બલ્કે તેની પ્રાપ્તિ બાદ જાઈઝ તથા નાજાઈઝ ભૂલીને અધિક માલ દોલત જમા કરવાની સખ્ત ખ્વાહિશનું પેદા થવું અયબદાર તથા નુકસાનકર્તા છે. જો અહલે કિતાબના તૌર તરીકાઓનો અભ્યાસ કરવામાં આવે તો તેમની ખરાબીઓ તથા બુરાઈઓમાં આ બુરી હરકત પણ સામેલ હતી, જેમ કે અમુક આયતો (સૂ. માઈદા, ૬૨)થી સ્પષ્ટ જાહેર થાય છે કે રોજની જિંદગીમાં તેમની ભાગદોડનું અસલ મેદાન આ જ હતું. માલ દોલતની મહોબ્બત તથા લાલચ ન કેવળ એ કે તેમના દિલો દિમાગમાં વસી ચૂકેલી હતી બલ્કે પોતાના ખજાનામાં વધારો કરવા ખાતર જાઈઝ તથા નાજાઈઝનો લેહાઝ કર્યા વિના વિવિધ ઝરીયાઓ અપનાવવામાં કોઈ કસર બાકી રાખતા ન હતા, અને બીજા લોકોથી આગળ વધી જવાની ફિકરમાં લાગેલા રહેતા હતા.

## ★ લાલચ તથા કંજૂસીની બીમારીથી ભેટવું ★

એ હકીકત છે કે જ્યારે કોઈ ચીજની મહોબ્બત દિલમાં ઘર કરી લે છે તો તેની સાથે લાલચ તથા કંજૂસી બંનેવ બુરાઈઓ તેના દિલમાં ઉછેર પામે છે અને એ માલની મહોબ્બત તથા અન્ય બુરાઈઓ (ખાસ કરીને અલ્લાહના હક્કો તથા બંદાના હક્કોની અદાયગી વિરૂધ્ધ વર્તન) માટે ઉભારે છે. એટલા માટે કે તેના દિલમાં એવો ખયાલ ઘર કરી જાય છે કે જો જમા થયેલ પૂંજીમાંથી કાંઈ ખર્ચ કરશે તો તેમાં કમી

આવી જશે. એ જ કારણે કુર્આને કરીમમાં આ અમલને એક આ'લા દરજાની નેકી ઠરાવવામાં આવેલ છે કે માલની સખત મહોબ્બત તથા ચાહત હોવા છતાં તેને નેક કામોમાં ખર્ચ કરવામાં આવે.

આ આયત એ મો'મિન બંદાના એ ખાસ ગુણને પ્રદર્શિત કરે છે :–

وَاٰتَى الْمَالَ عَلٰى حُبِّهٖ ذَوِى الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنَ

અને તે માલની મહોબબત છતાં તેને સગા સંબંધીઓ, યતીમો અને ગરીબો પર ખર્ચ કરે છે.

*(સૂ. બક઼રહ, ૨/૧૭૭)*

એની અધિક સ્પષ્ટતા આ હદીષથી પણ થાય છે જેમાં એવું વર્ણન કરવામાં આવ્યું છે કે અજર સવાબ)ના એતબારથી એ સદક઼ો સૌથી મોટો છે જેને કોઈ એ હાલમાં કોઈને આપે કે તે સાજો તથા તંદુરસ્ત હોય અને સદક઼ામાં આપેલા માલની લાલચમાં ડૂબેલો હોય અને કંજૂસીમાં પણ એટલો બુરી રીતે સપડાયેલો હોય કે ગરીબીના ડરથી માલ ખર્ચ કરતો ન હોય અને અધિક માલનો ઉમેદવાર તથા ખ્વાહિશમંદ હોય. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની રિવાયતના પ્રમાણે એક સહાબીના આ સવાલ પર કે કયો સદકો અજર (બદલા)ના લેહાઝથી સૌથી વધીને છે ? એના જવાબમાં નબી કરીમ ﷺએ ફર્માવ્યું, તમે સદક઼ો કરો એ હાલમાં કે તમો તંદુરસ્ત હોવ, માલની લાલચવાળા હોવ, ગરીબીથી ડરતા હોવ અને માલદારીના આશાવાદી અથવા ઈચ્છુ હોવ.

*(સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ ઝકાત)*

હક઼ીક઼તમાં લાલચ એવી બુરી બલા છે કે તે ચેન લેવા દેતી નથી. થોડોક માલ મળી જતાં અને તેની લિજ્જત મળી જતાં અધિકની તલબ ભડકતી રહે છે. પછી કાંઈ અધિક પૂંજી હાથ લાગી ગઈ તો પણ તેને સુકૂન નથી મળતુ અને નફસની ખ્વાહિશાતના તાબે થઈને તે અધિકની તલબનો ગુલામ બની જાય છે. એનું પરિણામ એ આવે છે કે માલ દોલતની લાલચ અને તેને વધારવાની સખત ઈચ્છામાં સપડાયેલો શખ્સ વિચારતો રહે છે કે ફલાણા પાસે માલ દોલતનો આટલો ઢગલો છે તો હું શા માટે પાછળ રહું ? તેની પાસે આટલી સંપત્તિ છે તો હું કેમ ન ભાગ દોડ કરું ?!

## ★ અધિક સંપત્તિઓ બનાવવાથી બચવું ★

માલ સંપત્તિ વધારવાની સખત તલબ રાખનારાઓ અથવા તકાષુરનો રવૈયો અપનાવનારાઓને કુર્આને કરીમમાં એક જગાએ આ રીતે સંબોધવામાં આવેલ છે :–

اَتَبْنُوْنَ بِكُلِّ رِيْعٍ اٰيَةً تَعْبَثُوْنَ ﴿١٢٨﴾ وَتَتَّخِذُوْنَ مَصَانِعَ لَعَلَّكُمْ تَخْلُدُوْنَ ﴿١٢٩﴾

"શું તમે લોકો દરેક ઊંચા સ્થાને એક નિરર્થક તથા વિના જરૂરતની ઈમારત નિશાની રૂપે બનાવો છો, મોટા મોટા મહેલો બાંધો છો, જાણે તમારે હમેશાં અહીં રહેવાનું છે." *(સૂ. શુઅરા, ૧૨૮–૧૨૯)*

એટલે કે કેવળ પોતાની શાનો શૌકતના પ્રદર્શન અથવા અન્યોની દેખાદેખી અને તેમની સાથે હરીફાઈ કરવામાં વિના જરૂરતે ઊંચી ઊંચી મજબૂત બિલ્ડિંગો બાંધો છો. તમારા આ કામથી એવું મેહસૂસ થાય છે કે તમે એવું સમજી રાખ્યું છે કે તમને મૌત નથી આવવાનું અને હમેશાં હમેશ આ જ દુનિયામાં રહેવાનું છે. જરૂરત વિના મકાન બનાવવું અને બાંધકામ કરવું શરીઅતની રૂએ બુરુ છે. ઈમામ તિર્મિઝીએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે, "તે ઈમારત જે જરૂરત કરતાં અધિક બનાવવામાં આવી હોય એમાં કોઈ બેહતરી તથા ભલાઈ નથી." આ જ અર્થનું સમર્થન હઝરત અનસની બીજી રિવાયતથી પણ થાય છે. "દરેક બાંધકામ, બાંધકામ કરનાર માટે મુસીબત છે પણ તે ઈમારત જે જરૂરી હોય તે વબાલ નથી." *(અબૂ દાઊદ)*



www.barkatekhwaja.net

સારાંશ કે માલ તથા જાયદાદના લાલચી અને "તકાષુર"ની રાહ અપનાવનારાઓની પૂરી જિંદગી એ ચીજોને વધારતા રહેવાની ભાગદોડમાં ગુજરી જાય છે, ત્યાં સુધી કે કબરમાં તેમને જવાનો સમય આવી જાય છે. આ સંજોગોને જોતાં રસૂલુલ્લાહ ﷺનું આ ફર્માન ઘણી મહત્વતા ધરાવે છે : لَا تَتَّخِذُوا الضيعة فترغبوا فِي الدُّنْيَا અધિક જમીન જાયદાદ ન બનાવો, નહીં તો દુનિયા અથવા દુનિયાની માલ સંપત્તિની લાલચ તમને તમારા ઘેરાવમાં લઈ લેશે." *(જામેઅ તિર્મિઝી, અબ્વાબુઝ ઝુહદ)* આ હદીષમાં الضيعةથી મુરાદ જમીન, કારોબાર, ખેતી વગરે છે, અને મતલબ એ છે કે એમનામાં એટલી બધી દિલચસ્પી તથા વ્યસ્તતા ન હોવી જોઈએ કે માણસની જિંદગીનો મકસદ અલ્લાહની રઝાને બદલે એ જ ચીજો બની જાય અને તેના દિવસ રાતો એ જ દોડધુપમાં ખર્ચાય જાય, નહીં તો જરૂરત મુજબ તથા જરૂરત પૂરતી તો જમીન, કારોબાર તથા જાયદાદ વગેરે બનાવવી તથા રાખવી સૌ જાઈઝ છે, મના નથી.

## ★ દુનિયાની હકીકત પર નજર ★

રહ્યો એ સવાલ કે "તકાષુર"ના તબાહ કરનારા રવૈયાથી કેવી રીતે બચવામાં આવી શકે, આ બુરાઈથી કેવી રીતે નજાત મળી શકે અથવા આ રાહ પર ચાલવાથી દૂર રહેવા કે દૂર થવા માટે કઈ તદબીરો અપનાવવામાં આવે ? આ મકસદ હેઠળ કુર્આને કરીમમાં ચિંતન વિચારણાથી એ હકીકત સામે આવે છે કે માણસની દિમાગી, ચિંતનમય સુધારણા અથવા તેની આંત્રિક હાલતની સુધારણા અધિક મહત્વની છે. કુર્આને કરીમ દુનિયાના સંબંધે આ બાબતે માણસની વિચારણાને સમારે છે કે આ ટેમ્પરરી રહેવાની જગા (દુનિયા)ની માલ સંપત્તિ ફાની છે. ગમે તેટલી માલ સંપત્તિ જમા થઈ જાય તે ઓછી થઈને કે ખતમ થઈને રહે છે. અહીંથી વિદાય વેળા આ સર્વ ચીજો માણસનો સાથ છોડી આપનારી છે, તો પછી આવી ચીજોથી દિલ લગાડવું, દિવસ રાત તેના ખાતર ભાગદોડ કરવી, માલ દોલતનો ખજાનો જમા કરવો અને એમાં વધારો કરવા માટે સર્વ શક્તિઓ ખર્ચી કાઢવી એ ક્યાંની અકલમંદી છે ? કુર્આને કરીમમાં વિવિધ જગાઓએ દુનિયવી માલ સંપત્તિ માટે લોભ લાલચ કરનારાઓને ખૂબ જ અસરકારક અંદાઝમાં ચેતવ્યા છે :–

وَ مَا هٰذِهِ الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا لَهْوٌ وَّ لَعِبٌ ؕ وَ اِنَّ الدَّارَ الْاٰخِرَةَ لَهِيَ الْحَيَوَانُ ۘ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ۝

"આ દુનિયાની જિંદગી કાંઈ નથી પણ એક ખેલ અને બહેલાવો, અસલ જિંદગી તો આખેરતનું ઘર છે, કાશ ! લોકો આ હકીકતને જાણી લેતા."

*(સૂ. અન્કબૂત, આ. ૬૪)*

આ આયત ઘણા જ સ્પષ્ટ અંદાઝમાં માણસને એ હકીકતની તરફ ધ્યાનિત કરી રહી છે કે દુનિયવી જિંદગી અને તેનો સાઝો સામાન કેવળ બનાવ શિંગાર છે. માલ તથા ઔલાદની અધિકતા પર માણસ ભલે ગમે તેટલો મગન (ખુશ ખુશ) થઈ જાય, જેટલા પ્રમાણમાં ચાહે ગર્વ કરે પણ તેને સલામતી તથા હમેશગી નથી. બસ એક ધોકો છે જે થોડાક જ દિવસો બાદ હવા થઈ જશે. એ જ પ્રમાણે સૂરએ યૂનુસની આયત ૨૪માં એ લોકોને સંબોધન છે જેઓ લીલાંછમ અને પાકથી ભરપુર ખેતરોને જોઈને ખુશ થઈ જાય છે, તેને કેવળ પોતાની મહેનત કે દોડધુપનું ફળ અને પોતાની આવડત તથા કાબેલિયતની કારસ્તાની સમજે છે અને મુન્ઈમે હકીકી રબ તઆલાને ભૂલી જાય છે, તેનો શુક્ર પણ નથી અદા કરતા : (તર્જુમો) દુનિયાની આ જિંદગી એનું દષ્ટ્રાંત એવું છે જેવી રીતે આસ્માનથી અમે પાણી વરસાવ્યું તો જમીનની

પેદાવાર જેને ઈન્સાન તથા જાનવર સૌ ખાય છે ખૂબ ગાઢ થઈ ગઈ. પછી બરાબર એ વખતે જ્યારે કે જમીન પોતાની વસંત પર હતી અને ખેતી બનેલી સંવરેલી ઉભી હતી, અને એમના માલિક એ ગુમાનમાં હતા કે હવે અમે એનાથી ફાયદો ઉઠાવવા પર શક્તિમાન છીએ, એવામાં અચાનક રાતમાં અમારો હુકમ આવી ગયો અને અમે તેને એવી તબાહ કરીને રાખી દીધી કે જાણે કાલે ત્યાં કાંઈ હતું જ નહીં. આ રીતે અમે નિશાનીઓ ખોલી ખોલીને વર્ણવીએ છીએ એ લોકોના માટે જેઓ ચિંતન મનન કરે છે. *(સૂ. યૂનુસ, આ. ૨૪)*

## ★ નેકીની રાહમાં અગ્રતા લઈ જવી ★

અહીં એ દિમાગમાં રાખશો કે દુનિયવી જિંદગીની બેહતરી તથા પ્રગતિના માટે જિદ્દો જેહદ કુર્આનની નજરમાં બુરુ નથી, બલ્કે એ એના માટે પ્રોત્સાહિત કરે છે, પરંતું એ ઈમાનવાળાઓ માટે કોશિશ તથા ભાગદોડનું અસલ મેદાન નેકી કમાવી અથવા ભલાઈની તલબમાં આગળ વધવાને ઠરાવે છે. કુર્આને કરીમ વારંવાર માણસને આ કિંમત મુદ્દો યાદ અપાવે છે કે આજમાઈશભરી આ દુનિયામાં તેના માટે હકીકી કામયાબીનું રાઝ એમાં છે કે તે નેકીની રાહમાં અગ્રતા લઈ જવાને પોતાનુ લક્ષ્ય બનાવે :

سَابِقُوْٓا اِلٰى مَغْفِرَةٍ مِّنْ رَّبِّكُمْ وَ جَنَّةٍ عَرْضُهَا كَعَرْضِ السَّمَآءِ وَ الْاَرْضِ اُعِدَّتْ لِلَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَ رُسُلِهٖ ذٰلِكَ فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ وَ اللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ﴿٢١﴾

"પોતાના રબની મગફિરત અને એ જન્નતની તરફ ઝડપભેર વધો જેની વિશાળતા આસ્માન તથા જમીનની જેમ છે. એ તે લોકો માટે તૈયાર કરવામાં આવી છે જેઓ અલ્લાહ પર અને તેના રસૂલો પર ઈમાન લાવે. આ અલ્લાહનો ફઝ્લ છે તે જેને ચાહે છે તેને અતા કરે છે અને અલ્લાહ ઘણા ફઝ્લવાળો છે."

*(સૂરએ હદીદ, આ. ૨૧)*

કુર્આને કરીમ દુનિયવી જિંદગીમાં ન દોડભાગ તથા જિદ્દો જેહાદનું વિરોધી છે અને ન બીજાઓ સાથે હરીફાઈને નાપસંદ કરે છે, બલ્કે આ હિદાયતની કિતાબ હરીફાઈની દિશાને સહીહ કરવા અને તેને એક મહાન હેતુથી જોડવાની દા'વત આપે છે. કુર્આનની આ દા'વત અન્ય જગાઓ પર પણ મળે છે. *(આલે ઈમરાન, આ. ૧૩૩, સૂરએ બકરહ, આ. ૧૪૮, સૂરએ માઈદા, આ. ૪૮, સૂરએ મુઅ્મિનૂન, આ. ૬૮)*

## ★ દુનિયાના માલની હકીકત ★

માલ સંપત્તિમાંથી તે જ કામ આવે છે કે આવશે જેના વડે માણસ પોતાની જરૂરિયાત પૂર્ણ કરી લે અથવા જેને કોઈ ભલાઈના કામમાં લગાડી દે અને તેનો અજ્ર હમેશાં હમેશ માટે માલિકુલ મુલ્ક ﷻ પાસે મહેફૂઝ થઈ જાય. માણસ ખાસ કરીને "તકાષૂર"ની રાહ અપનાવનારાઓને સૂરએ નહ્‌લની આયત ૯૬ એ જ પયગામ આપી રહી છે :–

مَا عِنْدَكُمْ يَنْفَدُ وَ مَا عِنْدَ اللّٰهِ بَاقٍ "તમે લોકોની પાસે જે કાંઈ પણ છે તે ખતમ થઈ જશે અને અલ્લાહની પાસે જે કાંઈ છે (તેનો અજ્ર) છે તે જ બાકી રહેનાર છે." *(સૂરએ નહ્‌લ, ૯૬)*

જાહેર છે કે અલ્લાહની પાસે જે કાંઈ બાકી રહેનાર છે એનાથી મુરાદ કોઈ નેક કામ અથવા મોહતાજ બંદાઓની જરૂરતો પૂર્ણ કરવામાં ખર્ચ કરવામાં આવેલ માલનો અજરો સવાબ છે, જે અલ્લાહની પાસે મહફૂઝ થઈ જાય છે. એટલા માટે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાની હિદાયતની કિતાબમાં માલવાળાઓને વારંવાર આ તાકીદ કરી છે કે તેઓ (પોતાની જાઈઝ જરૂરતોને પૂર્ણ કર્યા બાદ) કારે ખૈરમાં પોતાનો માલ ખર્ચ કરતા રહે એનાથી

www.barkatekhwaja.net

પહેલાં પહેલાં કે મૌતનો સમય આવી જાય.

કુર્આન આ બાબતમાં માલદારોને વિચારવાની દા'વત આપે છે કે કોઈને પણ જે કાંઈ ઓછો વત્તો માલ મળે છે તે અલ્લાહની નવાઝિશ હોય છે. સર્વ ખજાનાઓનો માલિક તે જ છે. તે પોતાની હિકમત તથા મસ્લેહતના પ્રમાણે કોઈને ઓછો તથા કોઈને વધુ અતા કરે છે. *(આલે ઈમરાન, આ. ૭૩, ૭૪)* એમાં કોઈ માણસને કોઈ અધિકાર નથી. તો પછી કોઈની પાસે વધારે માલ દોલત જોઈને તેનાથી હસદ કરવાનો શો અર્થ છે ?! માલ દોલતની લાલશાથી કાંઈ હાંસલ થવાનુ નથી, કોઈની માલ દોલત પર લાલચની નજર કરવાને બદલે જે કાંઈ મળ્યું છે તેના પર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો શુક્ર અદા કરવામાં આવે અને કનાઅત (જે માલ તેમાં રાજી)નો માર્ગ અપનાવવામાં આવે. વિના શંકાએ કૃનાઅત ખુદ ઘણી મોટી દોલત છે. માલ અથવા વધારે માલની તલબમાં કોઈ વાંધો નથી. બસ, શર્ત એ છે કે એના માટે જાઈઝ ઝરીયાઓ અપનાવવામાં આવે અને અલ્લાહનો ફઝ્લો કરમ તલબ કરવા માટે તેનાથી ખૂબ દુઆઓ માગવામાં આવે. *(સૂરએ નિસાઅ્, આ. ૩૨)*

એ જ પ્રમાણે એ પણ યાદ રાખશો કે ઓછો કે વધારે માલ નસીબ થનારાઓ અથવા એનાથી બિલ્કુલ વંચિત રહેનારાઓ સૌને માલિકુલ મુલ્ક عزوجل تعالیٰ અજમાવે છે. તે જુએ છે કે બંને સ્થિતિઓમાં માણસનો કેવો રવૈયો રહે છે ? શું માલ નસીબ થવા પર માલવાળો મુન્ઈમે હક઼ીક઼ીને યાદ કરે છે, તેનો શુક્ર બજાવી લાવે છે, અને તેની અતા કરેલ નેઅમતોમાં મોહતાજો વગેરેને શરીક કરે છે અથવા તેને ભૂલી જાય છે, તેની હિદાયતોથી ગાફેલ થઈ જાય છે ? માલ નસીબ થઈ ગયા બાદ તે બીજા લોકો પર ફખ્ર કરે છે અને ઘમંડનો રવૈયો અપનાવે છે ? એ જ પ્રમાણે માલવાળાને એ રીતે પણ અજમાવવામાં આવે છે કે તેને જે કાંઈ માલ સંપત્તિ મળેલી છે તેનાથી પોતાની જરૂરતોની પૂર્ણતા અથવા કોઈ નેક કામમાં ખર્ચ કરતો રહે છે અથવા દિવસ રાત તેને અધિક વધારવાના ચક્કરમાં પડેલો રહે છે ? હક઼ીક઼ત એ છે કે આ ઐશનો સામાન નથી બલ્કે કસોટીનો સબબ છે જેનાથી વચ્ચે તમને રાખીને એ જોવામાં આવી રહ્યું છે કે તમારામાંથી કોણ પોતાની અસલિયતને ભૂલીને દુનિયાની આ ધોકાબાજીઓમાં ગુમ થઈ જાય છે અને કોણ પોતાના અસલ સ્થાન (રબની બંદગી)ને યાદ રાખીને સહીહ રવૈયા પર કાયમ રહે છે. જે દિવસે આ કસોટી ખત્મ થઈ જશે તે દિવસે આ એશના સામાનને ખત્મ કરી દેવામાં આવશે અને આ જમીન એક સપાટ મેદાન સિવાય કાંઈ ન રહેશે.

દુનિયાની ચીજોની હક઼ીક઼તના સંબંધે કુર્આનની આ સ્પષ્ટતા સિવાય અમુક જગાએ ખાસ કરીને માલ દૌલત તથા ઔલાદની નિસ્બતથી એ તરફ ધ્યાન કેન્દ્રિત કરાવ્યું છે કે તેમની હૈસિયત કેવળ થોડાક દિવસના બનાવ શિંગાર જેવી છે અને એ આજમાઈશનો સામાન છે, અસલમાં નેકીઓ જ બાકી રહેનારી અને ભલાઈનો સબબ બનનારી છે. *(જુઓ સૂરએ કહફ, આ. ૪૬, આલે ઈમરાન, આ. ૧૮૬, સૂરએ અન્આમ, આ. ૧૬૫)*

### ★ શુક્રિયાનો જઝબો પેદા કરવાની તદબીર ★

કુર્આને કરીમ તથા હદીષમાં લોભ લાલચ તથા તકાષુરથી દૂર રહેવાના માટે એક અન્ય નુસ્ખો તજવીઝ કરવામાં આવ્યો છે અને તે એ કે દુનિયાની માલ સંપત્તિના બારામાં પોતાનાથી ઓછુ પામનારાઓ અથવા માલથી તદન વંચિત રહેનારાઓ પર નજર કરવામાં આવે. એવું કરવાથી વિના શંકાએ રબના શુક્રની ભાવના પેદા થાય છે અને લોભ લાલચની



www.barkatekhwaja.net

કૈફિયત મુર્દા થઈ જાય છે, દિલમાં માલ ખર્ચ કરવાનું આકર્ષણ ઉદ્ભવે છે, અને માલથી વંચિત લોકો તથા મોહતાજોના મામલામાં હમદર્દી તથા સહાય કરવા તરફ કદમ આગળ વધે છે. એક હદીષમાં માલ તથા દૌલત અથવા દુનિયવી સંપત્તિના સંબંધે એ લોકો પર નજર કરવાની હિદાયત આપવામાં આવી છે જેઓને તેમના કરતાં ઓછુ મળેલુ છે, અને તેમને જોવાથી મના કરવામાં આવેલ છે જે તેમનાથી વધુ માલ દૌલતવાળા છે, જેથી અલ્લાહની અતા કરેલી નેઅમતને હલકી ન સમજે અથવા તેની નાક઼દરીની ભાવના ન જાગે. નબી કરીમ ﷺનો મુબારક આદેશ જુઓ : ''એ જુઓ કે આપનાથી નીચે કોણ છે, અને એ ન જુઓ કે આપનાથી ઉપર કોણ છે, તમારા માટે બેહતર છે કે તમે ખુદાની નેઅમતોને તુચ્છ ન જાણો.'' *(સહીહ બુખારી, કિતાબુઝ્ઝુહદ, હદીષ–૫૩૭૬)*

## ★ આખેરતમાં જવાબ આપવા વિશે એહસાસ ★

એ સૌના ઉપરાંત એક જરૂરી વાત એ કે મૃત્યુ બાદ ઝિંદા થવું, અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની સમક્ષ હાજરી, હિસાબ તથા પૂછતાછનો એહસાસ દિલમાં અંકિત રહે તથા દિમાગમાં તાજો રહે, અને કુર્આન હદીષમાં વર્ણવવામાં આવેલી નેઅમતોથી ભરેલી જન્નત રંજો ગમથી પાક અને ખુશી બખ્શનારી જિંદગી, તથા જહન્નમની ભયાનક્તાઓ અને ત્યાંની અતિશય તકલીફો ભરી તે બેઈજ્જતીભરી જિંદગીનાં દશ્યો સામે રહે તો કોઈ પણ બુરાઈ તથા ગુનોહ (ચાહે એનો સંબંધ તકાષુરથી હોય અથવા કોઈ અન્ય બુરા કામથી)ના કામની તરફ ઉઠતા ક઼દમ રોકાય જશે, અને નેકીઓની તરફ ક઼દમ ઝડપથી વધનારા થઈ જશે. આ હકીક઼ત એ આયતો પર નજર નાખવાથી ખુલીને સામે આવી જાય છે જેમાં કોઈ વાત કે કામનો હુકમ આપવા અથવા બુરાઈથી દૂર રહેવા અથવા ગુનાહના કોઈ કામથી દૂર રહેવાની હિદાયતના બાદ તુરત જ એક દિવસ મોતની હાલતથી બીજીવાર ઉઠાડવામાં આવવાની, અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની સમક્ષ હાજર થવાની, અમલોના બારામાં પૂછતાછ થવાની, જમણા કે ડાબા હાથમાં આમાલનામુ આપવામાં આવવાની અને પછી તેના મુજબ જઝા (બદલો) અથવા સજા, જન્નત નસીબ થવાનું કે જહન્નમમાં ફેંકવામાં આવવાનુ બયાન મળે છે. હક઼ીક઼ત એ છે કે આખેરતની જિંદગી પર ઈમાન અને તેમાં ઉપસ્થિત થનારી હાલતો દિમાગમાં તાજી રાખવું એક તરફ નેક અમલો માટે જબરદસ્ત ઉદ્દીપક બને છે, તો બીજી તરફ બુરાઈઓ તથા ગુનાહની વાતો તથા કામોથી દૂર રાખવા માટે ખૂબ જ અસરકારક સાબિત થાય છે. અલ્લાહ કરે આપણને સૌને આ હક઼ીક઼તો સમજવા તથા દરરોજની જિંદગીમાં એનાથી કામ લેવાની તૌફીક નસીબ થાય. આમીન

*(સુન્ની દા'વતે ઈસ્લામી, મુંબઈ–ફેબ્રુઆરી–૨૦૨૪)*

## દયાદરામાં ઈસ્તિકબાલે રમઝાનનો પ્રોગામ

તા. ૧૦–૩–૨૦૨૪ રવિવારના રોજ મુખ્તારુલ મસાજિદ દયાદરા ખાતે અસરની નમાઝ બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના હફતાવારી ઈજતેમામાં ''ઈસ્તિકબાલે રમઝાન''નો પ્રોગ્રામ થયો જેમાં ફાઝિલે નવજવાન, હઝરત મુફ્તી સલીમ મિસ્બાહી (પીપળીયાવાળા)એ રમઝાનના, રોઝાના મસાઈલ સમજાવતુ શાનદાર બયાન કર્યું હતું. અને ટૂંક સમયમાં ભરપુર માહિતી રોઝા સંબંધી પૂરી પાડી હતી.

## જશ્ને દસ્તારબંદી

**ભરૂચ** : "દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ" ખાતે તા. ૨૩–૦૨–૨૦૨૪ જુમ્આના રોજ ઈશાની નમાઝ બાદ ઈદારામાંથી ફારિગ થનાર ૨–આલિમ, ૨–કારી તથા ૭–હાફિઝોની દસ્તારબંદીનો જશ્ન રાખવામાં આવ્યો જેની સદારત ખૈરુલ અઝકિયા, સદરુલ ઉલમા, ઉમ્દતુલ મોહક્કિક઼ીન હઝરત અલ્લાહ મુહમ્મદ અહમદ મિસ્બાહી (માજી પ્રિન્સિપાલ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર) સાહબે નિભાવી. શરૂઆતમાં દારુલ ઉલૂમના તલબાએ કિરાઅત, નઅત તથા અરબી ઉર્દૂમાં શાનદાર બયાનો કર્યાં હતાં છેવટે મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ઈલ્મે દીનની ફઝીલત અને ઈલ્મે દીન સહીહુલ અક઼ીદાથી શીખવા સંબંધે શાનદાર બયાન કર્યું હતું. ત્યાર બાદ મિસ્બાહી સાહબે ટૂંકમાં પણ જામેઅ કલિમાત વડે હાજરજનોને અસરકારક નસીહતો કરી હતી. છેવટમાં ફારિગ થનાર તલબાની દસ્તારબંદી ઉલમાએ કિરામ, સાદાતે એઝામના મુબારક હાથો વડે કરવામાં આવી હતી.

## યૌમે ખાતૂને જન્નત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا

**દયાદરા** : ખાતે મુખ્તારુલ મસાજિદમાં તા. ૧૫–૩–૨૦૨૪ જુમ્આના રોજ અસરની નમાઝ બાદ હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہاની યાદમાં **"યૌમે ખાતૂને જન્નત"** رضی اللہ عنہا મનાવવામાં આવ્યો જેમાં અસર બાદ હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, જંબુસર)એ નબી પાક ﷺની ચહીતી બેટી આપ ﷺની લખ્તે જિગરની શાનમાં ઈમાન અફરોઝ બયાન કરી હાજરજનોના ઈમાનમાં તાજગી ભરી હતી.

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

❒ **દયાદરા** : ખાતે હજીયાણી નૂરજહાંબેન ઈકબાલ છીપાનો ઈન્તેક઼ાલ જુમ્આના રોજ તા. ૨૩–૦૨–૨૦૨૪ મુ.તા. ૧૨ શાબાનુલ મોઅઝ્ઝમ હિ.સ. ૧૪૪૫ના થયો. સવારે નવ વાગે દફનવિધિ કરવામાં આવી.

❒ **દયાદરા** : ખાતે અહમદભાઈ આદમ બાપાલાલનો તા. ૨૫–૦૨–૨૦૨૪ રવિવારના રોજ મુ.તા. ૧૫ શાબાન હિ.સ. ૧૪૪૫ના ઈન્તેક઼ાલ થયો. દફનવિધિ સવારે નવ વાગે કરવામાં આવી.

❒ **દયાદરા** : ખાતે તા. ૨૭–૦૨–૨૦૨૪, મુ.તા. ૧૬ શાબાન હિ.સ. ૧૪૪૫ મંગળવારના રોજ ઈબ્રાહીમ અહમદ દિવાન (ઐયૂબભાઈ મોઅઝ્ઝિનના વાલિદ સાહબ)નો ઈન્તેકાલ થયો ઝહોરની નમાઝ બાદ દફનવિધિ થઈ હતી.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*